Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યેરવડાના અનુભવ

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CHECKED 1973
Initial

१६५०४
23.6.82

६३ ग
३

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

ગ્રાહકોને ૦—૪—૦
છુટક ૦—૧૨—૦

સં. ૧૯૮૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક:
વેણીલાલ છગનલાલ ખૂચ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

[મૂળ અંગ્રેજી ઉપરથી]

આવૃત્તિ ૧ લી
પ્રત ૩૦૦૦

ઈ. સ. ૧૯૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

ગાંધીજીએ 'યંગ ઇન્ડિઆ' તથા 'નવજીવન'નું તંત્રીપદ ફરી હાથ ધર્યા બાદ પોતાના છેલ્લા જેલ-અનુભવોની જે લેખમાળા 'યંગ ઇન્ડિઆ'માં પ્રગટ કરી તે પુસ્તકના આકારમાં વાંચનારી આલમને આપતાં અમને આનંદ થાય છે. મૂળ લેખમાળા પૂરી થઇ છે એમ તો ન કહેવાય, પણ હાલ તુરત તે બંધ પડેલી હોવાથી આટલો ભાગ પુસ્તકરૂપે આપી દેવાનું દુરસ્ત ધાર્યું છે. વળી યેરવડા જેલમાં ગાંધીજીને જુદાજુદા સવાલો ઉપર સરકાર જોડે જે પત્રવહેવાર ચાલેલો અને જે એક નાની પ્રસ્તાવના સાથે ગાંધીજીએ છૂટ્યા બાદ તુરત પ્રગટ કરેલો, તે પણ આ પુસ્તકને છેડે 'પરિશિષ્ટ વિભાગ' તરીકે આપ્યો છે.

આમાંના બે લેખો શિવાયનું લખાણ 'નવજીવન' માં કટકે કટકે પ્રગટ થયું હતું.

અમે જણાવવાને દિલગીર છીએ કે નવજીવન પ્રકાશન મંદિર તરફથી રજૂ કરવામાં આવેલી સસ્તાં પુસ્તકો બહાર પાડવાને લગતી યોજનાને ગુજરાતમાં હજુ બહુ થોડો આવકાર મળ્યો છે. પરિણામે પ્રથમ ધાર્યું હતું તેટલી સસ્તી કિંમતે પુસ્તકોનો બહોળો પ્રચાર કરવાનું હજુ અમારાથી બની શક્યું નથી તથાપિ ઘટતો લોકાશ્રય મળતાં જ તેમ કરવાની અમારી ઉમેદ છે.

વ્યવસ્થાપક,
નવજીવન પ્રકાશન મંદિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંકળિયું

જાત્રા	૧
કેટલાક અમલદારો	૮
કેટલાંક ભયંકર પરિણામ	૧૪
'રાજદ્વારી' કેદીઓ	૨૧
સુધારાની શક્યતા	૨૮
ઉપવાસની શાસ્ત્રચર્ચા	૪૦
સત્યાગ્રહી કેદીની વર્તણૂક	૪૯
જેલનું અર્થશાસ્ત્ર	૫૫
કેટલાક કેદી વાર્ડરો	૬૦
,, (૨)	૬૮
,, (૩)	૭૩
મારૂં વાંચન	૮૦
,, (૨)	૯૧
,, (૩)	૯૯
પરિશિષ્ટ વિભાગ (પત્રવ્યહવાર)	૧૦૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેરવડાના અનુભવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

વાંચનાર જાણે છે કે હું રીઢો થએલો ગુન્હેગાર છું. ૧૯૨૨ ના માર્ચ મહિનામાં હું કેદમાં પૂરાયો તે કંઈ મારી જીંદગીમાં પહેલી વાર નહિ. દક્ષિણ આફ્રિકામાં ત્રણવાર હું ગુન્હેગાર ઠરી ચુકેલો હતો. અને દક્ષિણ આફ્રિકાની સરકાર તે વેળા મને એક જોખમકારક કેદી ગણતી હતી એટલે મને એક જેલથી બીજી જેલ એમ ફેરવવામાં આવ્યો હતો, અને તેથી જેલજીવનનો અનુભવ પણ મને ઘણો મળવા પામ્યો. હિન્દુસ્તાનમાં જેલમાં જતાં પહેલાં છ જેલનો હું અનુભવ લઇ ચુકયો હતો અને એટલા જ સુપરિન્ટેન્ડન્ટો અને એથી વધારે જેલરોના સંબન્ધમાં હું આવી ચુકયો હતો. એટલે દસમી માર્ચની સુંદર રાત્રે ભાઇ બૅકરની સાથે મને સાબરમતી જેલ લઈ જવામાં આવ્યો ત્યારે કોઈ નવો અને અણધાર્યો અનુભવ થતાં માણસને જે અડવું લાગે છે તેવું અડવું મને નહિ લાગ્યું. મને તો લગભગ એમ જ થયું કે પ્રેમની વધુ જીતો મેળવવા એક ઘર બદલી બીજે ઘેર હું જતો હતો.

જવાની તૈયારી તો જેલ જવાના કરતાં કોઈક ઉન્નણીએ જવાની તૈયારીના જેવી વધારે હતી. સજ્જન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મિ. હીલીએ આશ્રમમાં ન આવતાં અનસૂયાબહેનની સાથે સંદેશો મોકલ્યો કે તેઓ મને પકડવાનું વારંટ લઈ આશ્રમના દરવાજા આગળ મને મોટરમાં લઇ જવાને રાહ જોઇ બેઠા છે. તૈયાર થવા મારી મરજી મુજબ વખત લેવાનું પણ તેમણે મને કહેવડાવ્યું હતું. ભાઇ બૅંકરને તો અમદાવાદ પાછા જતાં રસ્તામાં જ મિ. હીલી મળ્યા એટલે ત્યાં જ તેમને પકડ્યા. અનસૂયાબહેને મને આપેલી ખબરને માટે હું તૈયાર જ હતો. સાચું કહું તો સૌ માનતાં હતાં કે વારંટ આવ્યામાં જ છે અને તેની સારી પેઠે રાહ જોઇ થાકીને જ સૌને સૂવાનું કહી દીધું હતું અને હુંયે તે જ તૈયારીમાં હતો. તે જ દિવસે સાંજે અજમેરથી કંટાળાભરેલી મુસાફરી કરી હું પાછો ફર્યો હતો. ત્યાં મને અતિશય વિશ્વાસપાત્ર ખબર મળી હતી કે અજમેર મને પકડવાને વારંટ મોકલવામાં જ આવ્યું હતું. પણ ત્યાંના અધિકારીઓ વારંટ બજાવતાં અટક્યા, કારણ જે દિવસે વારંટ અજમેર પહોંચ્યું તે જ દિવસે હું પાછો અમદાવાદ જવા નીકળ્યો હતો. એટલે આખરે વારંટની ખબર આવી તેથી અમે સૌ નચિંત થયા. મેં મારી સાથે એક વધારે કચ્છ, બે ધાબળા અને પાંચ પુસ્તકો-ભગવદ્‌ગીતા, આશ્રમભજનાવલિ, રામાયણ, કુરાનનું રૉડવેલનું ભાષાન્તર, અને કૅલીફોર્નિયાની એક નિશાળના વિદ્યાર્થીઓએ મને હમેશ મારી સાથે રાખવાની ઈચ્છા સાથે આપેલું ગિરિપ્રવચનનું પુસ્તક-લઈ લીધાં. સુપરિન્ટેન્ડન્ટ ખાનબહાદુર નસરવાનજી વાચ્છાએ અમને માયાળુપણે આવકાર આપ્યો અને એક વિશાળ સ્વચ્છ કમ્પાઉંડમાં આવેલા એક કોટડીઓના બ્લૉકમાં અમને લઈ જવામાં આવ્યા. અમને વરંડામાં સૂવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરવાનગી મળી. કેદીને માટે આ લાભ અસાધારણ જ કહેવાય. સ્થળની શાન્તિ અને સંપૂર્ણ નિઃશબ્દતા મને ગમી ગઇ.

બીજે દિવસે સવારે પ્રથમ તપાસ માટે અમને અદાલતમાં લઈ જવામાં આવ્યા. ભાઈ બૅકર અને મેં બંનેએ ઠરાવ કર્યો હતો કે કાંઇ પણ બચાવ ન કરવો, એટલું જ નહિ પણ સરકારના રસ્તામાં કંઇ વિઘ્ન નાંખવાને બદલે મદદ કરવી. એટલે પ્રથમ તપાસ ઝટ પૂરી થઇ. કેસ સેશન કમિટ થયો અને તરત જ સમન લેવાને માટે અમે તૈયાર હતા એટલે સુનાવણી ૧૮મી માર્ચે ઠરાવવામાં આવી. અમદાવાદના લોકો અવસરનું મહત્ત્વ સમજી ગયા હતા. ભાઇ વલ્લભભાઇ પટેલે કડક સૂચના બહાર પાડી હતી કે કોર્ટના મકાનની આસપાસ લોકોએ ટોળે થવું નહિ અને કોઈ પણ જાતનો શોરબકોર કે ધમાલ કરવી નહિ.એટલે કોર્ટના મકાનની અંદર અમુક ચુંટેલા પ્રેક્ષકો જ હતા. તેથી પોલીસને કશી મુશ્કેલી પડી નહિ. અને અધિકારીઓએ પણ આ સ્થિતિની યોગ્ય કદર કરી હતી એમ હું જોઇ શકેલો.

સુનાવણી પહેલાંનું એક અઠવાડિયું બહારથી આવનારા મિત્રોને મળવામાં જ ગયું. સામાન્ય રીતે સૌને મળવાની પરવાનગી હતી. વાંધાભરેલો ન હોય એવો પત્રવહેવાર સુપરિન્ટેન્ડન્ટની મારફત ચલાવવાની અમને રૂઢ હતી. જેલના તમામ નિયમો અમે રાજીખુશીથી પાળતા એટલે જેલઅમલદારો સાથે સાબરમતીમાં અમે સાત દિવસ રહ્યા તે દરમ્યાન તો કશો ચડભડાટ ન થયો, એટલું જ નહિ પણ પ્રેમસંબંધ રહ્યો. બાનણહાદુર વાચ્છાની કાળજી અને સભ્યતાનો તો પાર જ નહોતો. પણ દરેક બાબતમાં તેમનું ઉદારપોકપણું જણાયા વિના રહેતું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે હિંદુસ્તાનમાં જન્મ્યા તેમાં કાંઇ ગુન્હો કર્યો હોય એવું જ્યારે ત્યારે બતાવી આપતા તેઓ જણાતા, અને અનણપણે એવો આભાસ આપતા કે પોતે અંગ્રેજ હોત તો અમારે માટે તેઓ ઘણું કરી શક્યા હોત. હિન્દી હોઈ નિયમ પ્રમાણે પણ જેટલી છુટો આપી શકાય તેટલી આપતાં કલેક્ટર, જેલોના ઇન્સ્પેક્ટર જનરલ અને પોતાના કોઇ પણ ઉપરી હોય એવા દરેક અમલદારથી તે ડરેલા રહેતા. તે જાણતા હતા કે જે એક બાજુએ પોતે અને બીજી બાજુએ કલેક્ટર અથવા જેલોના ઇન્સ્પેક્ટર જનરલ હોય તો સેક્રેટેરીએટમાં પોતાને ટેકો આપનાર કોઈ જ ન મળે. પોતાના ઉતરતાપણાના ખ્યાલનું ભૂત તેમને પગલે પગલે પજવતું. જેલની બહાર જે અનુભવ થયો એ અનુભવ જેલમાં જઈને વધારે નહિ તો એટલો જ સાચો પડયો. કોઈ પણ હિન્દી અમલદાર પોતાની સ્વતંત્રતા જાળવવાનો જ નહિ—તેમ કરવાની તેનામાં શક્તિ નથી તે ખાતર નહિ, પણ હમેશાં બરતરફ થવાની, નહિ તો 'ડિગ્રેડ' થવાની ધાતક બીક તેનામાંથી નીકળી શકતી જ નથી. નોકરી જાળવી રાખીને પ્રમોશન મેળવવું હોય તો તેણે ખુશામત કરવાના જોખમે, સિદ્ધાન્તના ભોગે પણ પોતાના ઉપરીઓને રાજી રાખ્યે જ છૂટકો. સાબરમતીમાં જે ચિત્ર જોયેલું તેથી ભયંકર ઉલટું ચરોડા અમને લઈ જવામાં આવ્યા ત્યાં જોવાનું મળ્યું. ત્યાંના યૂરોપીઅન સુપરિન્ટેન્ડન્ટને જેલોના ઇન્સ્પેક્ટર જનરલની કશી બીક જ નહોતી. સેક્રેટેરીએટમાં પેલાના જેટલો જ એનો વગ ચાલે. કલેક્ટરને તો તે ગોલ્લા જેવો ગણતો. એના હિન્દી ઉપરીઓ તો તેના કશા હિસાબમાં નહોતા. એટલે જ્યારે પોતાની ફરજ બજાવવી હોય ત્યારે તે બજાવતાં તે ડરતો નહિ, અને ફરજ બજાવવી જ્યારે વસમી લાગે ત્યારે તેને ઉંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકતાં પણ પાછો હઠતો નહિ. તેને ખાતરી હતી કે સામાન્ય રીતે તેનો વાંકો વાળ કરનાર કોઇ નથી. નિર્ભયતાનું આ ભાન જુવાન યુરોપીઅન અમલદારોને ઘણીવાર લોકોના અથવા સરકારના વિરોધ છતાં કરવાની વસ્તુ કરાવી શકે છે; અને એ જ ભાનને લીધે તેણે અનેકવાર તમામ કરાવો ને હુકમોને ઉંચે મૂકી લોકમતને દઢમૂત કર્યો છે.

સુનાવણી અને સજા વિષે મારે કંઇ કહેવાનું રહેતું નથી, કારણ વાંચનાર એ વિષે સઘળું જાણે છે. માત્ર જજ અને ઍડવોકેટ જનરલ સુદ્ધાં સઘળા અમલદારોએ અમારા તરફ જે સજ્જનતા બતાવી તેનો ઉલ્લેખ કરવાની જરૂર છે. કોર્ટની અંદર અને કોર્ટની આસપાસ બહાર ભેળા થયેલા મૂઠીભર લોકોએ જે અદ્‌ભુત સંયમ બતાવ્યો હતો અને જે અપાર પ્રેમ દાખવ્યો હતો તે તો કદિ સ્મૃતિમાંથી ભૂંસાઈ શકે એમ નથી. છ વરસની સાદી કેદની સજાને મેં હલકી જ માની, કારણ ફોજદારી કાયદાની ૧૨૪ અ કલમ પ્રમાણેનું કાર્ય જો ખરેખર ગુન્હો જ ગણાય અને કાયદાનો વહીવટ કરનાર ન્યાયાધીશ તેને ગુન્હો ગણ્યા વિના ન રહી શકે તો તે કલમ પ્રમાણે વધારેમાં વધારે સજા કરવાનો તેને સંપૂર્ણ હક રહે. મારો ગુન્હો તો વારંવાર અને ઇરાદાપૂર્વક કરવામાં આવેલો હતો, તેમ છતાં મને જે હલકી સજા કરવામાં આવી તેનું કારણ તો ન્યાયાધીશે મારા પર દયા કરી એમ નહિ,—કારણ મેં દયા માગી નહોતી—પણ એ જ કારણ આપી શકું કે ૧૨૪ અ કલમ તેને પસંદ પડી નહિ હોય. એમુક કાયદાઓને વિષે પોતાનો અણગમો ઓછામાં ઓછી સજા કરીને દર્શાવનારા ઘણા ન્યાયાધીશો મેં જોયા છે; તેમણે ગુન્હો પૂરેપૂરો થયો હોય અથવા ઇચ્છાપૂર્વક થયો હોય તેનો વિચાર જ નથી કીધો. મારો ન્યાયાધીશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો મને ઓછી સજા આપે એ તેને બોજે એમ નહોતું, કારણ એ જ ગુનહાને મારે સ્વ૦ લોકમાન્યને છ વરસની સજા થઈ હતી.

સજા થઇ ગઈ કે પૂરેપૂરા સજા પામેલા કેદીઓ તરીકે અમને પાછા જેલમાં લઇ જવામાં આવ્યા, પણ અમારી પ્રત્યેના વર્તાવમાં કશો ફેર પડયો નહિ. કેટલાક મિત્રોને તો જેલ સૂધી આવવા દેવામાં આવ્યા હતા. જેલમાં વિદાય વગેરે ખૂબ આનંદથી થયું. મારી સ્ત્રી અને અનસૂયાબહેન બંનેએ મારાથી છૂટા પડતાં ઘણી હિંમત બતાવી. ભાઈ બૅંકર તો આખો વખત હસતા જ હતા. અને બધું આટલી બધી શાન્તિથી સાંગોપાંગ આટોપાઈ ગયું અને હવે કંઈક આરામ મળશે અને આરામ લેતાં છતાં દેશની સેવા પણ થશે એ લાગણીથી મને પણ નિરાંત વળી ને દેશને એક ખૂણેથી બીજે ખૂણે દોડાદોડ કરી મોટી સભાઓ ભરી જેટલી સેવા થાય છે તેના કરતાં જેલમાં વધારે સેવા થશે એમ મેં માન્યું. હું ઈચ્છું છું કે એક સાથીના જેલ જવાથી સામાન્ય કાર્યને તેટલું કામ કરનારની ખોટ જતી નથી એમ હું કાર્યકર્તાઓને સમજાવી શકું. આપણે ઘણીવાર એવી માન્યતા જાહેર કરી છે કે વિના કારણ ભોગવેલું દુઃખ જે અન્યાયને માટે તે ભોગવવામાં આવતું હોય તેના નિવારણ માટે અકસીરમાં અકસીર ઉપાય છે. એ માન્યતા જો આપણી કાયમ હોય તો તો પછી એક સાથીના જેલ જવાથી કશી ખોટ ગઈ નથી એમ આપણને પ્રતીત થવું જોઇએ. મર્યાદા અને નમ્રતાની સાથે સહન કરવામાં આવતા મૂંગા દુઃખના પડઘા જેટલા અસરકારક રીતે સંભળાય છે તેટલા બીજા કશાના નથી સંભળાતા. એ જ સંગીન કામ છે, કારણ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની કશી ધાંધલ નથી. એ જ હમેશાં સાચું છે. કારણ એમાં ખોટી ગણતરી રહેલી નથી. ઉપરાંત જે આપણે સાંચાકામ કરનાર હોઇએ તો એક સાથીના જવાથી આપણો ઉત્સાહ વધવો જોઈએ, અને તેથી આપણી કાર્યશક્તિ પણ વધવી જોઇએ. અને જ્યાં સૂધી આપણે અમુકની જગા તો પૂરવી અશક્ય જ છે એમ માનતા બંધ થયા નથી ત્યાં સૂધી વ્યવસ્થિત કાર્યને માટે આપણે લાયકાત નથી મેળવી. કારણ વ્યવસ્થિત કાર્ય એટલે સંઘમાં પડેલા ભંગાણમાં કાર્ય ચાલુ રાખવાની શક્તિ. એટલે મિત્રોને અથવા આપણને પોતાને નાહકનું દુઃખ આવી પડે તેમાં આપણે આનન્દ જ માનવો જોઇએ અને વિશ્વાસ રાખવો જોઇએ કે જે કાર્યને માટે આપણે દુઃખ વહોર્યું છે એ જો સાચું હશે તો આપણા દુઃખથી તે કાર્યને લાભ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

કેદલાઇ અમલદારો

૧૮ મી માર્ચ ને શનિવારે સુનાવણી પૂરી થઇ. સાબરમતી જેલમાં કાંઇ નહિ તો થોડાં અઠવાડિયાં સૂકી નિરાંતમાં વખત જશે એવી અમે આશા રાખી હતી. અમે એમ તો ધાર્યું જ હતું કે સરકાર લાંબો વખત અમને ત્યાં ને ત્યાં ન રહેવા દે, પણ અમને એકાએક ખસેડવામાં આવ્યા તેને માટે તો અમે તૈયાર ન હતા. વાચકને યાદ હશે કે તા. ૨૦મી માર્ચ ને સોમવારે અમને એક સ્પેશ્યલ ટ્રેન પર લઈ જવામાં આવ્યા, જે અમને યરોડા જેલ લઈ જવાને માટે રાખવામાં આવી હતી. સાબરમતીથી અમને ખસેડવાના છે એ વાતની ખબર અમને નીકળતા પહેલાં એક કલાક આગમચ જ આપવામાં આવી. જે અમલદારના હવાલામાં અમે હતા તેનામાં સભ્યતાનો પાર નહોતો અને આખી મુસાફરીમાં તેણે અમને કશી અગવડ પડવા દીધી નહિ. પણ ખડકી સ્ટેશન ઉપર પગ મૂકતાંની સાથે જ અમે ફેરફાર અનુભવ્યો અને ગમે તેમ પણ અમે કેદીઓ છીએ એવું અમને માલુમ પાડવામાં આવ્યું. કલેક્ટર બીજા બે જણ સાથે ગાડીની રાહ જોઇને ઉભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. અમને કેદીઓને માટેની મોટર-વાનમાં બેસાડવામાં આવ્યા. આ મોટરની બાજુઓ પર હવાને માટે કાણાં હતાં, અને તે ભૂંડી ભૂખ જેવી દેખાતી ન હોત તો તેને એક પરદા-મોટર કહી શકાય એવી તે હતી; કારણ બહારનું અમે કશું જોઈ શકતા ન હતા.

જેલમાં અમારો સત્કાર કેવો થયો, ભાઈ બૅકરને મારી પાસેથી કેવી રીતે બસેડવામાં આવ્યા, તે પાછા કેવી રીતે મળ્યા, મારી પ્રથમ મુલાકાત અને બીજી રમુજી વિગતો માટે તો આ પત્રમાં અગાઉ પ્રસિદ્ધ થએલો હકીમ અજમલખાનને લખેલો મારો પત્ર જોવાની હું વાચકને ભલામણ કરું છું. કડવા પ્રસંગો ઓછા થતા ગયા અને તે વેળાના સુપરિન્ટેન્ડન્ટ કર્નલ ડીયલ અને અમારી વચ્ચેનો સંબંધ ઊપાટાણબંધ સુધરવા લાગ્યો. અમારા શરીરની હાજતો માટે તે બહુ કાળજી રાખતો. પણ તેનામાં કંઈક એવું હતું કે જે હમેશાં સામાને ખૂંચ્યા વિના રહેવું નહિ. પોતે સુપરિન્ટેન્ડન્ટ છે અને અમે કેદીઓ છીએ એ વાત તેના મનમાંથી કદિ નીકળી શકતી નહોતી. અમે કેદી છીએ અને તે સુપરિન્ટેન્ડન્ટ છે એનું અમને સંપૂર્ણ ભાન હતું, એમ માની લેવાને તે તૈયાર નહોતો. હું હિંમતથી કહું છું કે અમે કેદી છીએ એવું ભાન કોઈ પણ ક્ષણે અમે ભૂલ્યા નહોતા. તેના હોદ્દાને ઘટતું માન અમે તેને આપતા, એટલે તેના હોદ્દાનો અમને તે ફરીફરી ખ્યાલ કરાવતો હતો તે નકામું હતું. પણ અનેક બ્રિટિશ અમલદારોમાં જે નાહકનું તુમાખીપણું જોઈને માણસને દુઃખ થાય છે તે તેનામાં હતું. તેની આ નબળાઈને લીધે કેદીઓ તરફ તેને અવિશ્વાસ રહેતો.

મારું કહેવું વિશેષ સ્પષ્ટ કરવાને એક રમુજી દાખલો આપું. હું સામાન્ય રીતે ખાતો એના કરતાં મારે વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવું જોઈએ એ વિષે તેને અતિશય ચિન્તા હતી. હું માખણ ખાઉં એમ તે ઇચ્છતો હતો. મેં તેને કહ્યું કે મારાથી માત્ર બકરીના દૂધનું જ માખણ લઇ શકાય. તેણે ખાસ હુકમ કર્યો કે બકરીનું માખણ તાજેતાજું મંગાવવું જોઇએ. અને તે આવ્યું. પણ તે શેની સાથે લેવું એ પ્રશ્ન હતો. મેં કહ્યું કે મને થોડો લોટ આપો. તે આપવામાં આવ્યો. પણ તે એટલો બધો જાડો હતો કે મારે પચાવવો મુશ્કેલ થઇ પડે. ઝીણો લોટ મંગાવવાનો હુકમ થયો, અને મને ૨૦ રતલ આપવામાં આવ્યો. આ બધો લોટ લઈ મારે કરવું શું ? હું અથવા ભાઈ બૅકર મારે માટે રોટલી બનાવતા. થોડા વખત પછી મને લાગ્યું કે નથી લોટની જરૂર કે નથી માખણની. એટલે મેં કહ્યું કે લોટ લઇ જાઓ અને માખણ બંધ કરો. પણ કર્નલ ડીયલ સાંભળે જ શેના ? જે આપવામાં આવ્યું તે અપાઈ ગયું. કદાચ પાછળથી મને ખાવાનું મન થાય. મેં કહ્યું જાહેર પૈસો આમ નકામો વેડફાય છે. મેં ધીરે રહીને સમજાવ્યું કે જેટલી મને મારા પૈસાની ચિન્તા હોય એટલી જ જાહેરના પૈસાની છે. તેણે અવિશ્વાસભર્યું સ્મિત કર્યું એટલે મેં કહ્યું, "ખરે જ એ મારો પૈસો છે." ચટ દઇને તેણે જવાબ આપ્યો, "સરકારી તીજોરીમાં તમે શો ફાળો આપ્યો છે ?" મેં નમ્રતાથી જવાબ આપ્યો, "તમે સરકારની પાસેથી પગાર લો છો તેમાંથી થોડા ટકા તીજોરીમાં આપો છો, જ્યારે હું તો મારી આખી જાત આપું છું. મારી મહેનત, મારી બુદ્ધિ, મારું સર્વસ્વ." તેણે ખટખટાટ સૂચક હાસ્ય કર્યું. પણ હું તેથી ભોંઠો પડ્યો નહિ. કારણ મેં જે કહ્યું તે હું સાચોસાચ માનતો હતો. મોટા બાદશાહી મહેલો ઉપરાંત મહિને વીસ હજાર રૂપીયા મેળવનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઇસરાય, તેનો પગાર આવકવેરાથી મુક્ત ન હોય તો આવકના થોડા ભાગ જેટલો કર ભરી સરકારને જેટલા પૈસા આપે છે તેના કરતાં માત્ર પેટીયું મેળવી સરકારને માટે મજૂરી કરનાર મારા જેવો મજૂર સરકારને વધારે ફાળો આપે છે. લાખો મજૂરો મજૂરી કરે છે તેથી જ વાઇસરાયને, અને જે તન્ત્રનો તે મુખી છે તે તન્ત્રના બીજા ચાલકોને તેમના પગાર મળી શકે છે. અને છતાં ઘણા અંગ્રેજો અને ઘણા હિન્દી પ્રામાણિકપણે માને છે કે તેઓ મજૂરોના કરતાં સરકારની—'સરકાર' શબ્દની તેઓ ગમે તે વ્યાખ્યા કરતા હોય—વધારે સેવા કરે છે અને તે ઉપરાંત ખુદ તેમના મહેનતાણામાંથી સરકારને નભાવવા માટે અમુક હિસ્સો આપે છે. પોતાના પુણ્યશાળીપણાની આ આધુનિક માન્યતાના કરતાં બીજી વધારે કઢંગી ભૂલ અથવા વધારે બેહૂદો દાવો ભાગ્યે જ થયો હશે.

પણ પાછા પેલા બહાદુર કર્નલ તરફ વળીએ. કર્નલ ડીયલના ગર્વિષ્ટ અવિશ્વાસનો મેં જાણીજોઇને સરસમાં સરસ નમૂનો આપ્યો છે. વાચકના મનમાં આવશે ખરું કે એ આટો મારે કર્નલ ડીયલ ગયા ને તેની જગાએ મેજર જોન્સ આવ્યા ત્યાં સૂધી સાચવી રાખવો પડયો હતો? કર્નલ ડીયલની જેલોના કામચલાઉ ઈન્સ્પેક્ટર જનરલ તરીકે બદલી થઇ હતી.

મેજર જોન્સ કર્નલ ડીયલથી તદ્દન ઉલટા જ. જેલમાં આવ્યા તે દિવસથી જ તેઓ કેદીઓના મિત્ર થયા. અમારા પહેલા મેળાપનું મને તાદેશ સ્મરણ છે. કર્નલ ડીયલની સાથે ઘટતા દમામ સહિત તેઓ આવેલા. પણ તેમનામાં રહેલો અમલદારપણાનો સંપૂર્ણ અભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાનાં હૈયાંને ઠંડાં કરી દે એવો હતો. તેમણે મને મિત્રતાથી બોલાવ્યો અને સાબરમતી જેલના મારા સાથી-ઓ વિષે વાત કરી મને કહ્યું કે તેમણે તમને સલામ કહેવડાવી છે. નિયમના દૃઢ આગ્રહી છતાં તે પોતાની મોટપનો કદિ દેખાવ ન કરતા. હજી સૂધી કોઇ પણ યૂરોપીય કે હિન્દી અમલદાર મને એવો નથી મળ્યો કે જે દંભથી અને પ્રતિષ્ઠા ને મોટાઇના ઓટા ખ્યાલથી મેજર જેન્સના જેટલો મુક્ત હોય. પોતાની ભૂલ કબૂલ કરવાને તે તૈયાર રહેતા. સરકારી અમલદારોમાં આ જોખમકારક ટેવ ક્વચિત જ જોવામાં આવે છે. એકવાર તેમણે કોઇ રાજદ્વારી કેદીને નહિ પણ એક નિરાધાર સાચેસાચા ગુન્હેગારને સન્ત કરી. પાછળથી તેમને લાગ્યું કે સન્ત અઘટિત હતી. લાગલા જ અને બહારના કોઇ પણ દબાણ વિના તેમણે તે રદ કરી અને કેદીની કારકીર્દીની ટિકીટમાં નીચેનો નોંધવાલાયક શેરો કર્યોઃ "મારા નિર્ણય માટે મને પશ્ચાત્તાપ થાય છે." કેદીઓ સુપરિન્ટેન્ડન્ટોને નાનકડાં ઉપનામ આપી કેવી આશ્ચર્યકારક રીતે તેમના સ્વભાવનું સાચું વર્ણન કરી દે છે ! મેજર જેન્સ 'બહોત ભલા' કહેવાતા હતા. દરેક અમલદારને ઉપનામ મળેલાં જ હતાં.

પણ આટો અને બાવાના બીજા નકામા પદાર્થો સાચવી રાખવાની વાત પૂરી કરી દઉં. મેજર જેન્સ તપાસ કરવાને આવ્યા તે જ દિવસે મેં તેમને વિનંતિ કરી કે મારે જે જોઇતું નથી તે મને ન આપવામાં આવે. તરત જ તેમણે મારી વિનંતિનો અમલ કરવાનો હુકમ આપ્યો. કર્નલ ડીયલને મારા હેતુઓ વિષે અવિશ્વાસ હતો; પણ મેજર જેન્સે મારો શબ્દેશબ્દ સાચો માની કરકસરની ખાતર હું જેટલા ફેરફાર કરવા માગું તે કરવા દીધા, અને કદિ શંકા પણ ન કરી કે મારા મનમાં કંઈ મેલ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બીજા જે અમલદારના સંબન્ધમાં અમે શરૂ-આતમાં આવ્યા તે જેલોના ઈન્સ્પેક્ટર જનરલ હતા. તેઓ અક્કડ, હા અને ના કરતાં વધારે શબ્દ બોલવાની તસ્દી ન લેનાર અને સામાને કરડા લાગે એવા હતા. અતડાપણું તો તે પોતાનું જ કહેવડાવે, અને બિચારા કેદીઓ તેનાથી ત્રાસેલા રહેતા. ઘણાખરા અમલદારો કલ્પનાશૂન્ય હોવાને લીધે ઘણીવાર ઈરાદા વિના અન્યાય કરી દે છે. તેઓ બીજી બાજુ જોવાની ના પાડે છે. કેદીઓને ધીરજથી સાંભળવાના નહિ, તેમની પાસે સીધા સંબદ્ધ જવાબની આશા રાખે, અને તેવા જવાબ ન મળે એટલે ઓઠા હુકમ કરે. એટલે આ ઈન્સ્પેક્ટરની મુલાકાત ઘણીવાર ફારસ જેવી હોય છે, અને લગભગ બધીવાર તેમની તપાસને પરિણામે અયોગ્ય માણસને એટલે પતરાજખોર અથવા ખુશામતખોરને જ લાભ થાય છે. યોગ્ય માણસને–ઓછાબોલા ગરીબડા કેદીને તો કોઇ સાંભળવાનું જ નહિ. અરે, ઘણાખરા અમલદારો તો નિખાલસપણે કબૂલ કરે છે કે તેમની ફરજ કેદખાનાં સ્વચ્છ અને રોગરહિત રાખવાં, કેદીઓને એકબીજા સાથે લડતા અટકાવવા, અથવા તેમને ભાગી જતા રોકવા, અને તેમને નીરોગ રાખવા, ઉપરાંત કશી જ નથી.

આ મનોદશાનું દુઃખદાયક પરિણામ આવતા પ્રકરણ-માં જ તપાસી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

કેટલાંક ભયંકર પરિણામ

જેલના અમલદારો માને છે કે કેદીઓના આરોગ્યની સંભાળ રાખવી અને તેમને માંહોમાંહે લડતા કે નાસી છૂટતા અટકાવવા એટલેથી જ પોતાની ફરજ પૂરી થાય છે. અમલદારોની આ માન્યતાનાં જે પરિણામ આવ્યાં છે તેની ચર્ચા હું આ પ્રકરણમાં કરવા ધારું છું. જેલો એ સારી કે નબળી વ્યવસ્થાવાળી ઠોર પૂરવાની ઓકા છે એમ કહું તો તેમાં અતિશયોક્તિ નથી. જે સુપરિન્ટેન્ડન્ટ કેદીઓને સારો ખોરાક આપે છે અને વગર કારણે શિક્ષા કરતો નથી તે સરકારની તેમજ કેદીઓની બંનેની નજરમાં આદર્શ સુપરિન્ટેન્ડન્ટ ગણાય છે. બંનેમાંથી એક પક્ષ એથી વધારેની આશા રાખતો જ નથી. જો કોઈ સુપરિન્ટેન્ડન્ટ કેદીઓ સાથેના પોતાના વહેવારમાં કંઈક માણસાઈ વાપરવા જાય તો કેદીઓમાં તેને વિષે ગેરસમજ થવાનો પૂરો સંભવ; અને સરકાર પણ એને અવહેવારૂ કે તેથી પણ નપાવટ ગણી તેનો અણવિશ્વાસ આણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા વાતાવરણમાં જો જેલો દુર્ગુણ અને દુર્ગતિના અખાડા ન બને તો બીજું શું થાય? કેદીઓ અહીં રહીને સુધરવાની તો વાત જ શી કરવી? મોટે ભાગે તેઓ અગાઉના કરતાં વધુ બૂરા બને છે. મને લાગે છે કે આખી દુનિયાભર જેલ એ એક એવી જાહેર સંસ્થા છે કે જેની તરફ પ્રજા સૌથી વધારે દુર્લક્ષ કરે છે. પરિણામે જેલોના વહીવટ ઉપર જાહેર પ્રજાનો કશો જ અંકુશ રહેતો નથી. જ્યારે કોઈ કંઈક જાણીતો રાજદ્વારી કેદી જેલમાં પૂરાય છે ત્યારે જ પ્રજાને જેલની દીવાલો પાછળ શું બને છે તે જાણવાનું કુતૂહલ થાય છે.

કેદીઓનું વર્ગીકરણ કેવળ જેલવહીવટની સગવડની દૃષ્ટિએ કરવામાં આવે છે. કેદીની અનુકૂળતાનો કશો જ વિચાર કરવામાં આવતો નથી. દાખલા તરીકે રીઢા ગુન્હેગારોને અને જેમણે કોઈ નૈતિક ગુન્હો કર્યો નથી પણ જેઓ માત્ર કાયદેસર વર્તનમાં ચૂકી દાખલ જેલમાં આવ્યા છે, તેવાઓને એક જ વાડામાં, એક જ ભાગમાં, એટલું જ નહિ પણ એક જ બરાકમાં સુદ્ધાં રાખવામાં આવે છે! જૂની જૂની રહેણીકરણીવાળા ચાળીસ કે પચાસ કેદીઓને એક જ બરાકમાં રોજ રાત્રે બાર કલાક પૂરવામાં આવે એ સ્થિતિની કલ્પના કરી જુઓ. છાપ વાગી ચૂકેલી ટિકીટ ફરી વાપર્યાના ગુન્હા માટે સજા પામેલો એક કેદી આવા રીઢા અને ભયંકર ગણાતા કેદીઓ જોડે રાખવામાં આવેલો મારી જાણમાં છે. ખૂનીઓને, સ્ત્રીહરણના ગુન્હેગારોને, ચોરોને અને કેવળ બેરકાયદે વર્તન કર્યાના ગુન્હાઓ સારૂ જેલમાં આવેલા કેદીઓને જેલમાં ભેળા પૂરાએલા જોવા એ રોજનો બનાવ છે.

કેદીઓ પાસે જે કામો કરાવવામાં આવે છે તેમાં પણ કેટલાંક એવાં હોય છે કે જે ઘણાં માણસોએ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળીને કરવાં પડે, જેવાં કે પાણીના પંપ ચલાવવા. મજબૂત બાંધાના કેદીઓને જ આવાં કામો પર મેલાય. કેટલાક લાગણીપ્રધાન માણસોને આવી એક ટોળીમાં મૂકવામાં આવ્યા હતા. આવી ટોળીમાંના સામાન્ય કેદીઓ હાલતાં ને ચાલતાં એવી ભાષા વાપરે છે કે શિષ્ટ માણસના તો કાનના કીડા ખરે. હવે જો કે પેલા વાપરનારાઓને તો પોતાની ભાષામાં કશી અશ્લીલતા રહેલી છે એની ભાળ સરખી ન હોય, પણ લાગણીપ્રધાન માણસ તો પોતાની હાજરીમાં અશ્લીલ ભાષા વપરાતી સાંભળી બેચેન બની જાય એ દેખીતું છે. આવી ટોળીઓના ઉપર દેખરેખ કરવાને કેદી વાર્ડરો નીમેલા હોય છે. આ વાર્ડરોના મ્હોંમાંથી કેદીઓ ઉપર ગલીચમાં ગલીચ ગાળો હમેશાં વરસ્યાં કરે છે અને જો તેમનો પિત્તો બરાબર ઉકળ્યો હોય તો પોતાની પાસેના દંડુકાને પણ તેઓ નવરો રહેવા દેતા નથી. કહેવાની જરૂર નથી કે આ બન્ને સજાઓ કરવાની તેમને કશી જ સત્તા મળેલી નથી હોતી, એટલું જ નહિ પણ જેલના ઝનૂન મુજબ એ ચોખ્ખી ગેરકાયદે છે.

પણ જેલોમાં ગેરકાયદે થનારી વસ્તુઓની તો હું એક લાંબી ટીપ આપી શકું એમ છું. જેલના અધિકારીઓ આથી અજાણ્યા નથી હોતા, એટલું જ નહિ પણ કેટલીક વેળા તો તેઓ ઇરાદાપૂર્વક આંખ આડા કાન કરે છે. ઉપર કહી ગયો તે પેલો લાગણીપ્રધાન કેદી ગલીચ ભાષાનો સહવાસ બરદાસ કરી શકયો નહિ તેથી તેણે એવી ભાષા વપરાતી બંધ ન થાય ત્યાં સુધી પોતાનું કામ કરવા ના પાડી. સદ્‌ભાગ્યે મેજર જોન્સે વચમાં પડીને તાબડતોબ બંદોબસ્ત કર્યો, નહિ તો મોટી કફોડી સ્થિતિ ઉભી થાત.

પણ એ પરિણામ ક્ષણજીવી હતું. મેજર જોન્સની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે એવું ફરીથી ન બનવા પામે એવી અસરકારક અટકાયત કરવાનું કંઈ જ સાધન નહોતું. કારણ જ્યાં સુધી કેદીઓનું વર્ગીકરણ તેમના નૈતિક દરજ્જાનો અગર તો માણસ તરીકેની તેમની અનુકૂળતાઓનો વિચાર ન કરતાં કેવળ જેલવહીવટની અનુકૂળતાનો જ વિચાર કરીને કરવામાં આવે ત્યાં સુધી એ સ્થિતિ ચાલુ જ રહેવાની.

આપણને તો એમ થાય કે જેલમાં જ્યાં એકેએક કેદી પર રાતદિવસ ચોકી પહેરા રહે છે અને જ્યાં કેદી કદિ વાર્ડરની નજર બહાર નથી રહી શકતો, ત્યાં તો ગુન્હા બને જ કેવી રીતે ? પણ દુર્ભાગ્યે કલ્પનામાં આવી શકે એવો નીતિ વિરુદ્ધનો એકેએક ગુન્હો ત્યાં થવો શક્ય છે, એટલું જ નહિ પણ થાય છે, અને મોટે ભાગે ગુન્હો કરનારનો કોઈ હાથ ઝાલતું નથી ! નાની નાની ચોરીઓ, છેતરપીંડીઓ અને નાના મોટા હુમલાઓને તો હું ગણતો જ નથી, પણ હું તો સૃષ્ટિક્રમવિરુદ્ધ કર્મના ગુન્હાઓની વાત કરવા માગું છું.

આની વિગતો આપીને તો હું વાચકને આઘાત ન જ પહોંચાડું. મેં જેલના ઘણા અનુભવ લીધા છે, છતાં હું નહોતો માનતો કે જેલોમાં આવા ગુન્હા બનતા હશે પણ યરોડાના અનુભવે મને એક કરતાં વધારે દુઃખદાયક આઘાત પહોંચાડ્યા. સૃષ્ટિક્રમવિરુદ્ધ કર્મના ગુન્હાઓ હસ્તી ધરાવે છે એ શોધથી મને મોટામાં મોટો આઘાત થએલો. એ ગુન્હાઓ વિષે વાત કરતાં બધા અમલદારોએ મને કહ્યું છે કે હાલની જેલો ચલાવવાની પદ્ધતિ હેઠળ એ ગુન્હાઓને અટકાવવા અશક્ય છે. એ વાતથી વાચકને હું વાકેફ કરી દઉં કે આવા ગુન્હાઓના દાખલામાં જેના ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કુકર્મ કરવામાં આવે તે શબ્દ લગભગ હમેશાં નાકબૂલ હોય છે અને મારો ઑફિસ અભિપ્રાય છે કે જેલોના વહીવટમાં જે માણસાઇનું તત્ત્વ દાખલ કરવામાં આવે અને જેલોના વહીવટ જોડે પ્રજાનો સંબંધ ચાલૂ થાય તો એવા ગુન્હા જરૂર અટકાવી શકાય. હિંદુસ્તાનની જેલોમાં આશરે ચાર લાખ કેદી વસે છે. આ કેદીઓ એકવાર જેલોમાં જઈ પૂરાયા પછી તેમનું શું થાય છે એની ખબર રાખવી એ પ્રજાના કાર્યકર્તાઓનું કામ ગણાવું જોઇએ. ગુન્હેગારને કરવામાં આવતી સજા પાછળ આખરે તો તેને સુધારવાનો જ હેતુ રહેલો છે. સામાન્ય માન્યતા એ છે કે ધારાસભા, ન્યાયાધીશ અને જેલર ગુન્હેગારને સજા કરવામાં એવી આશા રાખે છે કે ગુન્હેગારને એ સજાઓથી ખમવી પડતી શારીરિક અને માનસિક ઈજાઓ જ માત્ર નહિ પણ જેલમાં પૂરાઇને સગાં સમાજથી લાંબો વખત વિખૂટા પડી રહેવાને પરિણામે જે પશ્ચાત્તાપ થયા વિના ન રહે તે પશ્ચાત્તાપ પણ ગુન્હેગારને ફરી ગુન્હો કરતાં અટકાવશે. પણ વસ્તુ-સ્થિતિ એ છે કે સજાઓ ભોગવીને તો કેદીઓની પશુતા ઉલટી વધે છે. જેલમાં તેમને પશ્ચાત્તાપ કરવાની કે સુધરવાની તક કદિ આપવામાં આવતી નથી. માણસાઈ જેવું કશું હોવું જ નથી. હા, શોભાના ધર્મોપદેશકો અઠવાડિયે એકવાર મુલાકાત દઇ જાય છે ખરા. આવી કોઇ સભામાં મને હાજર રહેવા દેવામાં આવ્યો ન હતો પણ હું એટલું જાણું છું કે એ સભાઓ મોટે ભાગે જૂઠાં બોલતિંગ હોય છે. ઉપદેશકો બોલતિંગ કરનારા હોય છે એવું સૂચવવાનો મારો ઉદ્દેશ નથી, પણ જે લોકોને સાધારણ રીતે ગુન્હા કરવામાં કશું અજુગતું નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતું તેવાઓ ઉપર અઠવાડિયે એકવાર થોડીક મિનિટ ધાર્મિક પ્રાર્થના કે પ્રવચન થાય એની શી અસર થવાની હતી? એવું અનુકૂળ વાતાવરણ ઉભું કરવાની જરૂર છે કે જેમાં રહીને કેદી અન્યાયતાં જ બૂરી ટેવો છોડીને સારી ટેવો ગ્રહણ કરતો થઇ જાય.

પણ જ્યાં સુધી ભારે જવાબદારીનાં કામ કેદીઓ મારફત કરાવવાની પદ્ધતિ ચાલુ રહે ત્યાં સુધી આવું વાતાવરણ ઉત્પન્ન થવું અશકય છે. કેદીઓને હોદ્દેદાર નીમવાની પ્રથા તો વળી સૌથી વધારે ભૂંડી છે. આવા હોદ્દેદાર થનારા લોકો હમેશાં લાંબી મુદતના કેદીઓ જ હોય છે, એટલે તેઓ ઘણા ગંભીર ગુન્હા કરીને જ આવેલા હોય. સાધારણ રીતે ગુંડા અને બલમજોર કેદીઓને જ પહેરેગીર તરીકે પસંદ કરવામાં આવે છે. આ લોકો સૌથી વધારે ધુસણીઆ હોય છે, અને તેથી આગળ આવવામાં ફાવે છે. જેલમાં જે જે ગુન્હા બને છે તે બધામાં લગભગ તેઓનો હિસ્સો હોય છે. એક વેળા બે પહેરેગીરોના સૃષ્ટિક્રમવિરુદ્ધ કર્મનો શિકાર બનેલા એક કેદીને ખાતર મારામારી થએલી, જેમાંથી એક મરણ પણ નીપજેલું; જેલમાં તે ઘડીએ શું ચાલી રહ્યું હતું એની બધાયને ખબર હતી, પણ અધિકારીઓએ દરમ્યાનગીરી કરેલી તે માત્ર વધુ ઝગડો અને રક્તપાત થતો અટકાવવા પૂરતી જ.

બીજા કેદીઓએ કયું કામ કરવું એની ભલામણ કરનારા પણ આ જ કેદી અમલદારો હોય છે. તેઓ જ એ કામ ઉપર દેખરેખ રાખે છે, અને તેમને સોંપવામાં આવેલા કેદીઓની સારી ચાલચલગતની જવાબદારી પણ તેમના પર જ હોય છે. ખરૂં જોતાં જેલઅમલદારોની ઈચ્છાની સૂનાવણી અને તેનું પાલન, આ અમલદારીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાયરીએ ચડાવેલા કેદીઓની મારફતે જ કરાવવામાં આવે છે. આવી વહીવટપદ્ધતિ હેઠળ આથી વિશેષ સરેા ન જણાયેા એ જ નવાઇ છે. આથી ફરી એકવાર મારી ખાત્રી થઇ કે જ્યાં પદ્ધતિ દુષ્ટ છે ત્યાં માણસ એ પદ્ધતિથી જ જોરાવર બની એને પગ તળે કચડે છે અને સ્વચ્છંદે વર્તી શકે છે, જ્યારે સારી પદ્ધતિમાં એને હમેશાં પદ્ધતિને વશ થઇ નાના બનીને રહેવું પડે છે. પ્રાકૃત મનુષ્યેા સ્વાભાવિક રીતે જ વચલેા માર્ગ શેાધે છે.

રાંધવાનું તમામ કામ પણ કેદીઓને જ સેાંપવામાં આવે છે. આને લીધે રાંધવામાં બેદરકારી થવા ઉપરાંત વ્યવસ્થાપૂર્વક પક્ષપાત થાય છે. ધાન્ય દળવાનું, શાક સમારવાનું, રાંધવાનું અને પીરસવાનું બધુંયે કેદીઓ જ કરે છે. માપ કરતાં ઓછા અને કાચા રહેતા ખેારાક વિષે વારંવાર ફરિયાદેા કરવામાં આવતી, ત્યારે અમલદારેા તરફથી હમેશાં એક જ જવાબ મળતેા કે તમારે ખાવાનું તમે જાતે જ રાંધેા છેા એટલે એનેા ઉપાય પણ તમારા જ હાથમાં છે ! કેમ જાણે કેદીઓ એકબીજાના સગા હેાય ને પરસ્પરની જવાદારી સમજતા હેાય.

એકવાર જ્યારે હું ઉપલી દલીલને છેવટને પગથિયે લઇ ગયેા ત્યારે જવાબ મળ્યેા કે કેાઈ પણ જેલવહીવટમાં એવેા ખરચ કરવેા ન પેાસાય. આ વાટાઘાટની વખતે મેં મારેા મતભેદ દર્શાવેલેા, અને કુશળતાથી દેારેલી પદ્ધતિના અમલ નીચે જેલનેા વહીવટ જરૂર સ્વાશ્રયી થઈ શકે એ મારી માન્યતા વિશેષ અવલેાકનદ્વારા આજે વધારે દૃઢ થઇ છે. જેલવહીવટની આર્થિક બાજુ તપાસવા પાછળ એક પ્રકરણ લખવા હું ઉમેદ રાખું છું. અત્યારે તેા માત્ર એટલું જ કહીને સંતેાષ માનીશ, કે નૈતિક દુરાચારેાનેા વિચાર કરતી વેળા ખરચનેા પ્રશ્ન આગળ કરવેા એમાં ભાગ્યે જ કશી શેાભા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૨૧/૨૫

ગુરુકુલ કાંગડી

૪

'રાજદ્વારી' કેદીઓ

'રાજદ્વારી' અને બીજા કેદીઓની વચ્ચે અમે કશો ભેદ કરતા નથી; તમારે માટે એવો કંઈ ભેદ કરવામાં આવે એમ તો તમે ન ઇચ્છો ને?' ગયા વર્ષની આખરે સર જ્યૉર્જ લૉઈડ જ્યારે યરોડામાં આવ્યા તે વેળાનાં તેમનાં આ વચનો છે. 'રાજકીય' વિશેષણનો ભૂલથી મેં ઉપયોગ કરેલો તેના જવાબમાં તેઓ આમ બોલેલા. મારી ભૂલ થવી નહોતી જોઈતી, કારણ ગવર્નર સાહેબને એ શબ્દની સૂગ છે એ હું બરોબર જાણતો હતો. છતાં અન્યાય જેવી વાત છે કે અમારામાંના ઘણાખરાની ઇતિહાસની પત્રિકાઓ ઉપર 'રાજદ્વારી' એવો શબ્દ લખેલો હતો. આ વિચિત્રતા વિષે મેં જ્યારે ટીકા કરી ત્યારે તે વેળાના સુપરિન્ટેન્ડન્ટે મને કહેલું કે 'એ ભેદ ખાનગી છે અને કેવળ અધિકારીઓની જાણ માટે જ છે, કેદીઓને એ ભેદ વિચારમાં લેવાની જરૂર નથી, એના ઉપરથી તમને કશો હક નથી મળી શકતો.' સર જ્યૉર્જ લૉઇડનાં વચનો મને યાદ રહ્યાં છે તે પ્રમાણે શબ્દે શબ્દ મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર આપ્યાં છે. એ વચનમાં ડંખ છે, અને તે નાહકનો છે. કારણ તેમને ખબર હતી કે મારે તો કશી મહેરબાનીની કે કશા ભેદની ગરજ ન હતી. પ્રસંગવશાત્ આ વિષે સામાન્ય ચર્ચા થએલી પણ તેમનો કહેવાનો ભાવ એ હતો કે 'કાયદાની અને અધિકારીઓની દૃષ્ટિએ બીજાના કરતાં તમે કશાયે ચઢીઆતા નથી.' છતાં દુઃખની અને વિચિત્ર વાત એ છે કે એ ભેદનો કંઈ પણ કારણ વિના જ્યારે તત્ત્વદૃષ્ટિએ વિરોધ કરવામાં આવતો હતો ત્યારે વ્યવહારમાં તેનો અમલ થતો હતો. માત્ર ઘણેખરે પ્રસંગે એ ભેદનો અમલ રાજદ્વારી કેદીઓની વિરુદ્ધ જ થતો.

વસ્તુતઃ ભેદ ટાળવા એ અશક્ય છે. જો કેદી મનુષ્ય છે એમ ન ભૂલવામાં આવે તો તો કેદીની રહેણી સમજવાની અને કેદખાનામાં તેની જીંદગી તે રહેણી સાથે બંધબેસતી કરવાની જરૂર રહેશે. એ કંઈ ગરીબ અને તવંગર, શિક્ષિત અને અશિક્ષિત વચ્ચે ભેદ પાડવાનો સવાલ નથી, પણ જૂદા જૂદા સંજોગોથી તેમનામાં કેળવાએલી જુદી જુદી રહેણીનો એ સવાલ છે. આ સાચો ભેદ સહજભાવે સ્વીકારવાને બદલે કહેવામાં આવે છે કે ગુન્હો કરનારા માણસોએ સમજવું જોઇએ કે કાયદો કોઈની શરમ રાખતો નથી, અને તવંગર માણસ કે ઍન્જ્યુએટ કે મજુર ગમે તે ચોરી કરે તો પણ સૌ કાયદાની દૃષ્ટિએ સરખા છે. શુદ્ધ કાયદાનો આ અવળો અર્થ છે. જો કાયદો કશો ભેદ ન કરતો હોય તો દરેકની સાથે તેની સહનશક્તિ પ્રમાણે વર્તાવ થવો જોઈએ. નાજુક બાંધાના ચોરને ત્રીસ ફટકા મારવા અને સશક્તને પણ તેટલા જ મારવા એમાં નિષ્પક્ષ ન્યાય નથી; પણ નબળાની સામે વેર રહેલું હશે અને જબરાના તરફ કદાચ પક્ષપાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે. તે જ પ્રમાણે કઠણ જમીન ઉપર પાથરેલી કાથાની ખડબચડી સાદડી ઉપર પંડિત મોતીલાલજી જેવાને સુવાડવા એમાં સમાન વર્તાવ નથી રહેલો–વધારે સજા રહેલી છે.

કેદી મનુષ્ય છે એ વાતનો જેલના વહીવટમાં સ્વીકાર થાય તો કેદીને જેલમાં દાખલ કરતાં આજે જે સંસ્કાર થાય છે તેને બદલે જુદા જ થાય. અંગુઠાનાં નિશાન જરૂર લેવામાં આવે, અગાઉ કરેલા ગુન્હા બલે તેના નામ સામે નોંધવામાં આવે, પણ સાથે સાથે કેદીની ટેવો અને રહેણીકરણીની પણ વિગત નોંધાએલી હશે. જો અધિકારીઓ કેદીઓને મનુષ્ય સમજતા થાય તો તેમણે સ્વીકારવી જોઇતી પ્રથાને વર્ણવનાર શબ્દ 'ભેદ પાડવા' નહિ પણ 'વર્ગીકરણ' એ છે. અમુક પ્રકારનું વર્ગીકરણ તો આજે મોજુદ છે જ. દાખલા તરીકે કેટલાક 'સર્કલ'માં કેદીઓને લાંબી કોટડીઓમાં ટોળીબંધ રાખવામાં આવે છે વળી ભયંકર ગુન્હેગારોને માટે જુદી જુદી કોટડીઓ હોય છે, અને એકાંતકેદની સજાવાળાને માટે 'અંધારી કોટડીઓ' હોય છે, 'ફાંસી ખોલીઓ' હોય છે જેમાં ફાંસીને લાકડે ચડનારા કેદીઓને રાખવામાં આવે છે. અને આ ઉપરાંત કાચી કેદવાળાઓને માટે જૂદી કોટડીઓ હોય છે. વાચકને આશ્ચર્ય થશે કે રાજદ્વારી કેદીઓને ઘણાખરાને જૂદા વિભાગમાં અથવા 'અંધારી કોટડી'માં રાખવામાં આવતા હતા. કેટલાકને તો 'ફાંસી ખોલી'માં રાખવામાં આવતા હતા. પણ રખે હું અધિકારીઓને અન્યાય કરું. આ વિભાગો અને કોટડીઓની જેને ખબર નથી તેમને કદાચ લાગશે કે 'ફાંસી ખોલી' જેવી કોટડીઓમાં કંઇ ખાસ ભૂંડાપણું હશે. પણ તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરોડા જેલમાં બધી કોટડીઓની રચના સારી છે અને હવાવાળી છે. મોટામાં મોટો વાંધો તો કોટડીઓની આસપાસ ઉભા થએલા વાતાવરણનો છે.

વર્ગીકરણ, મેં ઉપર બતાવ્યું તેમ, અનિવાર્ય છે અને હાલ મોજૂદ છે તો તે શાસ્ત્રીય અને મનુષ્યત્વ-વાળું શા સારૂ ન હોવું જોઇએ? મારી સૂચના પ્રમાણે વર્ગીકરણમાં ફેરફાર કરવામાં આવે તો આખી પ્રથાને પલટી નાંખવી જોઇએ એ હું જાણું છું. તેમ કરવામાં વધારે ખર્ચ થશે અને નવી પ્રથાને ચલાવનાર જુદા જ માણસો જોઇએ એ વિષે શંકા નથી. પણ આજે વધારે ખરચ થશે તો અન્તે બચત જ થવાની છે. હું જે ફેરફાર સૂચવું છું તેનો મોટામાં મોટો ફાયદો તો એ થશે કે ગુન્હાઓનું પ્રમાણ અવશ્ય ઓછું થવાનું અને કેદીઓની જીંદગી સુધરવાની. પછી જેલો તે (રેફર્મેટરી) સુધારણા ગૃહો હશે અને સમાજના પાપીઓ તે એ ગૃહોના સુધરેલા માનવંત સભ્યો હશે. આ દિવસ આવતાં બહુ વાર લાગવાનો સંભવ છે, પણ જૂની રૂઢીથી આપણે અંજાઇ ગએલા ન હોઇએ તો આપણી જેલોને રેફર્મેટરી બનાવતાં બહુ મુશ્કેલી નહિ પડે.

અહીં એક જેલરનાં અર્થગર્ભ વચન મને યાદ આવે છે. તેણે કહેલું: "ઝડતીના અને રિપોર્ટ કરવાના કેદીઓ જ્યારે હું દાખલ કરૂં છું ત્યારે ઘણીવાર હું મને પોતાને પૂછું છું કે આ બધાના કરતાં હું કેટલોક સારો છું? ઇશ્વરને ખબર છે કે અહીં આવેલા કેટલાક કેદીઓના કરતાં વધારે ભૂંડા ગુન્હાઓ મેં કર્યા છે. ફેર એટલો જ છે કે એ બિચારા પકડાયા અને હું બચી ગયો." આ ભલા જેલરે જે કબૂલાત કરી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને સહુને પણ કરવી પડે તેમ નથી? પકડાય છે તેના કરતાં નથી પકડાતા એવા ગુન્હા ઘણા વધારે છે એ વાત સાચી નથી? સમાજ તેમના તરફ આંગળી કરતો નથી પણ પકડાવામાંથી બચવા જેટલી ચતુરાઈ જેમનામાં નથી એવાની સામે આંખો કાઢવાની આપણને ટેવ પડી છે, જ્યારે આવા ગરીબો કેદમાં જઈને વધારે રીઢા ગુન્હેગાર થાય છે.

કેદી પકડાય છે કે તેને જીવધારી પ્રમાણે રાખવાની શરૂઆત થાય છે. આરોપીને તત્ત્વતઃ તેનો ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે, પણ વ્યવહારમાં તેના જે માણસો મૂકવામાં આવેલા હોય છે તેઓ તેમના તરફ ગર્વ અને તિરસ્કારની નજરથી જુએ છે. માણસ અપરાધી ઠર્યો કે પછી સમાજે તો તેને ખોયો જ. કેદખાનાનું વાતાવરણ તેને હલકાઈની સ્થિતિ સ્વીકારી લેવાની ટેવ પાડે છે. રાજદ્વારી કેદીઓ આ નિર્વીર્ય કરનારા વાતાવરણનો સામાન્ય રીતે ભોગ નથી થઈ પડતા, કારણ વાતાવરણની અધોગતિને વશ થવાને બદલે તેઓ તેની સામે થાય છે અને તેને કેટલેક દરજ્જે ઉન્નત પણ કરે છે, વળી સમાજ પણ તેમને કેદી ગણતો નથી. ઉલટા તેઓ તો વીરો અને શહીદો બને છે. જેલની તેમની વિપત્તિઓનાં ગાન વધારીને ગવાય છે અને કેટલીક વાર આ અતિશયતાથી રાજદ્વારી કેદીઓ પછડાય પણ છે. પણ દુર્ભાગ્યે લોક તેમને જેટલાં લાડ લડાવે છે તેટલા જ પ્રમાણમાં અમલદારો ઘણુંખરૂં નાહકના તેમને સતાવે છે. સરકાર રાજદ્વારી કેદીને સામાન્ય કેદી કરતાં વધારે ભયંકર સમજે છે. એક અમલદારે ગંભીરપણે દલીલ કરી હતી કે રાજદ્વારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેદીના ગુન્હાથી આખો સમાજ જોખમમાં આવે છે, જ્યારે સામાન્ય ગુન્હાથી માત્ર ગુન્હેગારને જ હાનિ થાય છે.

બીજા એક અમલદારે મને કહ્યું હતું કે રાજદ્વારી કેદીઓને અલગ રાખી વર્તમાનપત્રો, માસિકો વગેરે નથી આપવામાં આવતાં તેનું કારણ તેમનો ગુન્હો તેઓ બરોબર સમજતા થાય એ છે. તેણે કહેલું કે રાજદ્વારી કેદીઓ તો કેદમાં બડાઇ માને છે. સામાન્ય કેદીની સ્વતંત્રતા લઇ લઇએ એટલે તેને દુઃખ થાય છે જ્યારે રાજદ્વારી કેદીના પેટમાંનું પાણીયે હાલતું નથી. એટલે સરકાર તેમને સજા કરવાની કંઈક બીજી રીત શોધે એ સ્વાભાવિક છે; અને તેથી જ તેમને સામાન્ય રીતે જે સગવડો આપવી જોઇએ તેવી નથી આપવામાં આવતી. અઠવાડિક 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' 'ઇન્ડિયન સોશિયલ રિફૉર્મર' 'સર્વન્ટ ઑફ ઇન્ડિયા' 'મૉડર્ન રિવ્યુ' અથવા 'ઇન્ડિયન રિવ્યુ' મને આપવામાં આવે એવી માગણી મેં કરેલી તેના જવાબમાં આ કહેવામાં આવ્યું હતું. વર્તમાનપત્રોનો હક લઈ લેવામાં આવે એ નજીવી સજા છે એમ વાચક ન સમજે. કારણ જેમને તે નથી આપવામાં આવતાં તેમને તો વર્તમાનપત્રની અન્નના કરતાં ઓછી જરૂર નથી હોતી. મને ખાત્રી છે કે ભાઈ મજલીને વર્તમાનપત્રો આપવામાં આવ્યાં હોત તો તેમનું મગજ નહિ બગડત. વળી હું તો કોઈ પણ સંજોગોમાં સુધારકનું કામ ઉપાડી લેનારો રહ્યો. પણ જેઓ મારા જેવા ન હોય તેમની શી ગતિ? યરોડામાં રાજદ્વારી કેદીઓને ભયંકર કેદીઓ સાથે મૂકવામાં આવતા હતા તેમ તેમને વિષે થાય તો તેમના મન ઉપર માઠી અસર થયા વિના રહે જ નહિ. જેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલે બોલે બીભત્સ શબ્દ જ હોય છે અને જેમની વાતચીતનો અશ્લીલ સિવાય બીજો વિષય જ હોતો નથી તેમની સાથે રાત દિવસ ગાળવા એ કંઈ બાવાના બેલ નથી. હા; જો સરકાર સામાન્ય કેદીઓના ઉપર સારી અસર પાડવા ખાતર આવા કેદીઓની સાથે મસલત કરી તેમને ગુન્હેગારોની વચ્ચે મૂકે તો તે સમજી શકાય એવી વાત છે. પણ આ તો સ્વપ્ના જેવી વાત છે એ હું કબૂલ કરું છું. મારું તાત્પર્ય એ છે કે રાજદ્વારી કેદીઓને દૂષિત વાતાવરણમાં રાખવા એ તેમને બદારાની અને નાહકની સજા છે. તેમને જુદા વિભાગમાં મૂકવા જોઇએ અને તેમની પૂર્વની રહેણી મુજબ તેમની સાથે વર્તાવ થવો જોઇએ.

આ અને બીજા જે પ્રકરણમાં જેલોના સુધારાની મેં વાત કરી છે તેનો સત્યાગ્રહીઓ અનર્થ ન કરે એવી આશા રાખું છું. જે અગવડ ખમવાનું તેને માથે આવી પડે તેનો વિરોધ કરવો એ સત્યાગ્રહીને ન છાજે. બરાબરમાં બરાબર વર્તાવ સહન કરવાને માટે તો તેણે પ્રતિજ્ઞા લીધેલી છે. વર્તાવ દયાભર્યો હશે તો ઠીક છે; ન હશે તોયે શું બગડવું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

સુધારાની શકયતા

મારો અચૂક અનુભવ છે કે આ દુનિયામાં ભલાઈ, સામી ભલાઈ ઉત્પન્ન કરે છે, અને બુરાઈથી સામી બુરાઈ નીપજે છે. અને તેથી જો કદિ બુરાઇને સામે બુરાઇનો પડઘો ન મળે તો તે બેકાર થઈ પડે છે અને એ રીતે છેવટે પોષણ વિના મરી જાય છે. બુરાઈ માત્ર બુરાઇ ઉપર જ નભી શકે છે. પુરાણા ઋષિઓ આ સત્ય જાણતા અને તેથી બુરાઇનો બદલો બુરાઈથી વાળવાને બદલે ઈરાદાપૂર્વક, ભલાઈથી વાળતા, અને એ રીતે બુરાઇને હણતા. આમ છતાંએ બુરાઈ તો હજી નભી રહી છે, કારણકે ઘણાએ આ શોધનો લાભ લીધો નથી. જો કે એના મૂળમાં રહેલા નિયમની તો ભારોભાર અસર થયાં જ કરે છે. વાત તો એ હોય છે કે આપણે એવા આળસુ રહીએ છીએ કે આપણી સામે ઉભી થતી ચૂંચો કે સવાલોનો આપણે આ નિયમને ધ્યાનમાં લઇને ઉકેલ કરતા નથી. અને એમ માની લઇએ છીએ કે એ નિયમનું પાલન કરવા જેટલું બળ આપણામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. વાસ્તવિક જોતાં જે ક્ષણે આપણને તે નિયમમાંના સત્યની પ્રતીતિ થાય છે તે જ ક્ષણે બુરાઇનો બદલો ભલાઇથી વાળવા જેટલું રહેલું બીજું કોઇ કામ આપણે સારૂ રહેતું નથી. માણસ અને પશુ વચ્ચે જે ફેર છે તે એટલો જ છે. ઘાની સામો ઘા ન વાળવો એ જ મનુષ્યને સારૂ સ્વાભાવિક સ્થિતિ છે. જ્યાં સૂધી આ નિયમનું સત્ય આપણે જાણ્યું નથી અને તે પ્રમાણે વર્ત્યા નથી ત્યાં સૂધી જો કે આપણે મનુષ્યદેહનું ખોળીયું ધર્યું છે છતાં સાચા મનુષ્ય નથી. આ નિયમને અપવાદ ન જ હોય. મને એવો એક પણ દાખલો યાદ નથી જ્યાં આ નિયમ સાચો ન પડ્યો હોય. મારા અનુભવ પ્રમાણે તો બિલકુલ અજાણ્યા માણસો તરફથી પણ આવી વૃત્તિને અચૂક ઉત્તર મળ્યો છે. દક્ષિણ આફ્રિકાની જે બધી જેલોમાં હું ફર્યો ત્યાં જે અમલદારો આરંભમાં મારા તરફ અત્યંત વિરોધી ભાવવાળા હતા તેઓ બધા જ છેવટે મારા એકસરખા મિત્ર બન્યા, કારણ મેં તેમના ઘાની સામો ઘા કર્યો નહિ. તેમની કડવાશનો હું મીઠાશથી જ જવાબ વાળતો. આનો અર્થ કોઇ એમ ન કરે કે હું અન્યાયની સામો ન થતો. ઉલટું મારા દક્ષિણ આફ્રિકાના જેલઅનુભવ એટલે એવા અન્યાયો સામેની મારે સતત ચલાવવી પડેલી લડતોનો જ એક ઇતિહાસ છે એટલે સૂધી કહી શકાય. અને એ લડતોમાંની ઘણીખરી સફળ પણ નીવડેલી. હિંદુસ્તાનની જેલના મારા વધુ લાંબા અનુભવે અહિંસાત્મક વર્તનની એ યથાર્થતાને અને સુંદરતાને મારા મનપર માત્ર વધુ સચોટ રીતે ઠસાવી છે. યરોડાના અમલદારો જોડે કડવાશ કરવી એ તો મારે સારૂ સાવ રહેલી વસ્તુ હતી. દાખલા તરીકે, જ્યારે ત્યાંના સુપરિન્ટેન્ડન્ટે હકીમ સાહેબ ઉપરના મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રમાં * વર્ણવેલી અપમાનભરી ટીકા કરી ત્યારે તેનો જવાબ તેના જેવો જ થઇને હું ધારત તો આપી શકત; પણ તેમ કરીને હું તો મારી પોતાની નજરમાં હલકો જ પડત અને હું એક ધાંધલીઓ અને તોફાની રાજદ્વારી મુત્સદ્દી છું એ એના મનના વહેમમાં પણ હું એને દૃઢ કરત. પણ હકીમજીવાળા કાગળમાં વર્ણવેલા અનુભવો તો ત્યાર પછી જે બનાવો બનવાના હતા તેના પ્રમાણમાં સાવ નજીવા ગણાય. આ બનાવોમાંના થોડાક હું અહીં આપીશ.

મને ખબર હતી કે એક ગોરો વાર્ડર મને શકની નજરથી જોતો. દરેક કેદી ઉપર શક રાખવાની પોતાની ફરજ છે એમ એ માનતો. હવે સુપરિન્ટેન્ડન્ટની જાણબહાર હોય એવું ક્ષુલ્લકમાં ક્ષુલ્લક કામ પણ ન કરવું એવા વિચારવાળો હું હોવાથી મેં તેને કહી રાખ્યું હતું કે મારા વાડાના મહોં આગળ થઇને જનાર કોઇ કેદી જો મને સલામ કરશે તેને હું તેને સામી સલામ ભરવાનો; અને બીજું મેં એને એ કહી રાખેલું કે મારે બાતાં જે કંઇ બોરાક બચતો તે બધો હું મારા ઉપર મૂકવામાં આવેલા કેદી વાર્ડરને આપી દેતો હતો. પેલો ગોરો વાર્ડર સુપરિન્ટેન્ડન્ટ સાથે મારે થએલી ઉપલી વાત વિષે કશું જાણતો ન હતો. એક વખત તેણે કોઇ કેદીને મને સલામ કરતો જોયો. મેં તેને સામી સલામ કરી. તેણે તો અમને બન્નેને આ કાર્ય કરતાં જોયા પણ તેણે એકલા પેલા કેદીની પાસેથી જ ટીકીટ લીધી. આનો અર્થ એ થયો કે એ બાપડાને અમલદાર આગળ ઉભો કરવામાં આવશે. મેં તુરત જ મજકુર ગોરા વાર્ડરને કહ્યું કે તેણે મારે વિષે પણ અમલદાર સમક્ષ

* જુઓ નવજીવન તા. ૨-૩-૨૪ પાનું. ૨૦૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રિપોર્ટ કરવો જોઇએ કારણ કે હું પણ પેલા કેદીના જેટલો જ ગુનેગાર હતો. તેણે મને જવાબ આપ્યો, "મારે મારી ફરજ બજાવવાની છે." હવે આ ગોરા વાર્ડરની આવી અમલદારી માટે તેની સામે રિપોર્ટ કરવાને બદલે, અને છતાં પેલા ભાઇબંધ કેદીને બચાવવા ખાતર, જ્યારે સુપરિન્ટેન્ડન્ટ મને મળ્યો ત્યારે મેં તેને પેલા કેદી અને મારા વચ્ચે થએલી સામાસામી સલામની જ માત્ર વાત મેં સુપરિન્ટેન્ડન્ટને કરી ને પેલા ગોરા વાર્ડરના વર્તનનો કશો જ ઉલ્લેખ કર્યો નહિ. પેલાએ આ જોયું અને તે સમજ્યો કે તેની સામે મારા દિલમાં કશી જ બુરાઇ નહોતી. તે દિવસથી તેણે મારા ઉપર વહેમ રાખવાનું છોડી દીધું એટલું જ નહિ પણ ઉલટો મારા તરફ તે ખૂબ મિત્રભાવ રાખવા લાગ્યો.

બધા કેદીઓની માફક મારી પણ રોજ ઝડતી લેવામાં આવતી. આની સામે મેં કદિ વાંધો લીધો ન હતો. મહીનાઓ સૂધી રોજ સાંજે કેદીઓને પૂરવામાં આવે તે પહેલાં આ પ્રમાણે રીતસર ઝડતી લેવાએલી. કોઇ પ્રસંગે એક જોહર આવતો જે તેની તોછડાઇને માટે પંકાએલો હતો. મારા શરીર ઉપર મારા કચ્છ સિવાય બીજું કશું જ ન રહેતું, તેથી મારા પંડને સ્પર્શ કરવાનું તેને કદિ જ કારણ નહોતું. આમ છતાં પણ તે ખરસૂસ કરીને મારી કમ્મરને અને નીચેના ભાગને અડકે. એકવાર તેણે આ બધું કર્યું, ત્યાર પછી મારા કામળા અને બીજી ચીજોને ઉથામી તળેઉપર કરી જોઇ. એ જોડા પહેરેલો મારા પાણીના વાસણને પણ અડક્યો. આ બધું મને અસહ્ય થવા લાગ્યું અને મારો ક્રોધ મને પછાડવાની તૈયારીમાં હતો, પણ સદ્‌ભાગ્યે હું મારા ઉપર કાબુ મેળવી શક્યો ને મેં ગમ ખાધી. હું એને કંઇ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલ્યો નહિ, છતાં આ માણસની વર્તણૂક વિષે મારે રિપોર્ટ કરવો કે નહિ, એ સવાલ રહ્યો જ. હું કંઈ યરોડા જેલમાં તાજો આવેલો કેદી નહોતો. યરોડામાં દાખલ થયા બાદ ઘણા લાંબા વખત પછીનો આ બનાવ હતો, તેથી જો હું તેની સામે રિપોર્ટ કરું તો તેના આ વર્તનને સારૂ સુપરિન્ટેન્ડન્ટ તરફથી તેને પાકો કપડો મળે એવો સંભવ હતો.

અંતે હું એવા નિશ્ચય ઉપર આવ્યો કે રિપોર્ટ ન જ કરવો. મને લાગ્યું કે આવાં અંગત અપમાન કે તોછડાઈ મારે ગણી જ જવાં જોઇએ. હું તેની સામે ફરિયાદ કરું તો કદાચ એની નોકરી પણ જાય. તેથી તેમ કરવાને બદલે મેં એની સાથે વાત કરી. એની તોછડાઇ મને કેવી સાલી હતી એ મેં તેને કહ્યું. મેં એને એ પણ કહ્યું કે પ્રથમ તેની સામે રિપોર્ટ કરવાને મને કેવો વિચાર થએલો અને છેવટે એ બધું કરવાનું માંડી વાળી માત્ર તેની સાથે જ વાત કરવાના નિશ્ચય ઉપર હું કેવી રીતે આવ્યો. મારી વાત એને હૈયે બેઠી અને તેના મનમાં મારો તેના ઉપર ઉપકાર વસ્યો. તેણે એ પણ કબૂલ કર્યું કે પોતે ગેરવર્તન કર્યું હતું, અને કે તેણે કહ્યું કે તેમાં મારી કોમળ લાગણીઓને દુઃખવવાનો તેનો આશય ન હતો. બસ, તે દિવસ પછી એણે કદિ મારૂં નામ લીધું નહિ. બધા કેદીઓ તરફનું તેનું હમેશનું વર્તન સુધર્યું કે નહિ તેની તો મને ખબર નથી.

પણ મારી આવી વર્તણૂકનાં સૌથી વધુ અનયણ પરિણામ તો ફટકાઓની સજાઓ અને ઉપવાસોના ઉભાં થએલા પ્રસંગો દરમ્યાન મારી દરમ્યાનગીરીની બાબતમાં આવ્યાં કહેવાય. પહેલા ઉપવાસો જન્મકેદની સજાવાળા શીખ કેદીઓએ કરેલા. તેમનું ધર્મવસ્ત્ર (એક પ્રકારનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચ્છ) જેલવાળાઓ તરફથી લઇ લેવામાં આવ્યું હતું તે પાછું મળ્યા સિવાય અને પોતાના હાથે પોતાનું ખાણું રાંધી લેવાની રજા ન મળે ત્યાં સુધી ખોરાક લેવાની તેમણે ના પાડી હતી. આ લાંઘણની મને ખબર પડી કે તરત જ તેમને મળવા દેવાની રજાને સારૂ મેં માગણી કરી. પણ મને જવાબ મળ્યો કે તેવી રજા આપી શકાય નહિ. મેં જોયું કે અધિકારીઓની નજરમાં આવી રજા દેવી એ જેલના મોભાનો અને જેલના તંત્રનો સવાલ હતો. વાસ્તવિક જોતાં તો જે કેદીઓને બહારના માણસોના જેવા જ લાગણીઓવાળા જીવ ગણવામાં આવે તો એમાં ઉપલી બેમાંની એકે બાબતનો સવાલ હતો જ નહિ. મને ખાત્રી છે કે જો તેમને મળવાની મને રજા આપવામાં આવી હોત તો અમલદારોની કેટલીયે મુશ્કેલી અને ત્રાસ ઓછાં થાત અને પ્રજાકીય નાણાંનો બચાવ થાત. એટલું જ નહિ પણ પેલા શીખ કેદીઓ પણ એમની દર્દભરી લાંબી લાંઘણોમાંથી બચી જાત.

પણ મને તો કહેવામાં આવ્યું કે હું પેલા શીખ કેદીઓને મળી ન શકું તો પણ તેમને "તાર" મોકલવામાં કશું જ મારી આડે આવે એમ નહોતું. આ "તાર" શબ્દનો ખાસ અર્થ મારે અહીં સમજાવવો રહ્યો છે. જેલોની ભાષામાં આ "તાર" અગર "તાર વગરના સંદેશા" નો એવો અર્થ થાય છે કે અમલદારોની જાણ છતાં કે જાણબહાર બીનસત્તાવાર રીતે એક કેદીએ બીજા કેદીને સંદેશો મોકલવો. દરેક અમલદાર જેલમાં આવા સંદેશાના વહેવારની વાત જાણે છે અને તે તરફ તેને આંખ આડા કાન કરવા પડે છે. અનુભવથી તેઓ શીખ્યા છે કે જેલના નિયમોના આવા ભંગ થતા અટકાવવા અગર તેના કરનારને શોધી કાઢવા એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશક્ય વાત છે.

હું પોતે આ વિષયમાં સિદ્ધાંતની રૂએ ચુસ્ત રહ્યો હું એમ કહી શકું. મારે પોતાને માટે કદિ પણ આવો તાર વગરનો સંદેશો મેં મોકલ્યો હોય એવું મને યાદ નથી. અને જેટલીવાર મેં તેમ કર્યું તે દરેક વેળાએ કેવળ જેલતંત્રના હિતની દૃષ્ટિથી પ્રેરાઇને જ કર્યું છે. અને મને લાગે છે પરિણામ પણ એ જ આવ્યું કે અમલદાર વર્ગ મારા ઉપર અણવિશ્વાસ રાખતો બંધ થયો. અને જો આ તેમના હાથની વાત હોત તો ઉપલા જેવા પ્રસંગોમાં દરમ્યાનગીરી કરવાની મારી માગણી તેઓ સ્વીકારત. પણ તેમની ઉપરના સત્તાવાળાઓને પોતાના મોભાની આવી અપ્રતિષ્ઠા કેમ પોસાય ?

આમ ઉપલા પ્રસંગમાં મેં 'તાર વગરના સંદેશા' નો ઉપયોગ હાથ ધર્યો પણ તે ભાગ્યે જ સફળ નીવડ્યો ગણાય. શીખ કેદીઓની લાંઘણ ઘણા દિવસ બાદ છૂટી અને તે પણ કંઇ મારા સંદેશાઓને લીધે જ થયું એમ મારાથી ન કહી શકાય.

આ પહેલો જ પ્રસંગ હતો કે જ્યારે મને લાગ્યું કે દયાધર્મની ખાતર મારે આવા પ્રસંગમાં વચ્ચે પડવું રહેલું છે. બીજો પ્રસંગ, જ્યારે મુળશી પેટાના કેદીઓને તેઓએ ઓછું કામ કર્યાને સારૂ ફટકા મારવામાં આવ્યા ત્યારે આવ્યો. આ દુઃખભરી કથા હું અહીં માંડીને નહિ કહું. આ કેદીઓમાંના ઘણા નૌજવાન હતા. સંભવ છે કે, તેમની શક્તિ કરતાં ઓછું કામ તેમણે કર્યું હોય. તેમને દળવાનું કામ સોંપેલું હતું. કારણ ગમે તે હો પણ આ મુળશી પેટાવાળા કેદીઓને બીજા સ્વરાજના કેદીઓની પેઠે " રાજદ્વારી " કેદી તરીકે જુદા ગણવામાં આવતા ન હતા. વળી કામમાં પણ એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણેભાગે ચક્કી જ આપવામાં આવતી. એક રીતે તો જેલોમાં અપાતું આ ચક્કીનું કામ આપણામાં નાહક વગોવાયું છે. એને વિષે આપણામાં વહેમ પેસી ગયો છે કે એ અત્યંત કઠણ કામ છે. એ સાચું છે કે ગમે તેવી મજુરી પણ જ્યારે માથા ઉપર મોશલ બેસાડીને સજા તરીકે ગણવામાં આવે ત્યારે તો તે કરનારાને રહેજે ચીઢ ચઢાવે એટલી ત્રાસદાયક થઇ પડે છે. આમ છતાં જે વ્યક્તિ પોતાના અંતરાત્માની ટાઢકને ખાતર જેલિમને પડકારી તેની જેલોને વહાલી કરે છે તેણે તો પોતાને સોંપાએલા ગમે તે કામને પોતાનાં અભિમાન અને આનંદની વસ્તુ ગણવી જોઇએ. જે કંઇ મજૂરી પોતાને સોંપવામાં આવે તે તનમનથી બજાવવામાં તેણે ગિરફતાર થઇ જવું જોઇએ.

મુળશી પેટાના કેદીઓ—અને આ બાબતમાં તો બીજા કેદીઓ પણ—એક સમૂહ તરીકે આવા નહોતા. તેમને બધાને આવા પ્રકારનો આ નવો જ અનુભવ હતો અને તેથી સત્યાગ્રહી તરીકે તેમની ફરજ શી —વધારેમાં વધારે કામ કરવું, કે ઓછામાં ઓછું, કે બિલકુલ ન કરવું—એનો નિર્ણય તેઓ જાણતા ન હતા. મુળશીપેટાના કેદીઓમાંના ઘણા આ બાબતમાં ઉદાસીન વૃત્તિવાળા હતા. એ વિષે તેમણે કશો વિચાર જ નહોતો કર્યો કહું તો ચાલે. છતાં તેમાંના ઘણા જોશીલા નૌજવાનો હતા. તેઓ મોટા ચમરબંધીની પણ જોહુકમી સાંખી લે તેવા ન હતા. આ કારણથી તેમની અને અમલદારોની વચ્ચે હરહમેશ ચકમક ચાલુ રહેતી.

આખરે અણીનો પ્રસંગ આવ્યો. સુપરિન્ટેન્ડન્ટ મેજર જોન્સ તપી ઉઠ્યો. તેણે માની લીધું કે આ લોકો ઇરાદાપૂર્વક પોતાનું કામ કરતા ન હતા. તેણે તેમની ખોડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલાવી દેવાનો વિચાર રાખ્યો અને તેમાંના છ જણાને ફટકા મારવાનો હુકમ કર્યો. આ સજાની ખબર ફેલાતાં જ આખી જેલમાં ખળભળાટ થઇ ગયો. દરેક જણ જાણતો હતો કે જેલમાં શું ચાલી રહ્યું હતું અને તે શાને કારણે હતું. પેલા કેદીઓને મારા વાડા આગળ થઇને લઇ જતા હતા ત્યારે મેં તેમને જોયા. મારું અંતર વલોવાયું. એમાંના એક જણે મને ઓળખ્યો અને મને પ્રણામ કર્યા ! 'અંધારી' માં જે 'રાજદ્વારી' કેદીઓ હતા તેમણે આ બનાવના વિરોધ રૂપે હડતાળ પાડવાનો વિચાર કર્યો.

મેજર જોન્સના ગુણોની તારીફ હું અત્યાર અગાઉ કરી ચૂક્યો છું. અહીંયાં તેના કાર્યની ટીકા કરવાનો દુઃખભર્યો ધર્મ બજાવવાનું મને પ્રાપ્ત થાય છે. મેજર જોન્સ ઉંચા ખવાસનો, ન્યાયપ્રિય અને અમલદારો કરતાં કેદીઓની વધારે તરફદારી કરનારો છતાં કાર્યમાં ઉતાવળીઓ હતો. આથી કેટલીકવાર પોતાના નિર્ણયોમાં તે ગોથું ખાઇ જતો. આનું પણ કાંઇ એટલું બધું લાગતું નહિ કારણ તે પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરવાને તેટલો જ બાબડતોબ તૈયાર રહેતો. પણ આવી ફટકા મારવા જેવી સજાઓ જેમાં એક વખત કરેલી ભૂલ ભૂંસી શકાય નહિ, તેવી બાબતોમાં એવી નિખાલસતા નિરૂપયોગી જ ગણાય. મેં નરમાશથી તેની આગળ આખી વાત ચર્ચી. પણ કેદી કામ ઓછું આપે એટલા કારણસર તેને ફટકાની સજા કરવી એ હરકોઇ દૃષ્ટિએ ગેર હતું એ વાત હું એને ગળે ન જ ઉતારી શક્યો. હું એને ન ઠસાવી શક્યો કે જે કોઇએ પોતાનું કામ પૂરું ન કર્યું હોય તે દરેક જણે ઇરાદાપૂર્વક જ તેમ કર્યું છે એમ ખાત્રીપૂર્વક માની લેવું વ્યાજબી નથી. એણે એટલું બેશક કબૂલ કર્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આવા કિસ્સાઓમાં અમલદારોની આંકણી ખોટી હોવાનો સંભવ હોય છે ખરો, પણ એવા પોતાના અનુભવ મુજબ એ સંભવ એટલો બધો અલ્પ હોય છે કે તેને ગણતરીમાં લેવાની જરૂર નથી. કમનશીબે ઘણા અમલદારોની જેમ મેજર ઇન્સ પણ કટકાની સજાની ઉપયોગિતામાં માનનારો હતો.

આ બનાવને અતિશય ગંભીર ગણીને તેની સામે રાજદ્વારી કેદીઓ ઉપવાસ ચાલુ કરવાની તૈયારીમાં હતા એટલામાં મને તેની જાણ થઈ. મને લાગ્યું કે પોતાને પક્ષના સાવ દેખીતા વાજબીપણાને વિષે અતિશય જબરદસ્ત આધાર ન હોય ત્યાં સુધી લાંઘણ કરવી એ ખોટું છે. વળી કેદીઓ, કાયદો પોતાના હાથમાં લઈને પોતે પોતાનો ન્યાય ન તોળી શકે. આથી આ બધા ભાઇઓને મળવા દેવા બાબત મેં મેજર ઇન્સની પાસે ફરી એકવાર રજા માગી.. આ વખતે પણ અગાઉની પેઠે તેવી રજાની ના પાડવામાં આવી. આ વિષે મારે અમલદારો ઇન્ડે ચાલેલો પત્રવ્યવહાર હું પ્રગટ કરી ચૂક્યો છું.* આ લેખ વાંચતી વેળા તે પણ સાથે જ વાંચી જવાની અભ્યાસી વાચકને હું ભલામણ કરું છું.

મારે પેલા 'તાર વગરના સંદેશા' નો ફરી આશ્રય લેવો પડ્યો. રાજદ્વારી કેદીઓની એક મોટી લાંઘણ અને અણીની ઘડીએ આવા સંદેશા વડે અટકાવી શકાયાં, પરંતુ આજ બનાવને અંગે બીજો એક દુઃખદ પ્રસંગ ઉભો થએલો તેની નોંધ મારે અહીં લેવી રહી. ભાઇ જેરામદાસે મારો સંદેશો જેલનિયમની ઉપરવટ થઇને રાજદ્વારી ભાઇઓને પહોંચાડેલો. તેમ કરવામાં ભાઇ જેરામદાસને પેલા રાજદ્વારી કેદીઓને મળવું પડે તેમ હતું અને તે

* જુઓ નવજીવન તા. ૯-૩-૨૪. પાનું ૨૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુજબ તેઓ તેમને મળ્યા. આ કેદીઓને હેતુપૂર્વક નોખા નોખા વિભાગોમાં રાખવામાં આવ્યા હતા. આ કારણથી ભાઇ જેરામદાસ પોતાનો વિભાગ છોડી—અલબત્ત કેદી વાર્ડરોને અને એક ગોરા જેલરને આ વાતની જાણ હતી જ—એ બધા વિભાગોમાં 'જઇ ચડયા!' તેમણે (જેરામદાસે) તેઓને કહેલું કે "હું જેલનિયમનો ભંગ કરી રહ્યો છુ તે હું જાણું છું; તમે સુખેથી મારી સામે રિપોર્ટ કરી શકો છો."

તે મુજબ તેમને વિષે રિપોર્ટ થયો. મેજર જોન્સે કહ્યું કે જે કે પોતે જાણતો હતો કે જેરામદાસે જે કર્યું હતું તે શુભ હેતુથી જ કર્યું હતું અને જે કે પોતે તેને સારૂ જેરામદાસને ધન્યવાદ આપવાને પણ તૈયાર હતો છતાં તેને અંગે તેમણે કરેલા જેલનિયમના ભંગનો પોતાની આગળ રીતસર રિપોર્ટ આવેલો હોવાથી એ બાબતમાં નિયમસર પગલું લીધા વગર પોતાને ચાલે નહિ. તેમણે ભાઇ જેરામદાસને સાત દિવસ એકાંત કેદની સજા ફરમાવી. મેં જ્યારે આ જાણ્યું ત્યારે મેં મેજર જોન્સને કહ્યું કે "મને પણ ઓછામાં ઓછી જેરામદાસના જેટલી તો સજા મળવી જ જોઇએ. કારણકે જેરામદાસે મારા કહ્યાથી જ જેલનિયમનો ભંગ કર્યો હતો." તેણે કહ્યું, "જેલતંત્રના જતનની દૃષ્ટિએ સત્તાવાર રીતે મારી સમક્ષ રજૂ થએલ નિયમભંગના ગુન્હા માટે કાયદેસર પગલું લીધા વગર મારે ચાલે નહિ એટલા જ કારણસર મેં જેરામદાસને સજા કરી. જેરામદાસે જે કર્યું તેને સારૂ હું નારાજ નથી થયો, એટલું જ નહિ પણ રાજી થયો છું કે તેણે સજા ખમવાનું જોખમ ખેડીને પણ ઉપવાસ કરવા તૈયાર થએલા રાજદ્વારીઓની મુલાકાત લીધી અને તેમ કરીને એક બેહૂદી પરિસ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉભી થતી અટકાવી." મને સન્ન કરવા બાબત તો એણે કહ્યું, " તમને સન્ન કરવાનું હું કંઇ કારણ જોતો નથી કારણ તમે કંઇ તમારી હદ છોડી ગયા નથી. અને જેરામદાસ ગયા તે તમારા મોકલ્યા ગયા એવી હકીકત કાંઇ સત્તાવાર રીતે મારી આગળ રજૂ થઇ નથી. " હું એની દલીલનો મર્મ સમજી શકયો અને મને સન્ન કરવા બાબત વધુ આગ્રહ કર્યો નહિ.

આવતા પ્રકરણમાં સત્યાગ્રહીની દૃષ્ટિએ આથી પણ વધુ ચમત્કારી અને વધુ મહત્ત્વના એક દાખલાનું હું વર્ણન કરીશ અને ત્યાર બાદ આપણે અહિંસાત્મક વર્તનનાં નૈતિક પરિણામો અને ઉપવાસની નીતિમત્તાનો વિચાર કરીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

ઉપવાસની શાસ્ત્રચર્ચા

ગયા પ્રકરણમાં બનાવો બન્યા તે વખતે મારી ઓરડી ૧૧ કોટડીઓવાળા એક ત્રિકોણાકાર વાડામાં હતી. આ કોટડીઓ જોકે 'અંધારી' વિભાગમાં જ ગણાતી તોપણ બીજી 'અંધારી'ઓ અને આની વચ્ચે એક મોટી ઉંચી દીવાલ આવેલી હતી. બીજી 'અંધારી'ઓ તરફ જવાના રસ્તા તરફ અમારા વાડાનું ફાટક હતું. આથી આ રસ્તે થઈને જતા આવતા કેદીઓને હું જોઈ શકતો. ખરું જોતાં આ રસ્તા ઉપર આખો દિવસ કેદીઓની આવજા ચાલુ રહેતી, આથી કેદીઓ જોડે સંદેશાનો વહેવાર ચલાવવો એ સહેલું કામ હતું. ફાટકના બનાવ પછી થોડા વખતમાં અમારી યુરોપીઅન વૉર્ડમાં બદલી કરવામાં આવી. અહીંની ઓરડીઓ 'અંધારી'વાળી ઓરડીઓ કરતાં મોટી અને વધુ હવાઅજવાળાં વાળી હતી. આંગણામાં એક સુંદર બગીચો હતો. પણ અમે અંધારીમાં હતા તે વખતે આખો દિવસ અમારા ફાટક આગળ અમને કેદીઓ જોવા મળતા તે બધો વહેવાર સદંતર બંધ થઈ ગયો અને અમે છેક એકલા પડી ગયા. આથી અમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂનું સૂનું લાગવા માંડ્યું. મેં પોતે તો આ વાતનું કશું દુઃખ ન માન્યું. ઉલટું વધુ એકાંત મળ્યાથી અભ્યાસ અને મનન માટે મને વધુ વખત મળવા લાગ્યો અને 'બિનતારી સંદેશા'નું સાધન તો કાયમ જ હતું. કારણ જ્યાં સુધી કોઇ ને કોઇ કેદી કે અમલદારને અમને મળવું પડતું હોય ત્યાં સુધી આવા સંદેશા કોઇ રીતે અટકાવી શકાય તેમ નહોતું. તેવી અટકાયતના ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે તોપણ એવા કેદી કે અમલદારોમાંનો કોઇ અનાયાસે કંઇક ને કંઈક બોલી જ જાય જે ઉપરથી અમને જેલના બનાવોની સહેજે જાણ થઇ જાય. આમ એક દિવસ સવારમાં અમે સાંભળ્યું કે કેટલાક મુલ્શીપેટાના કેદીઓને ઓછું કામ કર્યાના ગુનહાસર ફટકા મારવામાં આવ્યા. તેમજ આ સજાની સામે વાંધો દર્શાવવા ખાતર બીજા ઘણા મુલ્શીપેટાના કેદીઓએ ઉપવાસ શરૂ કર્યા હતા. આમાંના બે જણને તો હું બરાબર ઓળખતો હતોઃ એક દેવ અને બીજા દાસ્તાને. ભાઈ દેવે મારી સાથે ચંપારણમાં કામ કર્યું હતું અને ત્યાંના કામ કરનારાઓમાં પોતે એક ઘણા જ નિષ્ઠાવાન, સમજુ અને પ્રમાણિક કાર્યકર્તા તરીકે પંકાયા હતા. ભુસાવળવાળા ભાઈ દાસ્તાનેને તો સૌ કોઈ જાણે છે. ફટકા ખાનારાઓમાં તથા ખોરાક નહિ લેનારાઓમાં ભાઈ દેવ પણ એક હતા એ જાણીને મને કેટલું દુઃખ થયું હશે એનો ખ્યાલ વાચક સહેજે કરી શકશે. આ વખતે મારા સાથીઓમાં ભાઇ ઈન્દુલાલ તથા ભાઇ મનઝરઅલી સોબ્તા હતા. તેઓ પણ આ સાંભળીને સમસમી રહ્યા. પછી સૌ પહેલો તો સહાનુભૂતિને ખાતર પોતે પણ ઉપવાસ શરૂ કરવાનો તેમણે વિચાર કર્યો, પણ અમે આવા પગલાના વાજબી-પણા વિષે ચર્ચા કરીને અંતે એવા નિર્ણય ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા કે એવા પ્રકારનો ઉપવાસ આદરવાનું પગલું અઘટિત હતું. અમે જોયું કે કટકાની સજાને સારૂ અગર તો રાજદ્વારીઓએ શરૂ કરેલા ઉપવાસને સારૂ નૈતિક દૃષ્ટિએ અગર તો બીજી કોઇ પણ દૃષ્ટિએ અમે જોખમદાર ન હતા. વળી, સત્યાગ્રહી તરીકે જેલનાં તમામ કષ્ટો તેમજ કટકા ખાવા ઈ૦ હદ સૂધીના અન્યાયો પણ આનંદથી સહન કરવા તૈયાર રહેવું એ અમારો ધર્મ હતો. આ દૃષ્ટિએ ભાવિ સજાઓ અટકાવવા માટે આવા ઉપવાસ કરવા તૈયાર થવું એ જેલના અમલદારો તરફ એક જાતનો હિંસાભાવ ધારણ કર્યા બરોબર હતું. સિવાય અમલદારોની વર્તણૂક ઉપર ન્યાય આપવા બેસવાનો અમને હક નહોતો. એમ કરવું એ તો આખા જેલતંત્રનો અંત આણ્યા બરોબર થાય. વળી અમલદારોના વર્તનના આપણે ન્યાયાધીશ બનીએ તોપણ નિષ્પક્ષપાતપણે ન્યાય તોળવા જોઇતી માહિતી અમારી પાસે નહોતી તેમ તે મેળવી શકાય તેમ પણ નહોતું. હવે ઉપવાસ કરનારા પ્રત્યેની સહાનુભૂતિથી પ્રેરાઈ જો અમે ઉપવાસ માંડીએ તો તેમનું પગલું વાજબી જ હતું કે કેમ એ વિષે પણ અમારી પાસે પૂરતી માહિતી નહોતી. ઉપરનું કોઇ પણ એક કારણ અમારો ઉપવાસ ઉતાવળીયું પગલું છે એમ બતાવવાને બસ હતું.

આ બધી મુશ્કેલીઓ વચ્ચે મેં મારા સાથીઓને સૂચવ્યું કે સૌ પહેલાં તો સુપરિન્ટેન્ડન્ટને પૂછીને તેની પાસેથી મારે આ બાબત ખરી માહિતી મેળવવી અને અગાઉની માફક ઉપવાસ કરનારાઓની મુલાકાત મેળવવા પ્રયત્ન કરવો. મને લાગ્યું કે અમે ભલે કેદી હોઇએ તોપણ આવી બાબતોમાં મનુષ્ય તરીકે અમારાથી ઉદાસીન રહી શકાય જ નહિ. કારણ કે અમુક સંજોગો જ્યારે લગભગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમાનુષતા ગણાય એવો હડહડતો અન્યાય થવાની વકી હોય ત્યારે જેલના સામાન્ય તંત્ર જેવી બાબતમાં કેદી છતાં દખલ દેવાનો અમને હક હતો; આથી અમે અંતે એ નિર્ણય પર આવ્યા કે અમલદારો પાસે આ બાબત રજુ કરવી. આ બાબતને લગતો મારો તા. ૨૯-૬-૨૩નો પત્ર 'નવજીવન'ના તા. ૯-૩-૨૪ના અંકમાં આ અગાઉથી પ્રકટ થઇ ચૂક્યો છે. તેમાંથી આ બનાવની વધુ વિગતો વાચક મેળવી લે. પત્રવ્યવહાર તો પુષ્કળ થએલો. વટિઓ પણ ચાલેલી. પણ એ બધું ખાનગી સ્વરૂપનું હોઈ તે જાહેરમાં મૂકવા મારી ઇચ્છા નથી. અહીં એટલું જ કહીશ કે એ બધી વટિને અંતે સરકાર જોઇ શકી કે જેલવહીવટમાં બાબોઆં દખલ કરવાની ઈચ્છાથી હું પ્રેરાયેલો નહોતો તેમજ ઉપવાસ કરનારા ભાઇઓમાંના બે આગેવાનોને ભેટવાની પરવાનગી મળવા બાબતની મારી માગણીના મૂળમાં શુદ્ધ દયાધર્મની લાગણી સિવાય બીજું કશું નહોતું. આથી તમણે મને જેલસુપરિન્ટેન્ડન્ટ તેમજ પોલિસના વડા મિ. ગ્રિફિથની હાજરીમાં ભાઈ દાસ્તાને અને દેવને મળવાની પરવાનગી આપી.

પૂરા તેર દિવસના અખંડ ઉપવાસ છતાં આ બે મિત્રોને કશી મદદ વગર અને સ્થિર પગલે જ્યારે મેં ચાલતા જોયા ત્યારે અવર્ણનીય આનંદ અને અભિમાનથી મારૂં હૈયું ઉછળ્યું. તેઓ જેવા શૂરા હતા તેટલા જ ખુશનુમા હતા. એમનાં શરીર ભયાનક લેવાઈ ગયેલાં મેં દીઠા. પણ શરીર જેટલાં લેવાયાં હતાં તેટલો જ તેમનો આત્મા દૃઢ થયો હતો એમ મેં જોયું. તેમને બાથમાં લેતાં લેતાં મેં હસીને પૂછ્યું, "કેમ મરણને કાંઠે આવી પહોંચ્યા છો ને ?" તેઓ બોલી ઉઠયા, "હરગિજ નહિ. અમે તો ગમે તેટલા દિવસ ઉપવાસ લંબાવવા સમર્થ છીએ કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે સત્યની ઉપર ખડા છીએ." મેં પૂછ્યું, "અને જો કદિ તમે ભૂલ ખાતા હો તો ?" "તો અમે ભડની પેઠે અમારી ભૂલ કબૂલ કરશું અને ઉપવાસ છોડી દઈશું." આ બોલતી વેળાએ તેમના ચહેરા ઉપર એવું તો તેજ વિલસી રહ્યું હતું કે તેઓ દિવસો સુધીની ભૂખથી રીબાતા હતા એ બિના ઘડીવાર તો હું ભૂલી જ ગયો. હું ઇચ્છું છું કે એ વખતની અમારી આખી શાસ્ત્રચર્ચા આ સ્થળે આપવા જેટલી નિવૃત્તિ મને હોય. તેમના ઉપવાસનું કારણ તેમણે એ જણાવ્યું કે સુપરિન્ટેન્ડન્ટે કરેલી સન્ન અન્યાયી હતી અને તેથી જ્યાં સુધી તે પોતાની ભૂલ કબૂલ ન કરે અને માફી ન માગે ત્યાં સુધી પોતે ઉપવાસ ચાલૂ રાખવા માગતા હતા. તેમનું આ વલણ યથાર્થ નહોતું એવી મેં દલીલ કરી. તેમના ઉપવાસના પાયામાં રહેલા નૈતિક સિદ્ધાંતની હું ચર્ચા કરી રહ્યો હતો તેટલામાં સુપરિન્ટેન્ડન્ટે પોતાની મેળે અને પોતાના હમેશના સદ્‌ભાવપૂર્વક વચમાં જ કહ્યું, "હું તમને ખરૂં કહું છું કે મને જો લાગે કે મેં ખોટું કર્યું છે તો હું અવશ્ય માફી માગું. મને ખબર છે કે મારે હાથે ઘણીવાર ભૂલો થાય છે જ. આપણે બધા ભૂલો કરીએ છીએ. આ બાબતમાં પણ મારે હાથે કદાચ ખરેખર ભૂલ થઇ હોય, પણ હું તેથી અજાણ છું." આ તરફ મારી વીનવણી તો ચાલૂ જ હતી. આ મિત્રોને મેં જણાવ્યું કે સુપરિન્ટેન્ડન્ટના મનમાં જ્યાં સુધી એની ભૂલ ન વસે ત્યાં સુધી તેની પાસેથી માફીની માગણી કરવી ઉચિત નથી. અને ઉપવાસ એ કંઈ એના મનમાં એની ભૂલ વસાડવાનો માર્ગ નથી. એ તો દલીલોથી જ એને ગળે ઉતારી શકાય. વળી સત્યાગ્રહી તરીકે જો આપણે દુઃખ સહન કરવા બહાર પડ્યા હોઇએ તો પછી આપણને કે આપણા ભાઇબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેદીઓને અન્યાય થાય તે સામે આપણાથી ઉપવાસ કેમ શરૂ કરાય ? અંતે મારી દલીલમાં તેઓ વજૂદ જોઇ શકયા અને મેજર જોન્સે ખુલ્લા દિલે વચમાં જ કરેલા એકરારે બાકીનું પૂરું કર્યું. ઉપવાસ છોડવા તેઓ કબૂલ થયા, અને બીજા ભાઇઓને પણ તેમ કરવા સમજાવવાનું માથે લીધું. તુરત જ મારા દૂધમાંથી થોડું તેમને આપવાની મેં મેજર જોન્સની રજા માગી. તે તેમણે તરત જ આપી. તેમણે દૂધનો સ્વીકાર તો કર્યો પણ નાહીને બીજા ઉપવાસી ભાઇઓની સાથે મળીને જ તે પીશે એમ જણાવ્યું. મેજર જોન્સે બધા ઉપવાસીઓને સારૂ તેમનાં શરીર પાછાં વળી આવે ત્યાં સુધી દૂધ અને ફળ આપવાનો હુકમ કાઢયો અને દિલોજાનીથી એકબીજાના હાથ મિલાવીને અમે સૌ છુટા પડયા. ક્ષણવાર તો અમલદારો પોતાની અમલદારી ભૂલી ગયા અને અમે કેદી પણ અમે કેદી હતા એ વાત ભૂલી ગયા. થોડીવારને સારૂ જાણે કોઇ ગુંચવાયલું કોકડું ઉકેલવામાં ગુંથાઇ ગયેલા મિત્રો જ બની ગયા હતા ! અને આનંદની વાત હતી કે તે ઉકેલવામાં અમે ફળીભૂત થયા.

આમ આ ભારે ઉપવાસની લડતનો અંત આવ્યો. મેજર સાહેબે મારી પાસે કબૂલ કરેલું કે તેમણે જોયેલી ઉપવાસની બધી લડતોમાં આ લડત નિર્મળમાં નિર્મળ હતી. ઉપવાસ કરનાર કેદીઓને છાનોછપો પણ કંઇ ખોરાક ન મળવા પામે એ સારૂ તેમણે અતિશય કાળજી લીધી હતી, અને તેમની ખાત્રી હતી કે આખી લડત દરમ્યાન તેમને તેવે રસ્તે કંઇ પણ ખોરાક મળવા પામ્યો નહોતો. મને થયું કે ઉપવાસ કરનારાઓનું પાણી જો તેમણે પહેલેથી જ જાણ્યું હોત તો આવડી ખબરદારી રાખવાની તેમને જરૂર જ ન પડત !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બનાવન કાયમની અસર એ થઇ કે સરકારને એવા હુકમ કાઢવા પડ્યા કે જેલઅમલદારોનું અપમાન કે એવા જ કોઇ અતિશય ગંભીર પ્રસંગ સિવાય વડા અધિકારીઓની મંજૂરી વગર કેદીઓને ફટકા મારવાની સજા સુપરિન્ટેન્ડન્ટે કરવી નહિ. આવી ખબરદારીની બેશક જરૂર હતી. કારણકે કેટલીક બાબતોમાં જેલસુપરિન્ટેન્ડન્ટને ભલે પૂરતી સત્તા આપવી જરૂરી હોય તથાપિ પાછી ન ખેંચી શકાય એવી સજાઓની બાબતમાં તો ડાહ્યામાં ડાહ્યા સુપરિન્ટેન્ડન્ટના ઉપર પણ ઘટતો અંકુશ રહેવો ઉચિત છે.

ભાઇ દાસ્તાને, દેવ અને બીજા સત્યાગ્રહીઓના ઉપવાસથી ઘણાં ઉમદા પરિણામો આવ્યાં એમાં તો શક જ નથી. કારણ તેમના હેતુમાં ભલે ભૂલ હતી છતાં તે ઉદાત્ત હતો. તેમનું પગલું પણ સાવ નિર્મળ હતું. અને છતાં પરિણામ ભલે શુભ આવ્યું તોપણ ઉપવાસ તો નિંદ્ય જ હતો. અને જે સારૂં પરિણામ આવ્યું તે ઉપવાસનું ફળ નહોતું પણ તેના કરનારાઓએ પોતાનો હેતુ અવળે માર્ગે દોરાયાની જે કબૂલાત કરી અને તેના પ્રાયશ્ચિત્ત દાખલ માંડેલો ઉપવાસ છોડી દેવાની જે હિમ્મત દેખાડી તેનું જ ફળ હતું. જે અવસ્થામાં ખાવું અને જીવવું નર્યું નામોશીભર્યું થઇ પડે છે તે જ અવસ્થામાં સત્યાગ્રહી ઉપવાસ આદરે છે. તો જ તે વાજબી ગણાય. આ પ્રમાણે કેદી તરીકેના જ વર્તનનો વિચાર રાખીને હું કહું છું કે જો મારી ધાર્મિક સ્વતંત્રતા ઉપર હુમલો કરવામાં આવે અગર તો સામાન્ય ઇન્સાન તરીકે પણ મારી જોડે વર્તવાની જેલઅમલદારો ના પાડે—જેમ કે મારો ખોરાક મને રીતસર આપવાને બદલે મારી તરફ ફેંકવામાં આવે—તો એવી હાલતમાં એવો ખોરાક લેવો અને જીવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મોટામાં મોટી નામોશી ગણાય. એ તો કહેવાપણું હોય જ નહિ કે આવો ધાર્મિક વાંધો અગર તો અપમાન એવા સ્વરૂપનું હોવું જોઇએ કે જે હરકોઇ કેદીને પણ દેખીતી રીતે જ ખૂંચે. આ ચેતવણી આપવી જરૂરી છે કારણ ઘણીવાર આવી ધાર્મિક ફરજ કેવળ બહાનું જ હોય છે અને તેની પાછળ અધિકારીઓની પજવણી કરવાનો હેતુ રહેલો હોય છે. એ જ પ્રમાણે અપમાન પણ ઘણીવાર જ્યાં એવાં અપમાનનું કશું કારણ ન હોય ત્યાં વિના કારણ માની લેવામાં આવે છે. વળી જેલનિયમ વિરુદ્ધ મનાઇ કરેલી ચિઠ્ઠીપત્રીઓ સંતાડી રાખવાને ખાતર ધર્મપુસ્તકને બહાને ભગવદ્‌ગીતાને મારી પાસે રાખવાનો અગર મેળવવાનો આગ્રહ મને ન જ શોભે. એ જ પ્રમાણે દરેક કેદીને આપવી પડતી ઝડતી આપવામાં પણ જેલઅમલદાર ધરાદાપૂર્વક મારું અપમાન કરે છે એવો રોષ હું કેમ કરું ? સત્યાગ્રહમાં પાખંડને અવકાશ જ નથી. પણ પેલા ઉપવાસીઓને મળીને તેમનું દૃષ્ટિબિન્દુ સમજી લેવાની અને તેમની ભૂલ હોય તો તે તેમને સમજાવવાની તક પણ મને આપવાની જો સરકાર ના પાડે તો એ સ્થિતિમાં મારે ઉપવાસ કર્યે જ છુટકો. કારણકે જ્યારે હું જોઉં કે મારા રખેવાળો સામાન્ય માણસાઇના જેટલો પણ દયાધર્મ પાળે તો ભૂખે મરતા જીવોને હું અટકાવી શકું તો હરપ્રયત્ને તેમ કરવાનો મારો ધર્મ થઇ પડયો અને તેમ ન કરાવી શકું ત્યાં સૂધી અન્ન મારાથી જીંદગીને વળગી રહેવાને સારૂ ખાઇ શકાય નહિ.

કેટલાક મિત્રો કહેશેઃ " આવા સૂક્ષ્મ ભેદો કરવાનું પ્રયોજન શું ? જો આપણે જેલ બહાર અમલદારોને તંગ કરી શકીએ તો જેલની અંદર પણ તેમ કાં ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીએ ? તમે જેલઅમલદારો જોડે જેવો સહકાર કર્યો તેવો અમે શા સારૂ કરીએ ? અહિંસાત્મક રહીને બધી રીતે અમે કાં તેમની સામા ન થઇએ ? આપણી પોતાની સગવડને ખાતર હોય એ સિવાયના બીજા કોઈ પણ જેલનિયમોને શા સારૂ માન આપીએ ? જેલતંત્રને અપંગ કરી મૂકવાનો આપણને શું સંપૂર્ણ હક નથી ? શું એ આપણો ધર્મ નથી ? બળ વાપર્યા વગર જો આપણે અમલદારોની સ્થિતિ મુશ્કેલ કરી મૂકીએ તો સરકારને ઘણા લોકોને પકડવા અને જેલમાં પૂરવા ભારે થઇ પડશે અને તેમને સુલેહની વૃષ્ટિ કરવી પડશે.” આવી દલીલ પૂરી ગંભીરતા-પૂર્વક મારી આગળ કરવામાં આવી છે તેથી આવતા પ્રકરણમાં તેને વિચારીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

સત્યાગ્રહી કેદીની વર્તણુક

ગયા પ્રકરણને અંતે મેં મૂકેલી દલીલ કેટલાક મિત્રો તરફથી કરવામાં આવી હતી અને કાંઇ નહિ તો તેવી દલીલ અનેક જણ પ્રમાણિકપણે તે માને છે અને ૧૯૨૧ અને ૧૯૨૨ માં જ્યારે હુંતરેા જેલમાં ગયા તે વેળા તેમણે સંપૂર્ણ રીતે તે સુજ્ઞ જ વર્તન કર્યું હતું તેટલા ખાતર તે વિચારવા યોગ્ય છે.

પહેલી વાત તો એ કે જેલની બહાર પણ સરકારને મૂંઝવવાનો આપણેા ઉદ્દેશ નથી. આપણું વર્તન શુદ્ધ હોય તો પછી સરકાર તેનાથી મૂંઝાય કે ન મૂંઝાય, તેનો સવાલ જ નથી. આપણેા અસહકાર જેવો સરકારને મૂંઝવી દે છે તેવો ભાગ્યે જ બીજો કોઈ ઉપાય મૂંઝવતો હશે પણ આપણે તો અદાલત અને ધારાસભાનો બહિષ્કાર કરીએ છીએ તે કેવળ એક ધર્મકૃત્ય તરીકે એટલે કે આપણને માલમ પડે કે આપણા અસહકારથી રાજકર્તાઓને આનંદ થાય છે, તો પણ આપણેા અસહકાર બંધ તો ન જ કરીએ અને સરકારની ઉપર થનારા પરિણામ વિષે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલા ઉદાસીન છીએ, તેનું કારણ એ છે કે અસહકારનું સરકારના મન ઉપર ગમે તે પરિણામ થતું હોય તો પણ અંતે આપણું તો તેમાં કલ્યાણ જ છે. પણ આ જનતનો અસહકાર જેલમાં તો સંભવે જ નહિ. આપણે જેલમાં જઇએ છીએ તે કોઈ સ્વાર્થ સાધવાને માટે નહિ, સરકાર આપણને ગુન્હેગાર ગણે છે એટલા સારૂ જેલમાં પૂરે છે. એટલે આપણું કામ તો એ રહ્યું કે સરકાર આપણી પાસેથી ઇચ્છે એવું આદર્શ વર્તન જ બતાવવું; જેમ જેલ બહાર આપણું કામ તેમની અદાલતો, ધારાસભાઓ, શાળાઓ અને ખીતાબો છોડીને તેના શંકા પડતા લાભો વિના આપણે ચલાવી શકીએ છીએ એમ સરકારને બતાવવાનું છે. આપણામાંના બધાને કદાચ પ્રતીત ન થતું હોય તો પણ અસહકારની રીત એ સામાના હૃદયને પલટાવવાને અને બુદ્ધિની ઉપર અસર પહોંચાડવાની ક્રિયા છે. ગુંડાણાજીથી સરકારને ભયભીત કરવાની ક્રિયા નથી, અહિંસામય હીલચાલમાં ગુંડાણાજીને સ્થાન જ નથી.

મેં અનેકવાર સત્યાગ્રહી કેદીઓને યુદ્ધના કેદીઓ સાથે સરખાવ્યા છે, તેનું કારણ છે. એકવાર દુશ્મનના પંજામાં આવ્યા કે યુદ્ધના કેદીઓ દુશ્મનની સાથે મિત્રદાવે વર્તે છે. યુદ્ધના કેદી તરીકે કોઇ સિપાઇ દુશ્મનને ઠગે તો તે બેઆબરૂભર્યું ગણાય. સરકાર સત્યાગ્રહી કેદીઓને યુદ્ધના કેદી નથી માનતી તેથી આ દલીલને હરકત નથી આવતી. આપણે યુદ્ધના કેદી તરીકે વર્તશું તો સરકારે આપણને તુરત માન આપ્યા વિના ચાલવાનું જ નથી. જેલને આપણે એક પ્રકારની નિષ્પક્ષ સંસ્થા બનાવી દેવી જોઇએ કે જેમાં અમુક હરજણે આપણે સરકારની સાથે સહકાર કરીએ, સહકાર કરવો જોઇએ.

આપણે એક બાજુએ જેલના કાયદા ઇરાદાપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોડતા જઇએ અને સાથે સાથે જ આપણને થતી સજા અને જેલના અમલદારોની સખ્તી વિષે ફરીયાદ કરીએ, એ અતિશય અણઘટતું અને ભાગ્યે જ આબરૂભર્યું કહેવાય. દાખલા તરીકે, જડતી સામે વાંધો લેતાં અને તકરાર ઉઠાવતાં છતાં આપણે આપણા કામળામાં અથવા કપડામાં મનાઇ કરેલી વસ્તુઓ છુપાવી રાખીએ એ ક્રમ બને ? આવા સંજોગોમાં આપણને અસત્ય બોલવાનો અથવા બીજી કંઇ ડગલાજી કરવાનો અધિકાર છે, એવું સત્યાગ્રહશાસ્ત્રમાં ક્યાંય લખેલું નથી; જેલઅમલદારોની પજવણી કરશું તો સરકાર નમી જશે અને સલાહ માગતી શરણે આવશે, એમ આપણે કહીએ છીએ ત્યારે સરકારને કાં તો અજાણતાં ભલમનસાઇનું પ્રમાણપત્ર આપી દઇએ છીએ અથવા તો તેને કેવળ ભોળી ગણીએ છીએ. અજાણતાં ભલમનસાઈનું પ્રમાણપત્ર આપવાનું એવી સમજમાં રહેલું છે કે જેલના અમલદારોની અતિશય પજવણી કર્યા છતાં સરકાર મૂંગી મૂંગી તે જોયા કરશે અને આપણને યોગ્ય સજા આપી સંપૂર્ણ રીતે નાહિંમત કરી મૂકવામાં પાછી પાની કરશે, એટલે કે હાકેમોને આપણે એટલા બધા વિચારશીલ અને દયાળુ માનીએ છીએ કે સખત સજાનું કારણ આપ્યા છતાં પણ તેઓ આપણને સખત સજા ન કરે. સાચી વાત તો એ છે કે તેઓ સમૂળી મર્યાદા મૂકતાં અચકાતા નથી, અને અમુક પ્રસંગોએ કાયદા પ્રમાણેની જ નહિ પણ બેરકાયદે સજા પણ તેઓ કરે છે.

પણ મારો તો પાકો નિશ્ચય છે કે જો આપણે શરૂથી આખર સુધી સત્યાગ્રહીને છાજતી પ્રમાણિક અને ઇજ્જત ભરેલી રીતે વર્ત્યા હોત તો આપણી સામેના સરકારના બધા વિરોધને આપણે જીતી શકયા હોત અને કાંઈ નહિ તો આટલા બધા કેદીઓના અતિશય આબરૂભર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તનથી એવા આબરૂદાર અને નિર્દોષ માણસોને જેલમાં પૂરવાની પોતાની ભૂલ સરકારની પાસે શરમ સાથે કબૂલ કરાવી શકયા હોત. કારણ શું સરકારનો એવો દાવો નથી કે આપણી અહિંસા એ હિંસાનો માત્ર ઢાંકપિછોડો છે ? એટલે જેટલી જેટલી વાર આપણે તોફાન કરીએ છીએ તેટલી તેટલી વાર આપણે તેના હાથમાં રમતા નથી શું ?

આ કારણથી, મારા અભિપ્રાય પ્રમાણે સત્યાગ્રહી તરીકે કેદમાં જઈને આપણે નીચે પ્રમાણે વર્તવાને બંધાયેલા છીએ.

૧ અતિશય પ્રમાણિકતાથી વર્તવાને;

૨ જેલના અમલદારો સાથે જેલના વહીવટમાં સહકાર કરવાને;

૩ તમામ યોગ્ય નિયમોનું પાલન કરીને ખીજા કેદીઓને દાખલો બેસાડવાને;

૪ સામાન્યમાં સામાન્ય કેદીને ન મળતી હોય એવી, અને કેવળ તંદુરસ્તીના કારણે જરૂરની હોય તે સિવાયની કંઈ પણ છૂટો અને મહેરબાની ન માગવાને;

૫ ઉપર તંદુરસ્તીના કારણે જણાવેલી એવી જે છૂટ જોઈતી હોય તે માગતાં ન અચકાવાને અને તે ન મળે તો ગુસ્સે ન થવાને;

૬ જેટલું અને જે જે કામ સોંપવામાં આવે તે આપણી પૂરેપૂરી શક્તિ પ્રમાણે પૂરું કરી આપવાને.

આવા પ્રકારનું વર્તન સરકારની સ્થિતિ કઠંગી અને ન બચાવ કરી શકાય એવી કરી મૂકશે. તેઓમાં વિશ્વાસનો એટલો તો અભાવ છે અને આપણે પ્રમાણિકપણે વર્તશું એવી તેમણે એટલી ઓછી આશા રાખી હોય છે કે પ્રમાણિકપણાનો જવાબ પ્રમાણિકપણાથી આપવો તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે મુશ્કેલ થઇ પડશે. તોફાનની તો તેઓ આશા રાખે છે જ અને તોફાન થાય એટલે તેનું બેવડું સાટું વાળે છે. અરાજકના ગુનહાને તેઓ ન પહોંચી વળી શકયા પણ અહિંસાને તો નમ્યા સિવાય બીજો કોઈ રસ્તો પહોંચી વળવાનો તેમને હજી સૂધી હાથ લાગ્યો નથી. સત્યાગ્રહીના કેદમાં જવાની પાછળ એ ઉદ્દેશ રહેલો છે કે પજવણીને નમ્રપણે વશ થઈ તે પોતાનું દુઃખ મટાડે.

તેને શ્રદ્ધા છે કે ન્યાયકાર્યને માટે નમ્રતાથી સંકટ સહન કરવામાં કંઈક ઓર જ ખૂબી રહેલી છે અને તે ખૂબી તલવારની ખૂબી કરતાં અનહદ ચઢીઆતી છે. આ બધું કહેવાનો અર્થ એવો નથી કે સરકારનું વર્તન જ્યારે આપણા આત્મમાનનું ખંડન કરે ત્યારે પણ આપણે વિરોધ ન કરવો. દાખલા તરીકે, જેલના અમલદારો આપણને ગાળો દે અથવા આપણો ખોરાક કુતરાની જેમ આપણને નાંખે તો મરવાની હદ સૂધી જઇને પણ તેનો વિરોધ કરીએ. અપમાન કરવું અને ગાળ દેવી એ કોઇ અમલદારના કર્તવ્યમાં આવતું નથી. એટલે અપમાન અને ગાળનો તો વિરોધ કરવો જ ઘટે. પણ જડતીનો વિરોધ ન જ થાય કારણ તેનો જેલના કાયદામાં સમાવેશ થાય છે.

મેં દુઃખ મૂંગે મ્હોંડે સહન કરવાનું લખ્યું તેનો એ અર્થ પણ ન થવો જોઇએ કે સત્યાગ્રહીઓ જેવા નિર્દોષ કેદીઓને સામાન્ય કેદીઓની સાથે એક જ વર્ગમાં મૂકવા સામે કંઈ હીલચાલ ન કરવી. માત્ર કેદીઓ તરીકે કંઈ પણ છૂટ અથવા મહેરબાની આપણાથી ન માગી શકાય. રીઢા થએલા ગુનહેગારોની સાથે રહેવામાં આપણે સંતોષ માનવો જોઇએ, અને તેમ કરતાં તેમની નીતિ સુધારવાની તક મળે છે તે પણ આપણે વધાવી લેવી જોઇએ છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને સુમ્બરેલી તરીકે ઓળખાવતી કોઈ પણ સરકાર પાસે આશા રાખી શકાય કે તે અતિશય સ્વાભાવિક એવા વર્ગભેદ તો અવશ્ય સ્વીકારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮
જેલનું અર્થશાસ્ત્ર

જેલનો થોડો પણ અનુભવ જેને છે એવો કોઈ પણ માણસ જાણે છે કે બધાં ખાતાંઓમાં જેલખાતું જ નાણાંની વધારેમાં વધારે તંગી ભોગવે છે. હૉસ્પિટાળો પ્રમાણમાં વધારેમાં વધારે ખર્ચાળ જાહેર સંસ્થા કહેવાય. જેલમાં દરેક વસ્તુ સાદામાં સાદી અને કાચામાં કાચી જાતની હોય છે. જેલમાં મનુષ્યશ્રમના વ્યયની છાકમછોળ છે, જ્યારે પૈસા અને સાધનના વપરાશની બાબતમાં પૂરું દળદર છે. હૉસ્પિટાળોમાં આથી ઉલટું જ ચાલે છે. છતાં બન્ને સંસ્થાઓ માનવવ્યાધિના ઈલાજને સારૂ યોજવામાં આવેલ છે—જેલ માનસિક અને હૉસ્પિટાળો શારીરિક વ્યાધિઓને સારૂ. માનસિક વ્યાધિ અપરાધ તરીકે મનાય છે એટલે સજાને પાત્ર લેખાય છે; શારીરિક વ્યાધિ કુદરતની અણધારી આપત્તિ તરીકે મનાય છે અને તેથી તેની કાળજીપૂર્વક માવજત કરવી જોઇએ. વાસ્તવિક રીતે આવો કશો ભેદ કરવાનું કારણ નથી. માનસિક તેમજ શારીરિક બન્ને વ્યાધિ સરખાં જ કારણોથી નીપજે છે. હું ચોરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરું છું તો નીરોગી સમાજને માટેના નિયમોનો ભંગ કરું છું. જો મને પેટશૂળ થાય છે તો પણ નીરોગી સમાજને માટેના નિયમોનો ભંગ કરું છું. શારીરિક વ્યાધિને સારૂ હળવા ઉપાય લેવામાં આવે છે એનું એક કારણ એ છે કે કહેવાતા ઉપલા વર્ગોના લોકો નીચલા વર્ગના લોકો કરતાં કદાચ વધારે વારંવાર આરોગ્યના નિયમો તોડે છે. આ ઉપલા વર્ગોને સામાન્ય ચોરી કરવાનો અવકાશ નથી, અને જો સામાન્ય ચોરી ચાલુ રહે તો તેમના જીવનક્રમને ખલેલ પહોંચે તેથી સામાન્ય રીતે પોતે જ કાયદા બનાવરા હોઇ તેઓ સ્થૂળ ચોરીને દૂર કે છે. જો કે, તેમને પ્રતિક્ષણ એ વાતનું તો ભાન હોય જ છે કે તેમનાં પોતાનાં ભોપાળાં જેને વિષે કોઇ બોલતું નથી તે સ્થૂળ ચોરીઓના કરતાં સમાજને ઘણાં વધારે હાનિકર્તા હોય છે.

એ પણ જોવા જેવું છે કે જેલો અને ઇસ્પિતાળો ખોટી ચિકિત્સાને લીધે જ વધે છે. ઇસ્પિતાળો ઉભરાય છે કારણ દર્દીઓને પંપાળવામાં આવે છે. જેલો ઉભરાય છે કારણ કેદીઓ સુધરવાને નાલાયક જ હોય એમ માનીને તેમને સજા કરવામાં આવે છે. જો દરેક માનસિક અને શારીરિક રોગ ભૂલ જ ગણવામાં આવે અને દરેક દર્દી અથવા કેદીની નહેારપણે પણ નહિ તેમ લાડ કરાવીને પણ નહિ પણ માયા અને સમભાવપૂર્વક માવજત કરવામાં આવે તો જેલ અને ઇસ્પિતાળ બન્ને ઓછાં થવા પામે.

જેલના કરતાં ઇસ્પિતાળ નીરોગી સમાજને માટે વધારે જરૂરની વસ્તુ નથી. બન્નેની સરખી જરૂર છે. દરેક દર્દી અને દરેક કેદી ઇસ્પિતાળ અને જેલમાંથી નીકળે ત્યારે માનસિક તેમજ શારીરિક આરોગ્યના નિયમોનો પ્રચારક બનીને જ નીકળવો જોઇએ.

પણ અહીં આ સરખામણી હું બંધ કરીશ. વાંચકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણીને નવાઈ લાગશે કે જેલોમાં ચાલતું કંજુસપણું કરકસરને બહાને ચલાવવામાં આવે છે. પાણી ખેંચવાનું, આટાને સારૂ ચક્કીઓ ચલાવવાનું, રસ્તા અને પાયખાનાં સાફ કરવાનું, રાંધવાનું, ૪૦ બબ્બે કામો કેદીઓ પાસે જ લેવામાં આવે છે, છતાં તેઓ સ્વાશ્રયી નથી એટલું જ નહિ પણ તેમની મહેનતમાંથી તેમનું પેટીઉં પણ નીકળતું નથી. વળી તેમની આટલી બધી મહેનત છતાં તેમને રૂચે તેવો અથવા તેમને ભાવે તેવો પકાવેલો ખોરાક તેમને મળતો નથી અને આનું કારણ એટલું જ કે જે કેદીઓ રસોઈ વગેરે કરે છે તેમને સામાન્ય રીતે તેમના કામમાં કશો જ રસ હોતો નથી. પોતાના કામને દયા વિનાના દેખરેખ નીચે કરવાની એક જાતની વેઠ જ તેઓ લેખે છે. એ તો સહેજે સમજી શકાશે કે જો કેદીઓ સમાજ-સેવક હોત અને પોતાના ભાઇબંધોના કલ્યાણમાં રસ લેનારા હોત તો તેઓ કદિ કેદમાં જ ન પડત. મતલબ કે જો વધારે વિવેકભર્યો અને નીતિવાળો વહીવટ ચલાવવામાં આવે તો જેલો આજે જેવી ખરચાળ સજાની વસાહતો છે તેને બદલે સહેજે સ્વાશ્રયી સુધારાગૃહો બની જાય. હું તો પાણી ખેંચવામાં, આટાની ચક્કીઓ ચલાવવામાં અને એવાં જ બીજાં કામોમાં કેદીઓની અંગમહેનત જે ભયંકર પ્રમાણમાં વેડફાય છે તેનો બચાવ કરવા ઇચ્છું. જો જેલવહીવટ મારા હાથમાં હોય તો હું તો આટો બહારથી લાવું, પાણી પંપવતી ખેંચાવું અને બીજાં અનેક કામો અનેક કેદીઓને વળગાડવાને બદલે જેલોને ખેતી, હાથકંતામણ અને હાથવણાટનાં કારખાનાં કરી મૂકું. નાની જેલોમાં માત્ર રેંટીઆ અને સાળો જ રાખવામાં આવે. હાલ પણ ઘણીખરી સેંટ્રલ જેલોમાં સાળો તો ચાલે જ છે. વધારામાં માત્ર પીંજણ અને રેંટીઆ દાખલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની જરૂર રહે. ઘણી જેલોમાં તો જેટલું જોઇએ તેટલું રૂ સહેલાઇથી ઉગાડી શકાય. આથી રાષ્ટ્રીય ગૃહઉદ્યોગો લોકપ્રિય થઇ પડશે, અને કેદખાનાં સ્વાશ્રયી બનશે. બધા કેદીઓની મહેનતનું વળતર મળી રહેશે, અને તેમ છતાં હાલ ચાલે છે તેમ તેનાથી હરીફાઇને ઉત્તેજન નહિ મળે.

યેરવડા જેલને અંગે એક છાપખાનું ચાલે છે. આ છાપખાનું ઘણુંખરૂં કેદીઓની મહેનતથી જ ચલાવવામાં આવે છે. આવાં છાપખાનાં જે બહારનું છાપકામ લેતાં હોય તો તે સામાન્ય છાપખાનાંઓ જોડે અયોગ્ય હરીફાઇમાં ઉતરે છે એમ હું કહું. જો કેદખાનાં ઉદ્યોગસંસ્થાઓ સાથે હરીફાઈમાં ઉતરે તો તે સહેલાઈથી નફો કરે એ દેખીતું છે પણ મારે કહેવાનું તાત્પર્ય એ છે કે આવી હરીફાઈમાં ઉતર્યા વગર કેદખાનાં સ્વાશ્રયી બની શકે છે અને કામ કરનારા માણસોને સાથે સાથે એક એવા ઉદ્યોગનું જ્ઞાન મળી જાય કે જે કેદીને જેલમાંથી છૂટ્યા પછી સ્વતંત્ર ધંધો કરવામાં મદદરૂપ થઈ પડે અને આબરૂદાર નાગરિકનું જીવન ગાળવા તરફ તેમને ઉત્તેજન મળે.

વળી વસ્તીની શાન્તિને ખલેલ ન પહોંચે એટલે અંશે કેદીઓની આસપાસ હું ઘરના જેવું વાતાવરણ કરી મૂકું. મતલબ કે તેમનાં સગાંવહાલાંને જોઇએ ત્યારે મળવાની, ચોપડીઓ મંગાવવાની અને શિક્ષણ લેવાની પણ હું તો તેમને વ્યવસ્થા કરી આપું. કેદીઓને વિષે જે અવિશ્વાસ રાખવામાં આવે છે તેને બદલે વિશ્વાસ સ્થાપું. તેઓ જે કંઇ કામ કરી શકે તેવું કામ હું તેમને સોંપું અને તેમને પોતાનો ખોરાક કાચો અથવા પાકો મંગાવી લેવા દઉં.

ઘણીખરી સજાઓની મુદત મુકરર હોય છે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદલે હું તેમને અનિયમિત કરું. તે એ રીતે કે સમાજના રક્ષણ માટે અને તેના પોતાના સુધારા માટે જેટલી મુદત કેદીને જેલમાં રાખવાની જરૂર જ હોય તેથી એક ઘડી પણ વધુ તેને જેલમાં ન રાખું.

હું જાણું છું કે આ બધું કરવાને આખી સંસ્થા નવેસરથી રચવી જોઇએ, અને હાલ જેમ ઘણાખરા જેલરો લશ્કરી નોકરીમાંથી ફારગ થએલા માણસો હોય છે તેમ ન કરતાં જુદા જ માણસો જેલોમાં નીમવા જોઇએ. મને એવી પણ ખાત્રી છે કે આવો સુધારો કરવામાં નવો ખરચ પણ ભાગ્યે જ આજે કરવો પડે.

હાલ તો કેદખાનાંઓ એ લફંગાઓને માટે આરામ-ગૃહો અને સામાન્ય સીધા કેદીઓને માટે જુલમખાનાં છે. અને ઘણાખરા કેદીઓ તો સીધા જ હોય છે. લફંગાઓ જોઇએ તે મેળવવામાં કાવી જાય છે અને બિચારા સીધી લીટીના કેદીઓને જે વિના ચાલે એવી ચીજો પણ મળતી નથી. મેં ઉપર જે યોજનાની આછી રૂપરેખા દોરી છે તે યોજના પ્રમાણે તો લફંગાઓ સુખની આશા રાખે તે પહેલાં તેમને સીધાદોર થવું પડશે અને સીધા નિર્દોષ કેદીઓને જેટલું આપી શકાય તેટલું અનુકૂળ વાતાવરણ મળી રહેશે. પ્રમાણિકતાનું વળતર મળશે અને દાંગાઇ દંડાશે.

કેદીઓની પાસે ખોરાકના બદલામાં કામ લેવાથી આળસનું નામ નહિ રહે અને જેલોમાં ખેતી તથા વણાટ એ બે ઉદ્યોગ તથા તેના અંગના પેટા ઉદ્યોગો રાખવાથી અત્યારે દેખરેખને અંગે જે ભારે ખરચ રાખવું પડે છે તે ઘણું ઓછું થઇ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

કેટલાક કેદી વાર્ડરો

કેદીઓને જેલના અમલદાર અથવા વાર્ડર નીમવાની પ્રથા વિષે હું લખી ચૂક્યો. એ પ્રથાને હું તદ્દન ખરાબ અને અનીતિકારક માનું છું. જેલના અમલદારોને પણ એ વાતની ખબર છે. તેઓ કહે છે કે કરકસરને લીધે આમ કરવું પડે છે. તેઓ માને છે કે હાલના પગારદાર નોકરો ઉપરાંત કેદી નોકરો ઉમેરવામાં ન આવે તો જેલની સુવ્યવસ્થા થઇ ન શકે. છેલ્લા પ્રકરણમાં મેં જે સુધારો સૂચવ્યો છે તે દાખલ કરવામાં ન આવે તો કેદીઓને જવાબદારીનું કામ સોંપ્યા વિના ન ચાલે, અથવા તો જેલનું ખર્ચ બહુ વધી જાય.

છતાં આ પ્રકરણમાં હું જેલસુધારા વિષે વધુ કહેવા ઈચ્છતો નથી. કેટલાક કેદી અમલદારો જેમને અમારી દેખરેખ અને દરકાર રાખવાને નીમવામાં આવ્યા હતા તેમની સાથેના મારા કેટલાક સુખદ અનુભવો જ હું કહીશ.

જ્યારે ભાઈ બૅકરને અને મને યરોડા સેન્ટ્રલ જેલમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ જવામાં આવ્યા ત્યારે અમારા ઉપર એક વાર્ડર અને એક બરદાસી મૂકવામાં આવેલો હતો. બરદાસી એટલે બરદાસી કરનારો નોકર. પેલા જે કેદી વાર્ડરની સાથે અમારે પહેલું ઓળખાણ થયું તે પંજાબ તરફનો હિંદુ હતો. એનું નામ હરકરણ હતું. એ ખૂનને માટે ગુન્હેગાર ઠર્યો હતો. તેના કહેવા પ્રમાણે તેણે ઇરાદાપૂર્વક ખૂન નહોતું કર્યું પણ ક્રોધના આવેશમાં કર્યું હતું. તેનો ધંધો પરચુરણ દુકાનદારીનો હતો. તેને ચૌદ વર્ષની સજા હતી જેમાંનાં લગભગ નવ વર્ષ તો એણે પૂરાં કર્યાં હતાં. એની ઉમ્મર ઠીક મોટી કહેવાય. જેલજીવનની તેના ઉપર અસર દેખાતી હતી. હમેશાં તે વિચારમાં મશગુલ રહેતો, અને છૂટવાની આતુરતાથી રાહ જોતો. આ કારણથી તે અતિશય મૂઝ અને ચીડીઓ હતો. તેને પોતાના હોદ્દાનું ભાન હતું. તેનું જે માનતા અને તેની જે સેવા કરતા તેમના ઉપર તેના ચારે હાથ હતા. જે તેની આડે આવતા તેને તે ડરેલા રાખતો. દેખે તો તે ખૂનનો ગુન્હેગાર હોય એમ ભાગ્યે જ કોઇને લાગે. તે ઉર્દૂ સડસડાટ વાંચી શકતો. ધાર્મિક વૃત્તિનોયે હતો, અને ઉર્દૂ ભજનો વાંચવાનો તેને શોખ હતો. ચરોડા જેલના પુસ્તકાલયમાં અનેક હિન્દી ભાષામાં લખાયેલી ચોપડીઓ કેદીઓ માટે છે. આમાં હિન્દી, ઉર્દૂ, ગુજરાતી, મરાઠી, સિન્ધી, કાનડી અને તામિલ આવી જાય છે. જેલ-નિયમોને ઉંચા મૂકીને નાની નાની વસ્તુઓ પોતા પાસે સંતાડી રાખતાં તે ન અચકાતો. કારણ તેના મતના બીજા ઘણાય હતા. નાની નાની વસ્તુઓને ન ચોરવી એ તો વાયડાઇ અને મૂર્ખાઇ ગણાય. આ અણલખેલો કાયદો ન માનનારા કેદીની બીજા કેદીઓ ખૂરી વલે કરતા. ઓછામાં ઓછી સજા અસહકાર ગણાતી. જેલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમ્પાઉન્ડની બધી જમીન એક ફૂટ ખોદી નાખવામાં આવે તો તેમાંથી ચમચા, ચપ્પુ, વાસણો, સિગરેટ, સાબુ અને એવી એવી અનેક સંતાડેલી વસ્તુઓ તેમાંથી નીકળે. હરકરણ તો યરોડામાં ઘરડો થયેલો હતો એટલે કેદીઓના તે મુખ્ય મોદી જેવો જ થઈ પડ્યો હતો. કેદીને કંઈ પણ જોઇએ તો હરકરણ તે લાવી આપવાનો. એકવાર રોટી ને લીંબુ કાપવાને માટે છરી જોઇતી હતી. હરકરણની મારફતે હું એ મંગાવત તો જરૂર તે લઇ આવત. સુપરિન્ટેન્ડન્ટની પાસે માગણી કરવાની લપમાં મારે પડવું હોય તો ભલે પડું, ત્યાંથી ઠપકો મેળવવાને પણ મારે તૈયારી રાખવી જ જોઇએ. આખરે અમે જ્યારે મિત્રો થયા ત્યારે તેણે પોતાનાં બધાં અદ્‌ભુત પરાક્રમો વર્ણવી સંભળાવ્યાં—અમલદારને ઠગવાની વાતો, પોતાને માટે અને બીજાને માટે અનેક અનેક મનપસંદ ચીજો મેળવવાની વાતો, કેદીઓ પોતાને જોઇતી વસ્તુ મેળવવાને માટે કેવી કેવી યુક્તિઓ રચતા તેની વાતો અને એવી યુક્તિ વિના જેલમાં ન જ જીવી શકાય એવો તેમનો અભિપ્રાય તે બહુ વિસ્તારથી અને ખૂબ બડાશથી કહેતો. તેના પરાક્રમમાં મને કશો રસ ન પડતો કે તેના ધંધામાં કશો હિસ્સો લેવાને માટે મન ન થતું એ જોઇને તેને ત્રાસ છૂટતો. મારી આગળ એવી એવી વાત કરવાની તેનાથી જે ભૂલ થઈ ગઇ હતી તેને કંઇક સુધારી લેવાનો તેણે પાછળથી પ્રયત્ન કર્યો હતો અને મને ખાત્રી આપી હતી કે 'હું તમે કહો છો તે સમજ્યો છું. હવે નિયમોનો આવી રીતે ભંગ નહિ કરું.' પણ મને શક છે કે આ પશ્ચાત્તાપ ઉપર ઉપરનો જ હતો. પણ વાંચકે આ બધી વાતોથી એવું ન સમજવું કે જેલઅમલદારોને આ નિયમભંગોની ખબર નથી હોતી. એ તો જગજાહેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેમને એ બધી વાતોની ખબર હોય છે એટલું જ નહિ પણ સુખમાં અને ચેનમાં રહેવાને માટે આવી યુક્તિઓ કરનારા કેદીઓ માટે તેમને ઘણીવાર સમભાવ પણ હોય છે. એ અમલદારો 'તું તારે રસ્તે અને હું મારે રસ્તે'ના સિદ્ધાંતમાં માનનારા હોય છે. ઉપરીઓની રૂબરૂ જે બરોબર વર્તન રાખે, તેમના હુકમ માને, પોતાના સાથીઓ સાથે લડે નહિ અને અમલદારોને કનડે નહિ એવા કેદીઓને વધારે સુખ મેળવવાને માટે ગમે તે નિયમ તોડવાની છૂટ છે એમ કહી શકાય.

વારૂ, ત્યારે હરકરણની સાથે પહેલું ઓળખાણ કંઈ ખાસ મીઠું નહિ કહી શકાય. એ જાણતો હતો કે અમે 'મોટા દરજ્જા'ના કેદીઓ હતા. પણ તેનો દરજ્જો કંઈ નાનો ન હતો. તે એક અમલદાર અને લાંબી આબરૂભરી નોકરી બજાવ્યાનું તેની ટિકીટમાં નોંધાયલું હતું. એને કોઈની શરમ પડે એમ નહોતું. અમે ગયા તેને બીજે જ દિવસે બૅકરને મારી પાસેથી ખસેડવામાં આવ્યા એટલે હરકરણે પોતાની સત્તાનો પૂરેપૂરો દોર મારા ઉપર ચલાવવા માંડયો. 'તમારે ફલાણું ન કરવું, ઢીંકણું ન કરવું. ધોળી લીટી (હકીમજીના કાગળમાં મેં વર્ણવેલી ધોળી લીટી) બહાર ન જવું,' પણ તેનું વેર વાળવાનો અથવા તેની સામા થવાનો મને તો જરા સરખોયે ખ્યાલ ન હતો. હું મારા પોતાના કામ અને અભ્યાસમાંથી પરવારૂં તો જ મને હરકરણના નાદાન અને બાલિશ હુકમોનો વિચાર કરવાનો વખત મળે ને ? મને તો ઘડીક ગમ્મત પડતી. હરકરણને પાછળથી પોતાની ભૂલ માલમ પડી. જ્યારે તેણે જોયું કે તેની ધાલમેલથી હું ચીડાતો નહિ, કે તેની કશી દરકાર કરતો નહિ ત્યારે તે બાઘો બન્યો. આવા પ્રસંગને માટે એ તૈયાર નહોતો. એટલે તેને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલો એકમાત્ર માર્ગ તેણે પસંદ કર્યો. તે એ કે તેણે મારો અને તેની પોતાની વચ્ચેનો ભેદ સ્વીકાર્યો, અને તેને અનુકૂળ થવાની મેં ના પાડી એટલે તે મને અનુકૂળ થવા લાગ્યો. મારા અહિંસાત્મક અસહકારને પરિણામે તેણે મારી સાથે સહકાર કર્યો. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, સમાજ સમાજ વચ્ચે, સરકાર અને પ્રજા વચ્ચે ચાલતા બધા અહિંસાત્મક અસહકારનું પરિણામ હાર્દિક સહકારમાં આવ્યા વિના રહે જ નહિ. ગમે તેમ હો, હરકરણ ને હું પાકા દોસ્ત બન્યા. અને બૅકરને મારી પાસે આવવાની રજા મળી ત્યારે તેણે કંઈ કસર હતી તેટલી પૂરી કરી. જેલમાં ભાઇ બૅકરનું એક કામ મારી દાંડી પીટવાનું હતું. તેમને એમ લાગ્યું કે હરકરણ અને બીજાઓ મારી મોટાઈ પૂરી સમજ્યા નહોતા. બે ત્રણ દિવસમાં તેમણે મને લાડકવાયો લાલ કરી મૂક્યો. ઓરડો વાળવાનું અને કામળા સૂકવવાનું મારું કામ મારા જેવા 'મોટા' માણસને કરવા દેવાય? અગાઉથી જ હરકરણ મારે માટે અરધોઅરધો તો થઇ જતો હતો, પણ હવે તો તેની વધારે પડતી માવજતથી હું અકળાવા લાગ્યો. કંઈ પણ મારે હાથે કરવું, અરે એક નાનકડો રૂમાલ ધોવો, એ પણ મારે માટે અશક્ય થઇ પડયું. હરકરણ મને ધોતો સાંભળે કે તરત નહાવાની ઓરડીમાં દોડી આવે અને મારી પાસેથી રૂમાલ ઝુંટવી લે. હરકરણ અમારે માટે કંઇક ગેરકાયદેસર કરી રહ્યો છે એવી અમલદારોને શંકા થઇ, કે પછી કંઈ પણ ઈરાદા વિના, પણ હરકરણને અમારી પાસેથી ખસેડવામાં આવ્યો. અમને તો દુઃખ થયું જ, પણ હરકરણને અમારા કરતાં કદાચ વધારે દુઃખ થયું હશે. અમારી સાથે તેને બાદશાહી ભોગવવાની હતી. તેને જોઇએ એટલું ખાવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળતું. અને તે પણ ખુલ્લી રીતે અમારા ખોરાકમાંથી. કારણ મિત્રો બહારથી ફળ મોકલતા, એટલે અમારે ખાવાનું વધી પડતું. અને અમારી તો કીર્તિ ચારે દિશામાં સંભળાતી હતી, એટલે અમારી સાથેના સમાગમને લીધે બીજા કેદીઓમાં હરકરણનો દરજ્જો વધી ગયો હતો.

મને જ્યારે કોટડીના વરંડામાં સૂવાની રજા મળી ત્યારે અમલદારોએ ધાર્યું કે મને એક જ વાર્ડરને ધીરવો એમાં જોખમ રહેલું છે. કદાચ નિયમ જ એવા હશે કે જેની કોટડી ખુલ્લી રાખવામાં આવે તેના ઉપર દેખરેખ રાખનારા બે વાર્ડરો મૂકવા જોઇએ. કદાચ મારા રક્ષણ માટે પણ એક વાર્ડર વધારવામાં આવ્યો હોય. ગમે તે કારણ હોય પણ રાતના પહેરો ભરવા માટે એક નવો વાર્ડર મૂકવામાં આવ્યો. એનું નામ શાબાશખાન. મેં કદિ કારણ પૂછ્યું નથી પણ મને લાગેલું કે હિન્દુ હરકરણનું સાદું વાળવા માટે મુસલમાન વાર્ડરને રાખવામાં આવ્યો હતો. શાબાશખાન એક જોરાવર બલુચી હતો. એ હરકરણની સાથે જ જેલમાં દાખલ થએલો. બંનેને એકબીજા સાથે સારું પિછાન હતું. શાબાશખાન પણ ખૂનનો ગુન્હો કરીને આવેલો હતો. તેની ટોળીમાં બબ્બેડો થયેલો તેમાંથી એ ગુન્હો થવા પામેલો. શાબાશખાન જેટલો લાંબો હતો તેટલો જ પહોળો હતો. તેનું કદ જોઈ મને હમેશાં શૌકતઅલી યાદ આવતા. પહેલે જ દિવસે શાબાશખાને મને અભયદાન દીધેલું. તેણે કહેલું, 'હું તમારા ઉપર જરાય પહેરો રાખવાનો નથી. મને દોસ્ત સમજજો. અને તમારી ઇચ્છા પડે તેમ કરજો. હું કદિ તમારી આડે આવવાનો નથી. મારા સરખું કાંઈ કામકાજ હોય તો ખુશીથી હું કરીશ; ફરમાવજો.' અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાબાશખાને પોતાનું વચન પૂરેપૂરું પાળ્યું. હમેશાં તે સભ્યતાથી વર્તતો, અનેકવાર જેલની વાનગી મને ચખાડવાનો તે પ્રયત્ન કરતો. પણ હું તે નહિ લેતો તેથી તેના દિલને બહુ દુઃખ થતું. મને તે કહેતો, 'જુઓને આવી નહિ જેવી વસ્તુઓ આપણે નહિ મેળવી લઇએ તો જીંદગી રોજ એકની એક વસ્તુ ખાવે અસહ્ય થઇ પડે. તમારા લોકોની વાત જુદી. તમે તો ધરમને માટે આવેલા એટલે તમને કશી મૂંઝવણ ન થાય. પણ અમે તો ગુન્હા કરીને આવેલા; એટલે અહીંઆથી જેમ બને તેમ જલદી ભાગવાનું જ મન થાય.' શાબાશખાન જેલરનો માનીતો હતો. એક દિવસ તેનાં ગુણગાન કરતાં જેલર કહે, 'જુઓ તો ખરા, કેવો સજ્જન લાગે છે. ગુસ્સામાં બિચારાએ ખૂન કરેલું પણ તેનો એને હવે પસ્તાવો થાય છે. નક્કી માનજો કે જેલ બહાર શાબાશખાનના કરતાં વધારે સારા માણસો જોવાના ન મળે. બધા કેદીઓ ગુન્હેગાર છે એમ માનવું એ ભૂલ છે. શાબાશખાન તો અતિશય વિશ્વાસપાત્ર અને શરીફ છે, જો મારું ચાલતું હોય તો હું તેને આજે જ છોડી દઉં.' અને જેલરની વાત ખોટી નહોતી. શાબાશખાન સરસ માણસ હતો. અને જેલમાં તે જ એકલો સરસ કેદી હતો એમ નહિ, બીજા પણ હતા. પણ અહીંઆ હું કહી દઉં કે જેલે તેને સારો નહોતો બનાવ્યો, બહારથી જ તે સારો આવેલો.

કેદી અમલદાર લાંબો વખત સુધી એકના એક કામ પર રહેવા ન દેવાનો જેલમાં રિવાજ છે. એટલે વારંવાર ફેરબદલીઓ થયાં કરે છે. એ સાવચેતી રાખવી જરૂર રહે છે. ચાલુ પ્રથામાં તો કેદીઓને એકબીજા સાથે ઘાડો સંબંધ ન જ રાખવા દેવાય એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમને અવનવા કેદી અમલદારોના અવનવા અનુભવ થયા. બે'ક મહિના પછી શાબાશખાનને બદલી આદનને મૂકવામાં આવ્યો. પણ આદનની વાત તો હવે આવતા પ્રકરણમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

કેટલાક કેદી વાર્તા (૨)

આદન એક સોમાલીલૅન્ડનો વતની જુવાન સિપાઈ હતો અને મહાયુદ્ધ દરમ્યાન બ્રિટિશ લશ્કરને છોડી ગયાના ગુન્હાને કારણે તેને દસ વરસની સજા થએલી. જેલઅમલદારોએ તેને એડનથી બદલી કરી મોકલેલો. અમે ચરોડા ગયા ત્યારે એણે પોતાની સજાનાં ચાર વરસ ભરેલાં. એ નિરક્ષર હતો એમજ કહેવાય. મુશ્કેલીપૂર્વક કુરાન વાંચી શકતો પણ તેમાંથી જોઈ જોઈને પણ કશું સાચું લખી શકતો નહિ. ઉર્દુ તે ઠીક બોલતો અને ઉર્દુ ભણવા ઇન્તેજાર રહેતો. સુપરિન્ટેન્ડન્ટની રજા લઈને મેં એને શીખવવા માંડ્યું પણ મૂળાક્ષર જ એને બહુ અઘરા પડ્યા અને એણે મૂકી દીધું.

આમ છતાં આદન ભારે ચકોર અને કુશાગ્ર બુદ્ધિનો માણસ હતો. ધાર્મિક બાબતોનો એને સૌથી વધારે રસ. પોતે ચુસ્ત મુસલમાન હતો, એટલેક નિમાજ નિયમસર પઢે અને મધરાતની નિમાજ પણ ચૂકે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમઝાન મહિનામાં રોજું તો એકે તૂટવા જ શેનું દે ? તસબી તો આઠે પ્હોર એની સંગાથી. નવરો પડે ત્યારે કુરાનશરીફમાંથી આયતો પઢે. ઘણીવાર મારી જોડે હિન્દુ રિવાજ મુજબના આખા રાતદિવસના ઉપવાસ ઉપર ચર્ચા કરે. અહિંસા વિષે વાદવિવાદ ચલાવે. પોતે શરવીર માણસ હતો. પૂરો વિનયી હતો છતાં કોઇની ખુશામત કે આજ્ઞા કદિ ન કરતો. મિજાજમાં જરા ગરમ હતો તેથી ઘણીવાર બરદાસી જોડે અગર તો બીજા વાર્ડર જોડે લડી પડતો. આમ અમારે કોઇ કોઇ-વાર તેમના ગુસ્સા પતાવવા પડતા. હાડનો સિપાઇ અને માણસ સમજુ તેથી આવી સમાધાનીના પ્રસંગો-એ અપાએલો ચુકાદો બીનતકરાર માથે ચડાવતો પણ પોતાની બાજુ કોઇથી ન દબાતાં સચોટ ભાષામાં રજૂ કરતો.

આદન જ બધા વાર્ડરોમાં અમારી જોડે સૌથી વધારેમાં વધારે રહ્યો. એનું હેત મારા કિંમતીમાં કિંમતી સંસ્મરણોમાં રહેશે. મારી બરદાસ સાચવવામાં એણે કશી મણા રાખી નથી. મારો ખોરાક મને બરોબર નીમેલા કલાકને ટકોરે નિયમિતપણે મળે એ વિષે એ ભારે ખબરદારી રાખતો. જો કદિ હું માંદોસાજો થાઉં તો તે ગમગીન બની જાય. મને જરૂરી વસ્તુઓનો હંમેશાં ખ્યાલ રાખ્યા કરે. મને જાતે કશી જ મહેનત કરવા દે નહિ. છૂટી જવા અથવા તો છેવટ પોતાના મુલક તરફ એટલે એડન જેલબદલી મેળવવા એ અતિ-શય ઈન્તેજાર હતો. મેં એને મદદ કરવા પુષ્કળ મહેનત કરી. મેં એને અરજીઓ ઉપર અરજીઓ ઘડી આપી. સુપરિન્ટેન્ડન્ટે પણ પોતાથી બનતો બધો પ્રયાસ કર્યો, પણ વાત એડનના જેલઅમલદારોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમાં હતી. એને આશા આપવામાં આવી હતી કે વરસ (૧૯૨૩) આખર થતાં પહેલાં એને છોડી મૂકવામાં આવશે. હું ઉમેદ રાખું છું કે અત્યારે એ જેલ બહાર હશે.

મેં એની આમ જરાતરા સેવા બજાવી એથી તો વળી એ મારો અંગત મિત્ર બની ગયો અને અમારી વચ્ચે પાકી માયા બંધાઇ. અને જ્યારે આદનને અમારા વાર્ડમાંથી બીજા ભાગમાં બદલવામાં આવ્યો ત્યારે એ વિદાય કારી થઇ પડી.

બીજી પણ એક વાતનો ઉલ્લેખ કરતાં મારે ભૂલવું ન જોઇએ. તે એ કે જ્યારે મેં જેલમાં કાંતવાપીંજવાનું કામ ચલાવવા માંડ્યું ત્યારે આદન એક હાથે અપંગ છતાં ભારે ઉદ્યમ અને ખંતપૂર્વક પૂણીઓ બનાવવામાં મચ્યો રહેતો. વખત જતે એ કળામાં એ પૂરો પ્રવીણ બન્યો અને એ કામ ઉપર એને ખૂબ પ્રેમ પણ ઉપજ્યો.

જેમ શાબાશખાનની જગ્યા આદને લીધી હતી તેમ હરકરણની જગ્યાએ ભીવો આવ્યો. જરાવારમાં જ અમને આશ્ચર્યપૂર્વક ખબર પડી કે ભીવો દક્ષિણી મહાર એટલે અસ્પૃશ્ય જાતિનો હતો અને તેથી અમારા આનંદનો પાર રહ્યો નહિ. જેટલા કંઇ વાર્ડરોના પ્રસંગમાં જેલમાં હું આવ્યો છું તે બધામાં મને લાગે છે કે આ ભીવો સૌથી વધારે ઉદ્યોગી હતો. વાંચનારને સાંભળીને નવાઈ લાગશે કે જેલો પણ આ અસ્પૃશ્યતાના સડાથી મુક્ત રહેવા પામી નથી. બાપડો ભીવો અમારી કોટડીઓમાં દાખલ થતાં પણ ધ્રૂજે ! અમારા પાણીના માટલાને અડકે નહિ. અમે એને તાણડતોબ હૈયાધારણ આપી કે અમને અસ્પૃશ્યોને વિષે કોઇ પ્રકારની સૂગ નથી એટલું જ નહિ પણ અમે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કલંક ધોવા અમારાથી બનતું બધું કરનારા છીએ. ભાઇ શંકરલાલે તો એની બેડે ખાસ દોરતી બાંધી અને જોતજોતામાં અમારી બેડે પૂરેપૂરો હેળવી દીધો. તેમણે ભીવાને પોતાની સાથે એટલી હદ સુધી છૂટથી વર્તતો કરી દીધો કે કોઈવાર શંકરલાલ એની ઉપર ચીડાય ત્યારે ભીવો સામો થઇ રીસાય અને અંતે શંકરલાલ એની માફી માગી એને મનાવી લાવે ! શંકરલાલે એને ભણવા પણ લલચાવ્યો અને કાંતતાં તો અલબત્ત શીખવ્યું જ. પરિણામ એ આવ્યું કે માની ન શકાય એટલા ટૂંક વખતમાં ભીવો એક ચુનંદો કાંતનાર બની ગયો અને એ કામ ઉપર એને એવું તો વ્હાલ ઉપજ્યું કે એણે વણાટ શીખી લેવાનો અને જેલમાંથી છૂટ્યા પછી આ ધંધાથી જ પોતાનું ગુજરાન મેળવવાનો સંકલ્પ કર્યો !

જેલમાં મેં સવારના ૪-૧૫ વાગે ગરમ પાણીમાં લીંબુ નીચોવીને તે પીવાની ટેવ પાડી હતી. ચાર વાગે ઉઠીને મારે સારૂ ગરમ પાણી તૈયાર કરવાનું કામ કરવા બાબત જ્યારે મેં શંકરલાલ સામે વાંધો લેવા માંડયો ત્યારે શંકરલાલે ધીમે રહીને ભીવાને આ રહસ્યની દીક્ષા આપી દીધી ! કેદીઓ જેલમાં ઉઠે છે તો ઘણા વહેલા પણ એટલું વહેલું એમને પોતાની પથારી (કાથાની દોરીનું ખાટ)માંથી ઉઠવું ગમતું નથી. પણ ભીવાએ તો શંકરલાલની સૂચનાને તત્કાળ દિલોજાનથી વધાવી લીધી.

પણ રોજ ચાર વાગે ભીવાને જગાડવાનું કામ તો શંકરલાલને જ માથે રહ્યું. જ્યારે ભીવો ગયો (એને ખાસ લાભ આપીને છોડી મૂકવામાં આવેલો) ત્યારે આદને એ કામ માથે લીધું. મેં જતે એટલું કરી લેવા કરેલું પણ એ મને શેનો દાદ દે ? આમ આ પરોઢિયા ના ગરમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીની પરંપરા ભાઇ શંકરલાલના છૂટી ગયા પછી પણ ચાલુ જ રહી. વાર્ડ છોડી જનારો દરેક જૂનો વાર્ડર નવા આવેલા વાર્ડરને આ બધાં રહસ્યોની દીક્ષા આપતો જાય ! મારે કહેવાની જરૂર ન જ હોય કે કેદીને કરવાના આખા દિવસના ફરજીઆત કામમાં આ મળસ્કાના કામનો સમાવેશ થતો નહોતો. વળી જેલનિયમ પ્રમાણે કેદીઓ વાર્ડરની જગ્યા મળે એટલે જ્યારે કામ કરવાની ફરજમાંથી નીકળી જાય છે તેમને તો હુકમ ચલાવવાનો જ હોય છે.

પણ જેમ જીવલગ મિત્રોને પણ કોઇ ને કોઇ દિવસ વિયોગનો દિવસ આવી પહોંચે છે તેમ એક દિવસ ભીખાએ અમને રામરામ કર્યા. શંકરલાલ આપે તે ખાદીની ટોપીઓ, ખાદીનાં પહેરણો, ખાદીનાં ધોતીઆં અને એક ખાદીનો ચોફાળ લેવાની તેને પરવાનગી મળી હતી. તેણે બહાર જઇને ખાદી સિવાય બીજું કશું જ ન પહેરવાનો કોલ આપ્યો હતો. હું આશા રાખું છું કે ભલો ભીખો જ્યાં હોય ત્યાં પોતાની પ્રતિજ્ઞા પાળી રહ્યો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

કેટલાક કેદી વાર્ડરો (ચાલુ)

ભીવાની પાછળ ઠમુ આવ્યો. એ પણ દક્ષિણી હતો. ઠમુ સૌમ્ય રીતભાતનો વાર્ડર હતો. એનામાં ઝાઝું શહૂર ન હતું. ચીંધેલું કામ કરતો પણ પોતાની મેળે પ્રેરાઈને ખાસ તસ્દી ઉઠાવી કામ કરવા તરફ તેને પ્રીતિ નહોતી. તેથી તેને અને આદનને બરાબર ભડતું નહિ. પણ ઠમુ બીકણ હોવાથી અંતે હમેશાં આદનને વશ થતો. ઠમુને તો અમારે ત્યાં એવી મોજ હતી (જેટલા આવતા તે દરેકને થતી) કે અમારાથી વિખૂટા પડવાની તેની મુદ્દલ ઇચ્છા નહોતી. તેથી બદલી થાય તે કરતાં આદનની ઝુંસરી વેઠવા તે રાજી હતો. ઠમુ આદન પછી ઘણે વખતે આવેલો તેથી અમારે ત્યાં આદન ઉપરી ગણાતો. આ બધા કાલ્પનિક ઉપરીપણાના વગેરે ખ્યાલો જેલ જેવાં સ્થળોમાં કેવા ઘર કરી બેસે છે એ જોવાજેવું હોય છે.

યરોડા તો અમારે મન એક દુનિયા જ હતી, બલ્કે એ જ અમારી એકમાત્ર આખી દુનિયા હતી કહું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ચાલે. એકેએક નાની મોટી વઢવેડો કે ક્ષુલ્લકમાં ક્ષુલ્લક બોલાચાલી પણ જેલના કેદીઓની દુનિયામાં એકેએક ભારે બનાવ ગણાય. એવા બનાવની ઝીણામાં ઝીણી વિગતોની પણ દિવસોના દિવસો લગી પડપૂછો ચાલે અને તેનાં લંબાણભર્યાં વર્ણનો એક કેદી બીજા આગળ પચાસમી વેળા કરી બતાવતાં કદિ થાકે નહિ. ને જેલઅમલદારો જેલમાં કેદીઓને માત્ર કેદીઓમાં જ વચાય એવું એક 'જેલ અખબાર' ચલાવવાની પરવાનગી આપે તો તે કેદીઓમાં સોએ સો ટકા ફેલાવો પામે એ ચોક્કસ છે. અને વળી તેમાં ખબરો પણ કેવી લજ્જતદાર આવે ? સરસ ચડેલી દાળની ખબરો, સારા સમારેલા શાકની ખબરો, કેદીઓ વચ્ચે શબ્દોની સાઠમારીઓની અને પ્રસંગોપાત્ત બોલાચાલી ઉપરથી મારામારી અને પરિણામે જેલ સુપરિન્ટેન્ડેન્ટ આગળ જનારા તેના 'ખટલા'ની હકીકતો, આવી આવી બધી ખબરો બ્હારના લોકો મોટાં મોટાં ખાણાંઓ કે લડાઇઓની ખબરો જેટલી ઉત્સુકતાપૂર્વક વાંચે તેટલી જ ઉત્સુકતાપૂર્વક કેદીઓ વાંચે ! આપણા ધારાસભામાં ગએલા મિત્રોમાંના સાહસી સભાસદોને ઉપલી સૂચનાની હું ભેટ કરું છું કે જો તેઓ ઇચ્છે તો એવી જાતનો એક ખરડો ધારાસભામાં લાવી શકે છે કે જેની રૂએ દરેક જેલના સુપરિન્ટેન્ડેન્ટને કહેવામાં આવે કે તેમણે અમલદારોના કડક અંકુશ હેઠળ પણ જેલના કેદીઓને માત્ર તેમના પોતાના ઉપયોગ પૂરતું એક એક અખબાર ચઢાવવા અને ફેલાવવા દેવું.

વળી પાછા આપણે ઠમુ તરફ વળીએ. જો કે એ માણસ તરીકે પોચો હતો છતાં બીજી રીતે એ એની અગાઉના કોઇ પણ વાર્ડર જેટલો જ સારો હતો. રેંટી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આને તો એણે માછલું પાણીને અપનાવે તેમ અપનાવ્યો. એક અઠવાડિયામાં તો એણે મારા કરતાં પણ વધુ સરખું સૂતર કાંતવા માંડયું અને એક મહિનાની અંદર શિષ્યે ગુરૂને ક્યાંનો ક્યાં પાછળ મૂકી દીધો ! તે એટલે સુધી કે ઠમુની સરસાઇની મને ઇર્ષ્યા થવા લાગી. વળી ઠમુની પ્રગતિ જે ત્વરાથી થતી હતી તે ઉપરથી મેં જોયું કે મારી મંદ પ્રગતિ મારી ખરાબ હાર સૂચવનારી હતી. અંતે હરકોઇ સામાન્ય મનુષ્ય એક મહિનામાં સહેલાઇથી સૂતરનો આદર્શ તાર કાઢતો થઇ જઇ શકે. મેં જેટલા જેટલાને કાંતતાં શીખવ્યું તે દરેકે જોતજોતામાં મારા પર સરસાઇ કરી. ભીવાની પેઠે જ ઠમુને પણ રેંટીઓ એક મહા સુખદાયી સાથી થઇ પડયો. એના ધીમા મીઠા સંગીતમાં તેઓ પોતાનાં વ્હાલાંઓનું વિયોગદુઃખ ડૂબાવી શકતા. વખત જતે રેંટીઓ એ ઠમુનું સવારનું સૌ પહેલું કામ થઇ પડયું ને એ રોજના ચાર કલાક કાંતતો.

જ્યારે અમને યુરોપીઅન વૉર્ડમાં બદલવામાં આવ્યા ત્યારે ઘણા ફેરફારો થયા. સૌ પહેલી બદલી આદનની થઇ. આ બદલીથી એ કે અમે કોઇ રાજી થયા નહિ પણ અમે બહાદુર બનીને તે સ્વીકારી. પછી આવ્યો ઠમુનો વારો. બાપડો બદલીની વાત સાંભળતાની સાથે જ રડી ઉઠયો. એણે પોતાને રાખી લેવાનો પ્રયત્ન કરવા મને કહ્યું. પણ હું કઇ રીતે વચ્ચે પડી શકું ! મને લાગ્યું કે એ બાબત મારા ઇલાકા બહારની હતી. જેલ અમલદારોને ચાહે તે કેદીને ચાહે ત્યાં લઇ જવાનો હક હતો.

આદન અને ઠમુની જગ્યાએ કુન્તી કરીને એક ગુરખો અને ગંગાપ્પા કરીને એક કાનડી કેદી આવ્યા. ગુરખો આખી જેલમાં 'ગૂરખા' નામે જ ઓળખાતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝ ઓછાબોલો હતો પણ પાછળથી સંકોચ મેલી ગોઠડીઓ કરવા લાગેલો. શરૂઆતમાં તો એ પોતાની સ્થિતિ જ ચોક્કસ કળી શકેલો નહિ. કદાચે એને એમ પણ લાગ્યું હોય કે ડગલે ને પગલે અમે એની સામે અમલદારો આગળ રિપોર્ટ કરીશું પણ જ્યારે એણે જોયું કે અમારો એનું એવું કશું જ અનિષ્ટ કરવાનો મુદ્દલ ઇરાદો ન હતો ત્યારે એ વધુ નિકટ આવ્યો. પણ થોડા દિવસમાં જ એની બદલી થઇ ગઇ.

ગંગાપ્પાનું થોડુંક વર્ણન જેલ પત્રવહેવારના ઉપોદ્‌ઘાતમાં હું આપી ચૂકયો છું. એ આધેડ વયનો હતો. જેલનિયમોનું ઝીણામાં ઝીણું પાલન અને પોતાના નીમેલા કર્તવ્ય પ્રત્યે તેની અસાધારણ નિષ્ઠા એ બે વસ્તુએ મારા મનમાં એના પ્રત્યે ભારે ભાવ ઉત્પન્ન કર્યો. અમલદારો એને જે કંઇ કામ કરવાનો હુકમ કરે તે એ સંપૂર્ણ નિષ્ઠાથી જીવ તોડીને બજાવે. જે કરવાની એની ફરજ ન હોય એવી ફરજો એ સ્વેચ્છાપૂર્વક માથે લે. નવરો તો તમે એને ભાળો જ નહિ. મારા સાથીઓને માટે રોટલીઓ કરતાં અને શેકતાં એણે શીખી લીધું. મારા પોતા પ્રત્યેનો એનો ભાવ તો હું કદી વિસરી શકું એમ નથી. ગંગાપ્પાએ જેટલો જીવ તોડીને મારી ચાકરી કરી છે તેથી વધુ કોઇ પણ માણસની ચાકરી તેની સ્ત્રી કે બ્હેન કરી શકે નહિ. જ્યારે જુઓ ત્યારે એ જાગતો જ હોય. મારી જરૂરીઆતોના અગાઉથી ખ્યાલ રાખવામાં જ એને સુખ થાય. મારી એકએક ચીજ અરીસા જેવી સ્વચ્છ રહે અને કોઇ જગ્યાએ ડાઘોહુધી કે રજનું નામ સરખું ન રહેવા પામે એ તરફ એની રાતદિવસ કાળજી. હું માંદો થાઉં ત્યારે ગંગાપ્પા જ મારો બાહોશમાં બાહોશ નર્સ. કારણ માટે જતન એ જ એનું ચોવીસે કલાકનું લક્ષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે અમને યુરોપીઅન વૉર્ડમાં લઇ જવામાં આવ્યા ત્યારે ભાઇ મનઝરઅલી તેમજ ઇન્દુલાલ પ્રાર્થના વેળાએ મારી જોડે આવી બેસતા. વખત જતે મનઝર-અલીને છૂટવાનો વખત નજીક આવ્યો અને તેમને અલ્હાબાદ લઇ જવામાં આવ્યા. ભાઇ ઇન્દુલાલને નર્યા ભક્તિભાવ કરતાં કંઇક વધુ પ્રબળ અને તાત્ત્વિક ચિંતન-ની જરૂર લાગતી તેથી વખત જતે તેઓ મારી પ્રાર્થના-માં ભળતા બંધ થયા. ગંગાબ્બાને થયું કે આ મિત્રોના સાથ વગર પ્રાર્થનામાં મને એકલવાયું લાગશે અને કદાચ હું હિજરાઇશ. આથી જે દિવસે એણે મને પહેલવહેલો એકલો પ્રાર્થનામાં બેઠેલો જોયો તે જ દિવસે એ ચુપચાપ આવ્યો અને મારી સામે બેસી ગયો. કહેવાની જરૂર ન જ હોય કે આના આ કાર્યની પાછળ રહેલો મુગ્ધત્વમ વિવેકભાવ નિરખી હું હરખાયો. એનું કાર્ય તદ્દન સ્વયંપ્રેરિત, વિનયપૂર્ણ અને ગંગાબ્બાને સારૂ તદ્દન સ્વાભાવિક હતું. કઠ અર્થમાં હું એને ધાર્મિક નહિ કહું, જો કે મારી પોતાની કલ્પના પ્રમાણે તો એ અણીશુદ્ધ ધાર્મિક હતું. મારી આ પ્રાર્થનાની બેઠકોમાં હું કોઇને પણ જોતરતાં હમેશાં અચકાતો. કારણ સ્વયંસ્ફૂર્તિ વગર મારી ખાતર કોઇ પ્રાર્થનામાં બેસે એવું હું ન ઇચ્છું. એકલા પ્રાર્થના કરતાં મને કદિ એકલવાયું લાગ્યું નથી. એ સમયે હું સૌથી વધુમાં વધુ ઇશ્વરસાન્નિધ્ય અનુભવતો. આવે સમયે જો કોઇ આવે તો તેને મારા સાથને ખાતર નહિ પણ એ ઇશ્વરસાન્નિધ્યના અનુભવમાં તે ભાગ લેવા પામે એટલા સારૂ હું ઈચ્છું. આમ હોવાથી વૉર્ડરોને પ્રાર્થનામાં ભળવા જોતરતાં મને ખાસ આના-કાની થતી. મને થતું કે રખે તેઓ મારા બોલાવવાને લીધે નર્યા બાહ્ય વિવેકને ખાતર પ્રાર્થનામાં આવે. એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું ? હું તો તેમને પોતાને ઇશ્વર પ્રાર્થનામાં ભળવાની સ્વાભાવિક ઉર્મિ થઇ આવે તો જ પ્રાર્થનામાં ભળતા જોવા ઇચ્છું. ગંગાપ્પાયે જે મારો સાથ દીધો તેમાં તો કંઇક મારી એકાકી હાલત પ્રત્યે દયાભાવ મને કંઈક પવિત્ર અરધા કલાકના વાતાવરણમાં ભાગ લેવાની એની પોતાની ઇચ્છા એમ બેઉ લાગણીઓનું મિશ્રણ હતું એમ માનું છું, જો કે પ્રાર્થનામાં હું જે જે કંઇ ગાતો તે બધામાં એક 'રામનામ' સિવાય બીજી કશાનો એક શબ્દ સુદ્ધાં તે સમજી શકતો નહોતો. ગંગાપ્પા ભળ્યા પછી બીજો પણ એક અણ્ણાપ્પા નામનો કાનડી વૉર્ડર આ પ્રાર્થનાની બેઠકમાં ભળ્યો અને પાછળથી ભાઇ અબ્દુલ ગની પણ શરીક થવા પ્રેરાયા. મને લાગે છે કે ભાઇ અબ્દુલ ગની અજાણતાં પણ ગંગાપ્પાના વર્તનની અસરથી પ્રેરાયા હતા.

આમ વાચક જોશે કે કેદી વૉર્ડરોને લગતો મારો બધો જ જેલઅનુભવ એકસરખો સુખી સ્મરણોથી ભરેલો છે. મને મળ્યા તેથી વધુ નિષ્ઠાવાન સાથીઓ કે વધુ વફાદાર બરદાસીઓ હું ઇચ્છી જ શકું નહિ. પગારદાર માણસોની સેવા તો આના ઉપર એક થીગડું જ ગણાય અને મિત્રોની સેવા બહુ તો આની બરોબરી કરી શકે.

અને છતાં સમાજ આવા માણસોને દુર્દૈવવશાત્ તેમને જેલ થઇ એટલા સારૂ ગુન્હેગાર કે અસ્પૃશ્ય તરીકે ગણી સદાય હડધૂત કરે એ કેવું દયાજનક ? પાછલા પ્રકરણમાં જેલરનું જે વચન હું ટાંકી ચૂકયો છું તે જોડે હું તદ્દન સહમત છું કે આપણી જેલોમાં એવા અનેક માણસો છે જેઓ બહાર વસનારાઓના કરતાં ચડિયાતા છે. વાચક હવે સમજી શકશે કે જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારે મને છોડી મૂક્યાના ખબર મેં સાંભળ્યા ત્યારે મને એક રીતે દુઃખ શા સારૂ થયું. મને થયું કે મને છોડયો અને મારા જે બધા સાથીઓએ મને આટઆટલી દયામાયાથી તરબોળ કર્યો, અને મારા મત પ્રમાણે જેમને જેલોમાં પૂરી રાખવાનું સરકારને મુદ્દલ કારણ રહ્યું નથી, તેઓ તો હજુ જેમના તેમ જેલોમાં રહ્યા એ કેવું અસહ્ય ?

એક વાત કહી લઇને ગંગાપ્પાની દુઃખભર્યા અંતઃકરણે હું રજા લઇશ. ગંગાપ્પા પોતાની ટૂટીઓ હંમેશાં જાણતો. એ કાંતતો નહિ. એ કહેતો કે મારાથી એ બનતું નથી. મારી આંગળીઓમાં એટલી ચતુરાઇ નથી. પણ અમારી રેંટીઆ-ખોલીની એ રજેરજ વ્યવસ્થા રાખતો. મારા રેંટીઆને અરીસા જેવો સાફ રાખતો અને પોતાને બચતો બધો વખત રૂને તડકે નાંખવામાં અને સાફ કરી પીંજણને સારૂ તૈયાર કરવા પાછળ આપતો.

મારા જેલજીવનનાં અનેક સુખદ સ્મરણોમાં હું જાણું છું કે કેદી વૉર્ડરોના સહવાસનાં સ્મરણો મારા મન પર વધુમાં વધુ કાળ લગી ટકી રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

મારૂં વાંચન

હું બાળક હતો ત્યારે નિશાળનાં પુસ્તક વિના બીજું કાંઇ વાંચવાનો મને બહુ શોખ નહોતો. પાઠ્ય પુસ્તકોમાંથી જ મને વિચારનું પૂરૂં સાધન મળી રહેતું. કારણ નિશાળે જે ભણું તેને અમલમાં ઉતારવું મારે માટે સ્વાભાવિક હતું. ઘેર વાંચવા પ્રત્યે મને અત્યંત અણગમો હતો. ઘેર પાઠ કરતો તે પરાણે પરાણે. વિલાયતમાં વિદ્યાર્થી દશામાં પણ પરીક્ષાનાં પુસ્તક બહાર કાંઇ ન વાંચવાની મારી ટેવ ટકી રહી; પરંતુ હું સંસારમાં પડ્યો ત્યારે સામાન્ય જ્ઞાન મેળવવા માટે મારે વાંચવું જોઇએ એમ મને લાગ્યું. પણ પ્રથમથી જ મારા જીવનમાં તોફાન અને સંકટે દેખા દીધા. મંગળાચરણમાં કાઠિયાવાડના તે વખતના પોલિટિકલ એજંટ સાથે લડવાનું બન્યું. એટલે સાહિત્યમાં રસ લેવાનો બહુ સમય ન મળ્યો. દક્ષિણ આફ્રિકામાં સ્વાતંત્र्ययુદ્ધ મારી સંમુખે જ હોવા છતાં એક વર્ષ મને ઠીક નિવૃત્તિ હતી. ૧૮૯૩ની સાલ મેં ધાર્મિક સાધનામાં ગાળી. એટલે વાંચન સઘળું ધાર્મિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ થયું. ૧૮૯૪ પછી ચાલુ વાંચનનો મને સમય મળ્યો તે માત્ર દક્ષિણ આફ્રિકાની જેલોમાં જ. મને વાંચવાનો શોખ ઉત્પન્ન થયો એટલું જ નહિ, પણ સંસ્કૃતનું મારું જ્ઞાન પૂર્ણ કરવાનું તથા તામીલ, હિંદી અને ઉર્દુનો અભ્યાસ કરવાનું મને મન થયું. તામીલ, એટલા માટે કે દક્ષિણ આફ્રિકામાં મને અનેક તામીલીઓનો પ્રસંગ પડયો હતો, અને ઉર્દુ, કારણ મારે બહુ મુસલમાનો સાથે કામકાજ રહેતું. દક્ષિણ આફ્રિકાની જેલોમાં મારી વાંચનની અભિરુચિ તીક્ષ્ણ થઈ હતી, એટલે દક્ષિણ આફ્રિકાના મારા છેલ્લા કારાવાસ દરમ્યાન મને વહેલો છોડી મૂકવામાં આવ્યો ત્યારે મને દુઃખ થયેલું.

એટલે હિંદુસ્તાનમાં એવો અવસર આવ્યો, ત્યારે મેં તેને આનંદપૂર્વક વધાવી લીધો. મેં યરોડામાં કરવાના અભ્યાસનો નિયમિત ક્રમ ઘડી કાઢયો, જે પૂરો કરવા માટે છ વર્ષ બસ નહોતાં. પ્રથમના ત્રણ માસ મને ઝાંખી આશા હતી કે હિંદુસ્તાન ઠીક બનવશે, પરદેશી કાપડનો સંપૂર્ણ બહિષ્કાર કરશે, અને જેલનાં દરવાજા ઉઘાડશે. પણ તરત મારા જાણવામાં આવ્યું કે એમ બનવાનું નથી. મેં તરત જોયું કે એમ બનવા માટે જે શાંત વ્યવસ્થાપૂર્વક ઉદ્યોગ કરવો જોઈએ તે કરતાં પ્રજાને પાંચ વર્ષથી કાંઈ ઓછું ન લાગે. સ્વરાજ્ય સ્વરાજને કારણે ભલે નહિ તો પણ પ્રજાના શાંતિમય રચનાત્મક કામને પરિણામે હું વહેલો છૂટું તે ઠીક, તે વિના વહેલો છૂટવાની મને લેશમાત્ર ઇચ્છા નહોતી. જર્જરિત શરીરવાળો ચોપન વર્ષનો વૃદ્ધ હોવા છતાં ચોવીશ વર્ષના તરુણ જેટલા ઉત્સાહપૂર્વક મેં અભ્યાસ માંડયો. મારો સમયની એકેએક ક્ષણનો હિસાબ રાખતો, અને છૂટતે ત્યારે ઉર્દુ અને તામીલનો ઠીક ઠીક અભ્યાસી થઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સંસ્કૃતનું સારૂં જ્ઞાન લઇને હું નીકળત એવી વકી હતી. સંસ્કૃત મૂળ ગ્રંથ વાંચવાની મારી કામના પૂર્ણ થઈ હોત—પણ એમ બનવાકાળ નહોતું. દુર્ભાગ્યે મંદવાડ આવ્યો, એને પરિણામે હું છૂટયો ને મારા અભ્યાસના રંગમાં ભંગ પડયો. છતાં આટલા સમયમાં પણ હું કેટલું વાંચી શકયો તેનો ખ્યાલ વાચકને નીચેની ટીપ ઉપરથી આવશે.

અંગ્રેજી

૧. કેંબ્રીજ હિસ્ટરી ઑફ સ્કોટલંડ; ૨. ધ માસ્ટર ઍન્ડ હિઝ ટીચીંગ; ૩. આર્મ ઑફ ગૉડ; ૪. ક્રિશ્ચિએનિટી ઇન પ્રેક્ટિસ; ૪. ધ વે ટુ બિગિન લાઇફ; ૫. ટ્રિપ્સ ટુ ધ મૂન (લ્યુસ્યન); ૬. ઇડિયન ઍડમિનિસ્ટ્રેશન (ઠાકોર); ૭. નૅચરલ હિસ્ટરી ઑફ બર્ડ્ઝ; ૮. ધ યંગ કુઝેડર; ૯. બાઇબલ ન્યુ ઑફ ધ વર્લ્ડ માર્ટર્સ; ૧૦. સીકર્સ આફ્ટર ગૉડ (ડીન ફેરર); ૧૧. સ્ટોરિઝ ફ્રોમ ધ હિસ્ટરી ઑફ રોમ; ૧૨. ટોમ બ્રાઉન્સ સ્કુલ ડેઝ; ૧૩. વિઝડમ ઑફ ધ એન્શાંટ્સ; ૧૪. હિસ્ટરી ઑફ ઇડિયા (આગલાં પાનાં ફાટેલાં હોવાથી લેખકનું નામ નથી જણ્યું); ૧૫. ફાઈવ નેશન્શ (કિપ્લિંગ); ૧૬. ઇકવોલિટી (અડવર્ડ બેલામી); ૧૭. સેંટ પૉલ ઇન ગ્રીસ; ૧૮. ધ સ્ટ્રેન્જ કેસ ઑફ ડો. જેકીલ ઍન્ડ મિ. હાઇડ; ૧૯. પિટ (લૉર્ડ રોઝબરી); ૨૦. જંગલ બુક (કિપ્લિંગ); ૨૧. ગેટેનું ફૉસ્ટ; ૨૨. લાઇફ ઑફ જૉન હોવર્ડ; ૨૩. ડ્રૉપ્ડ ફ્રોમ ધ ક્લાઉડ્ઝ (જુલે વર્ન); ૨૪. લાઇફ ઑફ ક્રોલંબસ (અરવિંગ); ૨૫. ફાઈવ ઍમ્પાયર્સ (વિલ્બરફોર્સ); ૨૬. લેઝ ઑફ ઍનશંટ રોમ; ૨૭. ધ કુઝેડ્ઝ; ૨૮. ગિબનનું રોમ; ૨૯. કબીર્સ સૉંગ્ઝ (ટાગોર) ૩૦. સુપરસેન્સ્યુઅલ લાઇફ (જેકબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિહમેન); ૩૧. પ્રો. ક્રીસ્ટો એટ એકલીઝીઆ; ૩૨. ગૅલીલિયન; ૩૩. ફિલોક્રિસ્ટસ; ૩૪. પ્રેમમિત્ર; ૩૫. ધ ગોસ્પેલ એન્ડ ધ પ્લાઉ; ૩૬. અવરસેલ્ફ્ઝ એન્ડ ધ યુનીવર્સ (જે બ્રીઅર્લી); ૩૭. વૉટ ક્રિશ્ચિએનિટી મીન્સ ટુ મી. (એબટ); ૩૮. સ્ટેપ્સ ટુ ક્રિશ્ચિએનિટી; ૩૯. માઇ ફિલોસોફી એન્ડ રિલીજીઅન (ટ્રાઈન); ૪૦. સાધના (રવીન્દ્રનાથ ટાગોર); ૪૧. ઉપનિષદ્ ગ્રુ. (મેક્સ મ્યૂલર); ૪૨. આઉટલાઇન્સ ઑફ હીસ્ટ્રી (એચ. જી. વેલ્સ); ૪૩. ધ બાઇબલ; ૪૪. સાયન્સ ઑફ પીસ (ભગવાનદાસ); ૪૫. ગેરેકરમ ગેલ્ડ્ઝ (ક્રિપ્લિંગ); ૪૬. ઇવોલ્યૂશન ઑફ સિટિઝ (ગેડીઝ); ૪૭. શિખ્સ (ગોકુલચંદ); ૪૮. શિખ્સ (મૅકોલિફ); ૪૯. એથિક્સ ઑફ ઈસ્લામ; ૫૦. સોશ્યલ એવોલ્યૂશન (કિડ); ૫૧. આવર હેલેનીઝ હેરીટેજ; ૫૨. ગીતા (અરવિંદ ઘોષ); ૫૩. એલિમેંટ્સ ઑફ સોશ્યોલોજી; ૫૪. સોશ્યલ એફિશ્યન્સી (ફેરવાણી); ૫૫. મેસેજ ઑફ મહમદ (વાડિયા); ૫૬. મેસેજ ઑફ ક્રાઈસ્ટ (વાડિયા); ૫૭. સેઇન્ટસ ઑફ ઇસ્લામ (હસન); ૫૮. અર્લી ઝોરોઓસ્ટ્રિએનિઝમ (મોલ્ટન); ૫૯. મૅન ઍન્ડ સુપરમૅન (શૉ); ૬૦. હિસ્ટ્રી ઑફ સિવિલિઝેશન; ૬૧. ઓટોબાયોગ્રાફી ઑફ કાઉન્ટેસ ટોલ્સટૉય; ૬૨. વેરાયટીઝ ઑફ રિલીજીઅસ એકસપીરીઅન્સીઝ; ૬૩. ઓરિજિન એન્ડ એવોલ્યૂશન ઑફ રિલિજયન (હોપકિન્સ); ૬૪. હિરટરી ઑફ યુરોપીઅન મોરલ્સ (લેકી); ૬૫. ફ્રીડમ એન્ડ ગ્રોથ (હોમ્સ); ૬૬. એવોલ્યૂશન ઑફ મૅન (હેકલ), ૬૭. કુરાન (મહમદઅલીનું અંગ્રેજી ભાષાન્તર); ૬૮. રાજયોગ (વિવેકાનંદ); ૬૯. કૉન્ફ્લુઅન્સ ઑફ રિલીજીઅન્સ; ૭૦ મિસ્ટિક્સ ઑફ ઇસ્લામ (નિકલસન); ૭૧. ગૉસ્પેલ ઑફ બુદ્ધ (પોલ કેરસ); ૭૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેકચર્સ ઑન બુદ્ધિઝમ (રિઝ ડેવિડ્ઝ); ૭૩. સ્પિરિટ ઑફ ઇસ્લામ (અમીરઅલી); ૭૪; માડર્ન પ્રોબ્લેમ્સ (લોજ); ૭૫. મહમદ (વૉશિંગટન અર્વિંગ); ૭૬. હિસ્ટરી ઑફ ધ સેરેસન્સ (અમીરઅલી); ૭૭. હિસ્ટરી ઑફ ધ સિવિલિઝેશન ઇન યુરોપ (ગીઝો); ૭૮. રાઇઝ ઑફ ધ ડચ રિપબ્લિક (મોટલી); ૭૯. મ્યુઝિંગ્ઝ ઑફ સેંટ ટેરિસા; ૮૦. વેદાન્ત (રાજમૂ આયર); ૮૧. રોશી કુશિયન મિસ્ટરીઝ; ૮૨. ડાયલોગ્ઝ ઑફ પ્લેટો; ૮૩. શાકત અને શક્તિ (વુડરૉફ); ૮૪. કુરાન (રૂડનું ભાષાન્તર); ૮૫. પ્રેમ મિત્ર (અવેજી); ૮૬. અવેસ્તા (દાદાચાનજી); ૮૭. સેઇન્ટ્સ ઑફ ઇસ્લામ (હસન); ૮૮. ઇશોપનિષદ્ (અરવિંદ ઘોષ).

ગુજરાતી

૧. મિસરકુમારી (બગાળી નાટકનો અનુવાદ); ૨. ચંદ્રકાન્ત; ૩. પાતંજલ યોગદર્શન (પ્રો૦ કણિયા); ૪. વાલ્મીકિ રામાયણ (ગુ૦ ભાષાન્તર); ૫. મહાભારત (અઢારે પર્વ); ૬. ગિરધરકૃત રામાયણ; ૭. શ્રીમદ્ ભાગવત (ગુજરાતી ભાષાન્તર); ૮. બંકિમનું કૃષ્ણચરિત્ર (ઝવેરીનું ભાષાન્તર); ૯. કૃષ્ણચરિત્ર (ચિંતામણરાવ વૈદ્યના રાજાકીનું ભાષાન્તર); ૧૦. લોકમાન્યનું ગીતા રહસ્ય (ગુજરાતી ભાષાન્તર); ૧૧. સરસ્વતીચંદ્ર; ૧૨. મનુસ્મૃતિ (ગુજરાતી ભાષાન્તર); ૧૩. જ્ઞાનેશ્વરી (ગુજરાતી); ૧૪. ગીતા (શ્રીનથુરામ શર્મા); ૧૫. ષડ્દર્શન; ૧૬. શાંકર-ભાષ્ય; ૧૭. શ્રીમદ્ રાજચંદ્ર; ૧૮. હિમાલયનો પ્રવાસ; ૧૯. સીતાહરણ; ૨૦. બુદ્ધ અને મહાવીર; ૨૧. રામ અને કૃષ્ણ; ૨૨. માર્કંડેય પુરાણ; ૨૩. પૂર્વરંગ; ૨૪. જયા અને જયંત; ૨૫. પ્રાચીન સાહિત્ય (રવીન્દ્રનાથ); ૨૬. કાળાપાણીની કથા; ૨૭. અર્થશાસ્ત્ર (ગુ૦વિદ્યાપીઠ);

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮. ગીતગોવિંદ (કેશવલાલ ધ્રુવ); ૨૯. મુક્તધારા (રવીન્દ્રનાથ); ૩૦. ડૂબતું વહાણ (રવીન્દ્રનાથ); ૩૧. ભગવતીસૂત્ર (અધૂરું).

હિન્દી

૧. સત્યાગ્રહ ઔર અસહયોગ; ૨. તુલસી રામાયણ. ૩. કઠવલ્લિ (ભાષા ટીકા); ૪. સત્યાર્થપ્રકાશ; ૫. સ્યાદ્વાદ મંજરી; ૬. ઉત્તરાધ્યાયન સૂત્ર;

ઉર્દુ

૧. ઉર્દુવાચનમાળા; ૨. ઉસ્વએ સહાબા; ૩. પેગમ્બર સાહેબનું જીવનચરિત્ર (શિબ્લીનુ); ૪. અલ ફારૂક (શિબ્લી); ૫. અલ કલામ (શિબ્લી).

મરાઠી

ઉપનિષદ્ ભાષ્ય ૨૪ પુસ્તકો (પ્રૉ. ભાનુ) મહારા ધર્મ (વિનોબા).

આ બધાં પુસ્તકો ઇચ્છાપૂર્વક વાંચેલાં એમ વાચક ન માની લે. એમાંનાં કેટલાંક તો નકામાં હતાં, અને જેલ બહાર હું તે ન જ વાંચત. કેટલાક પરિચિત અને અપરિચિત મિત્રોએ મોકલેલાં હતાં, અને કાંઈ નહિં તો તેમની ખાતર પણ મારે તે વાંચી જવાં એમ મને લાગેલું. યરોડા જેલમાં અંગ્રેજી પુસ્તકોનો સંગ્રહ ખરાબ ન કહેવાય. કેટલાંક તો તેમાં સરસ પુસ્તકો હતાં—જેવાં કે ફેરરનું 'સીકર્સ આફ્ટર ગૉડ' લ્યુસ્યનનું 'ટ્રિપ્સ ટુ ધ મૂન'; અથવા ક્રુલેવર્નનું 'ટ્રોપ્ડ ટ્રેમ ધ કલાઉડ્ઝ'—બધાં પોતપોતાની રીતે ઉત્તમ. ફેરરનાં પુસ્તકમાં માર્કસ ઓરેલીઅસ, સેનેકા, અને એપિકટેટસનાં જીવનચરિત્રની ઉત્તમ બાજુ જોવામાં આવી છે, અને ઉન્નતિકર પુસ્તક છે. લ્યુસ્યનનું પુસ્તક એક સરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધપ્રદ વ્યંગ છે. ગુલેવર્ન વાર્તારૂપે વિજ્ઞાન શીખવે છે. એની રીત અનુકરણ ન થઇ શકે એવી છે.

અનેક ખ્રિસ્તી મિત્રોએ અતિશય માયા બતાવીને, અમેરિકા, ઇંગ્લંડ અને હિંદુસ્તાનમાંથી મને પુસ્તકો મોકલેલાં. મારે કબૂલ કરવું જોઇએ કે આમાં તેમની ભલમનસાઈ હતી, પણ તેમણે મોકલેલાં ઘણાં પુસ્તકોની હું કદર ન કરી શકયો. તેમણે મોકલેલાં પુસ્તકોને વિષે તેઓ રાજી થાય એવું હું કાંઇક લખી શકું તો કેવું સારું એમ મનમાં થાય છે પણ મારા મનમાં ન હોય છતાં તેવું લખું તો તે ગેરવાજબી અને જૂઠું કહેવાય. ખ્રિસ્તી ધર્મ વિષેનાં સનાતની ખ્રિસ્તીઓએ લખેલાં પુસ્તકોથી મને સંતોષ નથી થયો. ઈશુ ખ્રિસ્તના જીવનચરિત્ર માટે તો મને અતિશય આદર છે. તેમનો નીતિબોધ, તેમનું વ્યવહારજ્ઞાન, તેમનું બલિદાન—એ સૌને માટે તેમના તરફ પૂજ્યભાવ થયા વિના રહેતો નથી. પણ ખ્રિસ્તી ધર્મપુસ્તકોમાં ઉપદેશવામાં આવ્યું છે કે ઇશુ ઇશ્વરના અવતાર હતા અથવા છે, અથવા તો તે ઇશ્વરના એક જ પુત્ર હતા અથવા છે તે હું સ્વીકારતો નથી. બીજાનું પુણ્ય ભોગવવાનો સિદ્ધાન્ત હું નથી સ્વીકારતો. ઇશુનું બલિદાન એ જમૂનો છે, અને આપણને સૌને આદર્શરૂપ છે. આપણે સૌને મોક્ષને માટે 'ક્રૉસ' પર ચઢવાનું છે—એટલે તપશ્ચર્યા કરવાની છે. બાઇબલના શબ્દો—'પુત્ર', 'પિતા', અને 'પવિત્ર આત્મા'—નો કેવળ વાચ્યાર્થ કરવાની હું ના પાડું છું. એ બધાં રૂપકો છે. તેમ જ ગિરિશિખરના ઉપદેશ ઉપર જે મર્યાદા મૂકવાનો પ્રયત્ન થાય છે તે પણ હું સ્વીકારતો નથી. 'નવા કરાર'માં લડાઈને માટે કયાંયે બચાવ હું નથી જોતો. ઇશુ ખ્રિસ્તને દુનિયામાં થઇ ગએલા અતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યશસ્વી ગુરુઓ અને રસૂલોમાંના એક હું માનું છું. પણ કહેવાની જરૂર નથી કે બાઈબલને હું ઇશુના જીવન અને તેના ઉપદેશનું ભૂલ વિનાનું બ્યાન નથી માનતો. તેમ જ 'નવા કરાર'નો શબ્દે શબ્દ ઈશ્વરનો પોતાનો શબ્દ છે એમ હું નથી માનતો. અને નવા અને જૂના કરારની વચ્ચે એક મહત્ત્વનો ભેદ છે. જૂનામાં કેટલાંક અતિ ગહન સત્યો છે, પણ નવા કરારને હું જેટલો આદર આપું છું તેટલો આદર તો જૂનાને ન આપી શકું. નવાને હું જૂનાના ઉપદેશની વિસ્તારેલી આવૃત્તિ, અને કેટલીક બાબતોમાં જૂનાના ત્યાગરૂપે માનું છું તેમ નવા કરારને હું ઈશ્વરનો આખરી શબ્દ પણ નથી માનતો. વિશ્વમાં વસ્તુમાત્રને જે વિકાસક્રમ લાગુ પડે છે તે જ વિકાસક્રમને ધાર્મિક વિચારો પણ પાત્ર છે. માત્ર ઈશ્વર જ અવ્યય છે અને તેનો સંદેશ માનવના જંત્ર-દ્વારા મળે છે. એટલે જંત્ર જેટલું શુદ્ધ અશુદ્ધ હોય છે તેટલા જ પ્રમાણમાં તે સંદેશો શુદ્ધ અશુદ્ધ હોવાનો સંભવ છે. એટલે મારા ખ્રિસ્તી મિત્રો અને શુભચિંતકોને હું માનપૂર્વક આગ્રહ કરું છું કે તેઓ હું જેવો છું તેવો જ મારો સ્વીકાર કરે. તેઓના વિચારને અને તેઓ છે તેવો હું થાઉં એવી તેમની ઇચ્છાને હું માન આપું છું, અને કદર કરું છું—જેમ મારા મુસલમાન મિત્રોની એવી જ ઇચ્છાની પણ હું કદર કરું છું. હું બંને ધર્મને મારા જેટલા જ સાચા માનું છું; પણ મારા પોતાનાથી મને પૂરેપૂરો સંતોષ મળી રહે છે. મારી ઉન્નતિને માટે મારે જે જોઈએ તે બધું મને તેમાંથી મળી રહે છે. મારો ધર્મ મને એવી પ્રાર્થના ફરમાવતો નથી કે બીજા મારા ધર્મના થાય, પણ એવી ફરમાવે છે કે સૌ પોતપોતાના ધર્મમાં રહી પૂર્ણતાએ પહોંચે. એટલે હમેશાં મારી બંદગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્રિસ્તીને માટે એવી રહી છે કે તે વધારે સારો ખ્રિસ્તી થાય, અને મુસલમાન માટે એવી રહી છે કે તે વધારે સારો મુસલમાન બને. મને તો ખાતરી છે, મને જ્ઞાન છે કે ઈશ્વર આપણને એ પૂછશે, આજે પણ એ પૂછે છે કે આપણે કેવા છીએ, આપણાં કામ કેવાં છે, નહિ કે આપણાં નામઠામ કયાં છે? તેને તો કેવળ આચરણ જ જોઈએ, આચરણ વિનાની માન્યતા નથી જોઇતી. તે તો આચરણને જ માન્યતા માને છે. આ વિષયાન્તર કર્યું તે માટે વાચકની હું ક્ષમા માગું છું. પણ જે ખ્રિસ્તી સાહિત્યથી ખ્રિસ્તી મિત્રોએ મને નવરાવ્યો તે વિષે મારે હૈયું ઠાલવવાની જરૂર હતી, બીજા કોઈ કારણથી નહિ તો મારા આધ્યાત્મિક કલ્યાણને વિષેની તેમની ચિંતા માટે આભાર માનવા માટે.

જે પુસ્તકો વિના હું ન જ ચલાવી શકયો હોત તે હતાં મહાભારત, રામાયણ અને ભાગવત. ઉપનિષદ્થી વેદને મૂળમાં જઇને જોવાની ઇચ્છા સતેજ થઇ. એની ઉત્કટ કલ્પનાઓથી વારવાર આનંદ થયો, અને તેની આધ્યાત્મિકતાથી મારો આત્મા ઠર્યો. છતાં મારે એ પણ કહેવું જોઇએ કે તેમાંના કેટલાકમાં એવું ઘણું હતું કે જે પ્રૉ૦ ભાનુની પુષ્કળ ટીકાની મદદ છતાં હું નહિ સમજી શકયો કે ન તેમાં રસ લઈ શકયો; જો કે પ્રૉ૦ ભાનુએ તો આખું શાંકરભાષ્ય અને બીજા અનેક ભાષ્યોનો સાર પોતાની ટીકામાં આપી દીધાં છે મહાભારત તો અગાઉ કોઇ વાર વાંચેલું જ નહતું—કટકે કટકે કેાઇવાર જોયું હોય તે જૂદી વાત. ઉલટો તેની વિરુદ્ધ પણ મેં મત બાંધી દીધો હતો. એ મત એવો હતો કે મહાભારત એટલે કેવળ લોહીની નદીઓનાં વર્ણનથી અને ઉંધ આણે એવાં ટાહેલાંથી ભરેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથ, જે મત ખોટો હતો એમ હવે સિદ્ધ થયું છે. મહાભારતના છ હજાર પાનાનાં મોટાં થોથાં જોઇને હું ગભરાયો હતો. પણ અમુક ભાગ સિવાય એ એટલું બધું મનમોહક થઇ પડયું હતું કે એકવાર શરૂ કર્યા પછી તે ગ્રંથ પૂરો કરવાને હું અધીરો થઇ ગયો હતો. ચાર મહીનામાં એ પૂરો કર્યા પછી મને લાગ્યું કે મહાભારતને કાંઈ ઉપમા આપવી હોય તો તે ગણ્યાંગાંઠ્યાં સુંદર જવાહીરોવાળી કોઇ તિજોરીની સાથે ન આપી શકાય, પણ કોઈ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય કે જેને જેમ ઉંડે ખોદીએ તેમ તેમ તેમાંથી વધારે કીંમતી જવાહીર નીકળતાં જાય. મહાભારત, મારા મત પ્રમાણે, કોઇ ઇતિહાસ નથી. ઇતિહાસ તરીકે તો હું એને નાંખી દેવા જેવો ગ્રંથ ગણું. પણ એમાં તો રૂપકદ્વારા વિશ્વનાં સનાતન સત્યોની ચર્ચા કરવામાં આવેલી છે. કવિનો આશય પુણ્ય અને પાપ, સત્ અને અસત્, ખુદા અને શેતાનનું સનાતન દ્વંદ્વ વર્ણવવાનો છે, અને તે આશયને અનુકૂળ પડે તેવી રીતે તે ઐતિહાસિક પાત્રો અને ઘટનાઓને ઉઠાવી લઈ તેમને દૈવી અને રાક્ષસી બનાવે છે. એ ગ્રંથ કોઈ મહાનદ જેવો છે, જે પોતાના મુખ તરફ ધાવન કરતાં અનેક ઝરણોને પોતામાં સમાવે છે, જેમાંના ઘણાં મેલાં પણ છે. એ ગ્રંથ છે એક જ પ્રતિભામાંથી ઉત્પન્ન થયેલી કલ્પના, પણ કાળ જતાં તેના ઉપર એવાં આક્રમણ થયાં છે, અને તેમાં એટલી બધી વસ્તુઓ મળી ગઈ છે કે આજે હમેશાં મૂળ કયું અને બહારનું કયું એ કહી શકાવું મુશ્કેલ થઈ પડે છે.

ગ્રંથની સમાપ્તિ તો ભવ્ય છે. તેમાં ઐહિક સત્તાની નશ્વરતા દર્શાવવામાં આવેલી છે. ગરીબ ભિખારીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો આખરનો કોળીઓ, પોતાનું અલ્પ સર્વસ્વ આપી દેનાર ભિખારીના હૃદય-બલિદાનની આગળ અતનો મહાયજ્ઞ કશો પુણ્યદાયી નથી એમ સિદ્ધ કરવામાં આવ્યું છે.

પુણ્યશાળી પાંડવોના ભાગ્યમાં અતીવ શોક જ બતાવવામાં આવ્યો છે. કર્મવીર કૃષ્ણ લાચાર દશામાં મરે છે. અસંખ્ય અને એક એકથી બળીઆ યાદવો પોતાના જ સડાને લીધે યાદવી કરીને કુતરાને મોતે મરે છે. અજય ગાંડીવધારી અર્જુન લૂંટારાની ટોળીથી છતાય છે. પાંડવો યુદ્ધને પરિણામે મેળવેલી ગાદી એક બાળકને સોંપીને વાનપ્રસ્થ થાય છે. સ્વર્ગયાત્રા કરતાં એક સિવાય સૌ યાત્રામાં જ મરે છે, અને ધર્મરાજા યુધિષ્ઠિરને પણ, આપદ્ધર્મ તરીકે જે અસત્યનો તેણે આશ્રય લીધેલો તેને માટે નરકની સડેલી દુર્ગંધ ખમવી પડે છે. કારણ અને કાર્યના અટલ નિયમનો અપવાદ વિના સનાતન રીતે અમલ થતો વર્ણવાયો છે. એ ચમત્કારિક કાવ્યને માટે એવો દાવો થાય છે કે તેમાં ઉપયોગી અને સરસ એવું અને જે ખીજા ગ્રંથમાં મળે એવું કશું છોડી દેવામાં નથી આવ્યું, એ મહાકાવ્ય એ દાવો ઠીક સિદ્ધ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

મારૂં વચન

(૨)

મારો ઉર્દુ અભ્યાસ મહાભારતના જેટલો જ મનોવેધક નીવડ્યો. હું જેમ જેમ તેમાં આગળ વધતો ગયો તેમ તેમ અભ્યાસનો ભાર પણ વધતો ગયો. બે કે ત્રણ મહિનામાં હું ઉર્દુ ઉપર સારો કાબુ મેળવી લઈશ એવી ગાંડી માન્યતાથી તેના અભ્યાસ તરફ હું કંઇક હળવું મન રાખીને વળ્યો હતો. પણ થોડા જ દિવસમાં મને મારી ભૂલ સમજાઇ અને મેં જોયું કે એ ભાષાને હિન્દીથી તદ્દન જુદી જ પાડી નાખવામાં આવી છે અને તેને એવી બનાવવા તરફ વલણ વધતું જ જાય છે. પણ આ શોધથી ઉર્દુ સાહિત્ય સમજવા તથા વાંચવાનો મારો નિશ્ચય વધારે દૃઢ થયો. મેં ઉર્દુ વાચન પાછળ રોજના ત્રણ કલાક આપવા માંડ્યા. ઉર્દુ લેખકોએ હિન્દુમુસલમાનોમાં પ્રચલિત છે એવા શબ્દોનો ત્યાગ કરી ફારસી અને અરબી શબ્દોનો ઉપયોગ જાણીજોઇને વધારી મૂક્યો છે. સાદા વ્યાકરણનો ઉપયોગ કરવો મેલી તેમણે અરબી અને ફારસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણ દાખલ કર્યું છે. આને પરિણામે મુસલમાની વિચારપરંપરાથી વાકેફ રહેવા માગતા બિચારા દેશપ્રેમીયે ઉર્દુનો અભ્યાસ એક સાવ ઇલાયદી અને નવીન ભાષા તરીકે જ કરવો રહ્યો. હિન્દીના લેખકો પણ આ બાબતમાં જરાય મોળા નથી નીવડ્યા. મને લાગ્યાં કરતું હતું કે આ બદી હજુ બહુ ઉંડે ગઇ નથી અને હિંદી ઉર્દુ ભાષાઓને નોખી પાડી નાંખવાની વૃત્તિ માત્ર થોડા વખતની જ છે. પણ મેં જોયું કે જો આપણે હિન્દુસ્તાનને માટે હિન્દી અને ઉર્દુના મિશ્રણવાળી એક સર્વસાધારણ રાષ્ટ્રીય ભાષા બનાવવી હોય તો એકબીજાથી જુદા પડતા બે પ્રવાહોને એક કરવા તરફ લાંબા વખત સૂધી ખાસ પ્રયાસો કરવા પડશે. આમ છતાં હું માનું છું કે હિન્દુને પોતાની કેળવણી પૂરી કરવા સારૂ સાક્ષરી ઉર્દુ જાણી લેવાની જેટલી જરૂર છે તેટલી જ મુસલમાનને સાક્ષરી હિન્દી જાણી લેવાની જરૂર છે. તુરત જ આરંભ કરી દેવામાં આવે તો આ તદ્દન સ્હેલું છે. આવા અભ્યાસની અગત્ય દેખીતી ભલે ન જણાય, પશ્ચિમના જ્ઞાનભંડારો પણ એથી નહિ ખુલે; પણ રાષ્ટ્રીય દૃષ્ટિએ તેની ઉપયોગિતા અમૂલ્ય છે. મારા ઉર્દુ અભ્યાસથી મારૂં ભંડોળ વધ્યું છે. હું ઇચ્છું છું કે હજીયે હું આ અભ્યાસ પૂરો કરી શકું.

વળી, બે વર્ષ પહેલાં જાણતો તે કરતાં આજે આથી મુસલમાન હૃદયને હું વધારે સારી રીતે પિછાની શકું છું. મને ઉર્દુ સાહિત્યની ધાર્મિક બાજુમાં વધારે રસ હતો, આથી મારાથી બની શક્યું કે તરત હું ઉર્દુનાં ધાર્મિક પુસ્તકો તરફ વળ્યો. નશીબે તો હમેશાં મને યારી આપી છે. મૌલાના હસરત મોહાનીયે ભાઇ મનઝરઅલીને 'ઉસ્વ–એ–સહાબા' નામની ગ્રંથમાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલ્યાં હતાં. તેઓ જેમ જેમ મને ઉર્દુ શીખવતા ગયા તેમ તેમ આ પુસ્તકો મારા હાથમાં મૂકતા ગયા; અને મેં ખૂબ ખંતપૂર્વક તે વાંચી કાઢયાં. આ પુસ્તકોમાં જે કે પુનરુક્તિદોષ બહુ છે અને ઘણી જગ્યાએ લખાણ ઠુંકાવ્યું હોત તો બહુ સુંદર લાગે એવું છે. છતાં મને તેમાંથી ઘણા સહાબીઓએ કરેલાં કામની વધારે માહિતી મળતી હોવાથી તેમાં ઘણો જ રસ પડવા લાગ્યો. તેમનાં જીવન જદુની માફક કેવાં ફેરવાઈ ગયાં, પેગમ્બર તરફ તેમની કેવી અગાધ ભક્તિ હતી, દુન્યવી ધનમાન તરફ તેઓ કેવા ઉદાસીન હતા, પોતાનાં જીવનની સાદાઈ પૂરવાર કરવામાં જ રાજશક્તિનો પણ તેમણે કેવો ઉપયોગ કર્યો, ધનની લાલસાથી તેઓ કેવા મુક્ત રહ્યા, પોતે પવિત્ર માનેલા કાર્યની પાછળ જીવન સમર્પિત કરવા વિષે તેઓ સદા સર્વદા કેવા તત્પર હતા,—આ બધાનું સવિસ્તર અને મનમાં બરોબર ઠસી જાય એવું વિવેચન એમાં છે. તેમનાં જીવન સાથે આજના ઈસ્લામના પ્રતિનિધિઓનાં જીવન કોઇ સરખાવે તો તેને જરૂર ગમગીનીનાં આંસુ આવ્યા વગર ન રહે.

'સહાબા' વાંચ્યા પછી હું પેગમ્બર સાહેબના ચરિત્ર પર આવ્યો મૌલાના શિબ્લીએ લખેલાં આ બે મોટાં પુસ્તકો બેશક સુંદર રીતે લખાયેલાં છે. સહાબાઓનાં પુસ્તકોને વિષે મારી જે ફરિયાદ છે તે જ આ પુસ્તકો વિષે પણ છે કે તેમાં લંબાણ ખૂબ છે. પણ પશ્ચિમમાં જેની નાલેશી કરવામાં આવી છે, અને ગાળો દેવાઇ છે તે જ પુરુષના જીવનના પ્રસંગોનો મુસલમાનોએ કેવી રીતે ઉપયોગ કર્યો એ બધું જાણવામાં મને આ લંબાણ જરાય નડ્યું નહિ. બીજું પુસ્તક પૂરું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા પછી એ મહાન જીંદગી વિષે વાંચવાનું બીજું કંઇ બાકી ન રહેવાથી મને દિલગીરી થઈ. એમાં કેટલાક બનાવો અવશ્ય એવા છે જે હું પોતે સમજી શક્યો નહિ, અગર તો જેને હું સમજાવી શકું એમ નથી. પણ મેં કંઇ આ અભ્યાસ ગમ્મત કે ટીકાને ખાતર કર્યો નહોતો. મારે તો જે મહાન પુરુષ આજે લાખો મનુષ્યોનાં હૃદય ઉપર સામ્રાજ્ય ભોગવી રહ્યો છે તેના જીવનની ઉત્કૃષ્ટતા જાણવી હતી; અને આ પુસ્તકોમાંથી મને તે ભરપૂર પ્રમાણમાં જોવા મળી. મારી ખાત્રી થઇ કે માનવજીવનમાં ઇસ્લામે જે જગ્યા મેળવી છે તે તલવારથી નથી મેળવી. પણ એનાં ખરાં કારણ ઇસ્લામની કડક સાદાઇ, તેના પેગમ્બરનું આત્મવિસ્મરણ, તેમની ટેક, મિત્રો અને અનુયાયીઓ પ્રત્યે તેમનો અનુપમ પ્રેમભાવ, તેમની નીડરતા, અને પોતાના કાર્યને વિષે તેમજ ખુદાને વિષે સંપૂર્ણ વિશ્વાસ,—એ બધાં હતાં. તલવારથી નહિ પણ આ વસ્તુઓથી જ તેઓ સહુને પોતાની તરફ ખેંચી શક્યા અને સઘળાં સંકટો દૂર થઇ શક્યાં. પેગમ્બર શું કે અવતાર શું, કોઇની પણ પૂર્ણતામાં હું માનતો ન હોવાથી પેગમ્બરના જીવનના એકેએક બનાવ અને કિસ્સાના ખુલાસા માગનાર ટીકાકારને હું સંતોષી નહિ શકું. મારે માટે તો એટલું જ જાણવું બસ છે કે હમેશાં ખુદાથી ડરતા રહીને જીવન ગાળનાર લાખો માણસોમાં એ પણ એક હતા. એનું મોત ગરીબાઇમાં થયું. પોતાના મૃતદેહ ઉપર એમણે કોઇ મોટા મિનારાની અભિલાષા ન ધરી અને અંતકાળે પણ પોતાના લેણીયાતોને વિસાર્યા નહિ. આજના ઇસ્લામીઓમાં જે પરધર્મીઓને વટાલવવાની વૃત્તિ અને હલકીનતના અસહિષ્ણુતા જોવામાં આવે છે તેને સારૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેગમ્બરને જવાબદાર ગણવા માગનારાઓએ આજના હિન્દુઓના અધઃપતન અને અસહિષ્ણુતાને માટે પણ હિન્દુધર્મને જવાબદાર ગણવા તૈયાર થવું જોઇએ.

પેગમ્બરના જીવનચરિત્ર પછી હું આપોઆપ જ હજરત ઉમરની જીન્દગી ઉપર લખાયલાં બે પુસ્તકો ઉપર આવ્યો. જેરૂસેલમમાં પોતાના અનુયાયીઓને તેમના પડોશીઓના દમામનું અનુકરણ કરવાને માટે ઠપકો આપનાર, ભવિષ્યની પ્રજા રખે ખ્રિસ્તી દેવળને ઠેકાણે મસીદ ઉભી કરવાનો દાવો કરે એટલા ખાતર તેમાં નિમાજ માટે જવાની મનાઇ કરનાર અને પોતાને હાથ પરાભવ પામેલા ખ્રિસ્તીઓ આગળ બહુ જ ઉદ્દાર કોલકરારની શરતો મૂકનાર ઉમરની છબી જ્યારે હું મારા મનમાં દોરૂં છું, અને ઇસ્લામના કોઇ બિનમુખત્યાર બંદાના વચનની પણ મહાન ખલિફાના લેખી ફરમાન જેટલી જ કિંમત છે એ એમના ઉદ્‌ગારો જ્યારે યાદ કરૂં છું, ત્યારે ભક્તિભાવથી મારૂં મસ્તક તેમને નમે છે. વજ્ર જેવી નિશ્ચયી વૃત્તિવાળો એ નર હતો. તદ્દન ત્રાહિત માણસને જે ન્યાય આપતો તે જ ન્યાય પોતાની દીકરીને પણ આપતો. આજે આપણે ત્યાં મૂર્તિઓ તોડવાનું મંદિરો ભાગવાનું તથા હિન્દુઓનાં ભજનકીર્તન તરફ અંધ અસહિષ્ણુતાનું જે જોર ચાલી રહ્યું છે તે આ સૌથી મહાન ખલિફાના જીવનને સાવ અવળા અર્થમાં સમજ્યાથી જ થઇ શકે એમ મને લાગે છે. મને ભય છે કે આ પવિત્ર અને ન્યાયી નરનાં કામોને મુસલમાન પ્રજા સમક્ષ ખોટી રીતે મૂકવામાં આવે છે. મને લાગે છે જો હજરત ઉમર પોતે આજે પોતાની કબરમાંથી ઉઠીને આપણી વચ્ચે આવે તો ઇસ્લામના કહેવાતા અનુયાયીઓનાં ઘણાંયે કામ જે તેના અનુકરણ તરીકે કરવામાં આવે છે તેને તે વખોડી કાઢે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ચિત્તવેધક અભ્યાસ પછી અલ્લાભના ફ્લિસુફીને લગતા ગ્રંથો તરફ વળ્યો. આ પુસ્તકો સમજવાં અઘરાં પડે એવાં છે. તેની ભાષા ઘણી પારિભાષિક છે. પણ ભાઇ અબ્દુલગનીને મારા અભ્યાસમાં પુષ્કળ મદદ કરી મને સરળતા કરી આપી. દુર્ભાગ્યે આ પુસ્તકોમાં હું અરધે પહોંચ્યો તેવામાં મારી માંદગી આવી અને એ અભ્યાસ અધૂરો રહ્યો.

અંગ્રેજી પુસ્તકોમાં ગિબનકૃત રોમનો ઇતિહાસ પહેલો આવે છે. વર્ષો પહેલાં મારા ઘણા અંગ્રેજ મિત્રોએ તે વાંચવા મને ભલામણ કરી હતી. આ વખતે જેલમાં ગિબન વાંચવાનો મેં નિશ્ચય કર્યો હતો. હું આ તકથી રાજી થયો. મારે મન તો ઇતિહાસમાં પણ ધાર્મિક અર્થ રહેલો છે. આખી દુનિયામાં સામ્રાજ્ય સ્થાપનાર રોમ જેવા એક જ શહેરના શહેરીઓની કારકીર્દિમાંના એક પછી એક બનાવોનું ગ્રંથકર્તા જેમ જેમ વિવરણ કરતો જાય છે તેમ તેમ તેમાંથી આપણને આત્માનો ઇતિહાસ જડે છે. કારણ ગિબન નજીવી ઘટનાઓનો વહીવંચો માત્ર નથી એ તો અનેકવિધ ઘટનાસામગ્રીઓને સિદ્ધહસ્ત બની વલોવે છે અને પોતાની અનુપમ શૈલીમાં તે તમારી આગળ રજૂ કરે છે. ખ્રિસ્તી તેમજ ઇસ્લામી સંસ્કૃતિઓનું વિસ્તારથી વિવેચન કરી આપણને આપણો અભિપ્રાય બાંધવાની તક આપે છે. તેનો પોતાનો મત આપણું ધ્યાન રોકે છે, પણ એક ઇતિહાસકાર તરીકે પોતાના ધંધાની પવિત્રતાની તેને ભારે ચીવટ છે. પોતાની પાસેથી તમામ વિગતો વાંચનાર પાસે નિખાલસપણે રજૂ કરીને વાચકને પોતાનો વિચાર બાંધવાની તે તક આપે છે.

મોટલે વળી જુદી જ ઢબનો ઇતિહાસકાર છે. ગિબન એક ભારે જોરાવર સામ્રાજ્યના પતન અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્વંસનાં કારણો શોધે છે. ત્યારે મોટ્લે એક નાના પ્રજાસત્તાકની જહેમતોની ગાથા ગાતાં ગાતાં તેમાં જ પોતાના પ્રિય નાયકની જીવનકથા ગૂંથે છે. ગિબનનાં પાત્રો બનાં એક અતુલ સામર્થ્યશાલી સામ્રાજ્યની કથા આગળ ગૌણ બને છે. મોટલે હૉલંડ દેશની જાતીય ગાથાને જ એક વિભૂતિની કથાની આનુષંગિક બનાવી દે છે. આખી ડચ તવારીખ વલિયમ નઓલાનાં સમાઇ જાય છે.

આ બે ઇતિહાસગ્રંથોમાં લૉર્ડ રોઝબરીએ લખેલ પિટનું ચરિત્ર ઉમેરો, એટલે પછી તમે પણ મારી જ માફક કહેશો ઇતિહાસ અને કલ્પના વચ્ચેનો ભેદ ખરૂં જોતાં બહુ જ આછો છે અને ખરી હકીકતોને પણ ઓછામાં ઓછી બે બાજુઓ તો હોય છે જ; અથવા તો કાયદાશાસ્ત્રીઓ કહે છે તેમ ખરી વિગતો પણ આખરે તો અમુક મત જ રજુ કરે છે. પણ આપણી પ્રજાના વિકાસમાં મદદ તરીકે ઇતિહાસની કિંમત વિષેના મારા વિચારો પર વાચકનું ધ્યાન રોકી રાખવા હું નથી ઇચ્છતો. હું પોતે તો એ કહેણીમાં માનનારો છું કે જે પ્રજાને ઇતિહાસ નથી તે સુખી છે. મારી પ્રિય કલ્પના તો એવી છે કે આપણા હિન્દુ પૂર્વજોએ ઇતિહાસનો આજે જે અર્થ સમજવામાં આવે છે તે અર્થમાં ઇતિહાસ લખવા પ્રત્યે દુર્લક્ષ કરીને અને નાની નાની બાબતો ઉપર પોતાના તાત્ત્વિક વિવેચનો રચીને આ સવાલનો ફડચો કરી આપ્યો છે. મહાભારત આવો જ ગ્રંથ છે; અને હું તો ગિબન અને મોટ્લેને મહાભારતની ઉતરતી આવૃત્તિઓ જ ગણું. મહાભારતનો અમર પણ અજ્ઞાત કર્તા પોતાની ગાથામાં અલૌકિક બનાવોને એવી રીતે વણી દે છે કે તેના અક્ષરને વળગવાની સામે તમને પૂરતી ચેતવણી મળી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગિબન અને મોમ્સ્લે પોતે સત્ય હકીકતો અને કેવળ સત્ય જ હકીકતો આપી રહ્યા છે એ વાત તમને ઠસાવવા પાછળ નાહક દુઠી મરે છે. લૉર્ડ રોઝબરી આમાંથી તમને બચાવે છે અને કહે છે કે જે છેલ્લા શબ્દો પિટે ઉચ્ચારેલા કહેવાય છે તે વિષે ખુદ તેનો બબરચી જ જુદી વાત કરે છે. સારાંશ એટલો જ કે નામરૂપ ગૌણ વસ્તુ છે. ઉત્પત્તિ અને લયની ઘટમાળ ચાલ્યાં જ કરે છે. જે શાશ્વત અને તેથી અગત્યનું છે તેની આગળ બનાવોની નોંધ લેનાર ઇતિહાસકારની વિસાત અતિ અલ્પ છે. સત્ય ઇતિહાસથી પર છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

મારૂં વાચન

(૩)

એક પ્રિય મિત્રે મોકલેલ એક નાના પણ અમૂલ્ય પુસ્તકનો ઉલ્લેખ કરવો મારે ભૂલવો ન જોઇએ. એ પુસ્તક જેકબ બોહ્મેનકૃત 'સુપર્સેન્શ્યુઅલ લાઇફ' (અતીન્દ્રિય જીવન). તેમાંથી કરેલા કેટલાક આકર્ષક ઉતારા વાચક આગળ મૂકવાને માટે હું તેને અત્યારે સંભારૂં છું. આ રહ્યા તે ઉતારાઃ

"તારી પોતાની શ્રવણેંદ્રિયાદિ અને તારી વાંચ્છના એ જ તને પ્રભુના શ્રવણ અને દર્શનની આડે આવે છે."

"જો તું પ્રાણીઓ ઉપર તારા આંતરિક સ્વભાવના ઉંડાણમાંથી નહિ પણ ફક્ત બહારથી જ રાજ્ય કરે તો તારૂં શાસન અને તારી શક્તિ પાશવવૃત્તિનાં છે."

"તું વસ્તુમાત્રના જેવો છે, અને તારા જેવી ન હોય એવી એકપણ વસ્તુ નથી."

"જો તારે વસ્તુમાત્રના જેવા થવું હોય તો તારે તમામ વસ્તુનો ત્યાગ કરવો જોઇએ."

"તારા હાથ અને તારી બુદ્ધિ ભલે કામમાં મચ્યાં રહે પણ તારૂં હૃદય તો ઇશ્વરમાં તલ્લીન હોવું જોઇએ."

"સ્વર્ગ એટલે આપણી ઇચ્છાશક્તિને પ્રભુ પ્રીત્યર્થે વાળવી તે."

"નરક એટલે પરમાત્માનો કોપ વહોરવો તે."

મારી અસ્તવ્યસ્ત નોંધપોથી ઉથલાવતાં બીજાં પુસ્તકોનાં વાચન દરમ્યાન સંધરેલા કેટલાક ઉતારા અહીં ટાંકું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાંથી નીચે આપેલ ફકરો સત્યાગ્રહીઓને કામનો છે.

'પોતાને જે અવશ્ય સત્ય લાગે તેનાથી પાછા હઠવાને બદલે જેઓ દ્વેષ, ઉપહાસ અને ગાળોને પસંદ ન કરે તેનું નામ ગુલામ. બે કે ત્રણ જણના સાથમાં પણ જેઓ સત્યનો પક્ષ કરવાની જે હિમ્મત ન કરે તે જ ગુલામ.' લૉવેલ ('ટૉમ આઉન્સ સ્કુલ ડેઝ'માંથી)

એ જ વિષયને લગતો એક બીજો ઉતારો ફ્લૉઇ ફિલ્ડનાં 'મિરિટક્સ એન્ડ સેન્ટ્સ ઑફ ઇસ્લામ'માંથી ઉતારું છું:

"સુફીશાહ મુલ્લાશાહને શાહજહાંના ખફાથી ભાગવાનું કોઇએ કહ્યું તેનો તેણે જવાબ આપ્યો કે 'હું કંઈ ઢોંગી નથી કે ભાગીને જીવ બચાવું. હું સત્યવાદી છું. જીવન અને મરણ મારે મન સમાન છે. બીજા ભવમાં ભલે મારા લોહીથી શૂળી રંગાય. હું તો સદા અમર છું. મોત મારાથી ભાગતું ફરે છે. કારણ મેં જ્ઞાનથી મોતને જીત્યું છે. જ્યાં ભિન્ન ભિન્ન રંગ મટીને એક રંગ થયેલ છે ત્યાં હું વસું છું.' મન્સુરી હલ્લાજે કહ્યું 'બાંધેલા હાથને કાપવા રહેલા છે પણ ઇશ્વર અને મારી વચ્ચેની જે ગાંઠ છે તે તોડવી મહા મુશ્કેલ છે.'"

આ એક બીજો ઉતારો લૉવેલમાંથી ઉતારું છું. તે મલબારનાં દુઃખી લોકોને દાન કરનારને ઉત્તમ ભાવ સાથે પોતાની પાસે જે સારામાં સારું હશે તે આપવાને પ્રેરશે.

"ક્રાઇસ્ટના પવિત્ર ભોજનની ક્રિયા કરવી એટલે જે તંગીમાં હોય તેને માત્ર કંઇ આપવું એમ નહિ પણ આપણી પાસે જે હોય તેમાંથી તેમને ભાગ પાડી આપવો. દાતાના ભાવ વિના દાન વ્યર્થ છે. દાન સાથે જે પોતાનું તન મન પણ આપે છે તે ત્રણ જણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોષે છે. પોતાને, ભૂખ્યા પડોશીને અને મને."

અહિંસાધર્મમાં માનનારાઓ માટે આ ફકરો બોધમૂદ્ર છે.

"કોઇનું ભૂંડું ઈચ્છવું, ભૂંડું કરવું, ભૂંડું બોલવું કે ભૂંડું વિચારવું એ સર્વેનો એક સરખો નિરપવાદ નિષેધ છે." —ટર્ટુલિયન

(જે. શ્રિયર્સકૃત 'અવરસેલ્વ્સ એન્ડ ધી યુનિવર્સ'માંથી)

પુસ્તકોનો છેલ્લો વિભાગ હું કહેવા ઈચ્છું છું. તે કનિંગહામકૃત, મેકૉલિફકૃત અને ગોકુળચંદ નારંગકૃત શીખોના ઇતિહાસ છે. આ બધાં પુસ્તકો જુદીજુદી દૃષ્ટિએ સારાં જ છે. શીખોના ગુરુઓનાં જીવન અને તેમનો પૂર્વ ઇતિહાસ સમજ્યા વગર શીખોની હાલની લડતનું રહસ્ય સમજવું અશક્ય છે. કનિંગહામનું પુસ્તક શીખ લડાઇઓનાં મૂળ કારણોની સાનુકૂળ વલણથી લખાએલી તવારીખ છે. મેકૉલિફના ઇતિહાસમાં ગુરુઓનાં જીવનચરિત્રો છે. તેમાં તેમની કૃતિઓ વિસ્તૃત ઉતારાઓથી ભરેલ છે. આ પુસ્તક બહુ સુંદર રીતે છપાવેલું છે. પણ અંગ્રેજી રાજ્યનાં હદ બહારનાં વખાણ તથા શીખધર્મને આગ્રહપૂર્વક હિન્દુધર્મથી તદ્દન અલગ તરીકે તેમાં ઓળખાવેલો હોવાથી આ પુસ્તકની કિંમત ઘટી જાય છે. ગોકુળચંદ નારંગનું પુસ્તક ઉપરનાં બંને પુસ્તકમાં ન આવેલી વિગતોથી ભરેલું છે.

જેલમાંના મારા અભ્યાસની આ સમાલોચના પૂરી કરતા પહેલાં હું વિદ્યાર્થીવાચકને નિયમિત કાર્ય કરવાની ઉપયોગિતા વિષે તથા શુષ્ક વસ્તુઓમાં રસિક બનાવેલી રીત વિષે બે શબ્દો કહી દઉં. મારા પોતાના અભ્યાસ અને ચાલુ ઉપયોગને માટે મારે ગીતાની એક શબ્દાનુક્રમણિકા તૈયાર કરવી હતી. શબ્દો અને તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધો નોંધવા અને તેના બબ્બે વખત અનુક્રમ ગોઠવવા એ કામ બહુ રસિક નથી. મારા કારાવાસ દરમ્યાન મારે આ કામ કરવું એવી મારી ધારણા હતી. છતાં આ કામ પાછળ બહુ વખત દેવો મને ગમે એમ નહોતું. મારૂં સમય-પત્રક ભરછક હતું. આથી રોજ ફક્ત ૨૦ મિનિટ આ કામ પાછળ આપવાનો મેં નિશ્ચય કર્યો. આટલો થોડો વખત કરવાનું હોવાથી આ કામ મને વૈતરૂં થઇ પડતું અટકયું. ઉલટું, રોજ એનો વખત કયારે થાય એની હું રાહ જોતો. જ્યારે તેની બીજી વારની અનુક્રમણિકા કરવાનો વખત આવ્યો ત્યારે તો હું તેમાં તલ્લીન થઇ જવા લાગ્યો. જીજ્ઞાસુએ આ વાતનો જાતિઅનુભવ લઇ જોવો. જે શબ્દોનો અનુક્રમ મારે ગોઠવવો હતો તેનો પહેલા અક્ષરોનો અક્ષરાનુક્રમ પહેલાં મેં તૈયાર કર્યો. પણ દરેક અક્ષરોના શબ્દોને અંદર અંદર અક્ષરાનુક્રમમાં કેવી રીતે ગોઠવવા એ પ્રશ્ન ભારે ગૂંચવણભર્યો થઇ પડયો. મેં કદિ શબ્દકોષ તૈયાર કર્યો નહોતો. આથી મારે કામ કરવાની રીત સ્વતંત્રપણે શોધી કાઢવી પડી. અને જ્યારે મેં તે શોધ કરી ત્યારે મારા આનંદનો પાર રહ્યો નહિ. એ રીત એવી તો સુંદર હતી કે એ ભારે આકર્ષક થઇ પડી. એ રીત સુઘડ, ત્વરિત અને ભૂલ થવા જ ન પામે એવી હતી. આ આખું કામ પૂરૂં કરતાં મને અઢાર મહિના લાગ્યા. આજે હવે આ શબ્દાનુક્રમમાં જોઇને ગીતાજીમાંનો કોઇપણ શબ્દ કયાં અને કેટલીવાર વપરાયો છે તે હું તત્કાળ જાણી શકું છું. એમાં બીજો પણ અર્થ રહેલો છે. જો હું કોઇ વખત ગીતા ઉપરના મારા વિચારો લખવા સમર્થ થઇશ તો હું આ શબ્દાનુક્રમ તેમજ વિચારો પ્રજા સમક્ષ મૂકવા ધારૂં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ વિભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા જેલનિવાસ દરમિયાન મારે સરકાર સાથે જે અગત્યનો પત્રવ્યવહાર થયેલો તે મારા જેલના અનુભવના એક ભાગ તરીકે પ્રસિદ્ધ કરવાનો મારો ઇરાદો હતો. જો તબીઅત અને સમયની અનુકૂળતા મળે તો એ અનુભવો લખી કાઢવાની મારી ધારણા છે. પણ હજુ થોડા વખત સુધી એ બની શકે એમ નથી. દરમિયાન મિત્રોએ મને કહ્યું કે મારે એ પત્રવ્યવહાર વિના વિલંબે પ્રગટ કરવો જોઇએ. એમની દલીલ મને વ્યાજબી લાગે છે અને તેથી 'યંગ ઇન્ડિયા'ના વાચકોને એ પત્રવ્યવહારનો એક ભાગ આપું છું. હકીમજીને લખેલા પત્રમાં જે ટીકા કરી છે તેનો મુખ્ય ભાગ તો પાછળના અનુભવ પરથી પણ કાયમ રહે છે. પણ જેલના અધિકારીઓને ન્યાય આપવા ખાતર મારે એ પણ કહેવું જ જોઇએ કે મારા શારીરિક સુખની બાબતમાં મને ધીમે ધીમે વધારે ને વધારે સગવડો આપવામાં આવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકીમજી પરના પહેલા કાગળમાં જે ચૂનાના લીટાની વાત કરી છે તે કાઢી નાંખવામાં આવ્યો હતો અને અમે બંને આખા ચોગાનમાં છૂટથી હરીફરી શકતા હતા. ભાઇ બેંકર છૂટયા પછી મારી માગણી વિના જ તે વખતના સુપરિન્ટેન્ડેન્ટ મિ. જેન્સે ભાઇ મનઝરઅલી સોખતાને મારી પાસે મોકલવાને સરકારની પરવાનગી મેળવી. આ કાર્ય મને બહુ રૂડું લાગ્યું, કારણ ભાઇ મનઝરઅલી સોખતા એક કીમતી સાથી હતા એટલું જ નહિ પણ મારે માટે તો તે એક આદર્શ ઉર્દુ શિક્ષક પણ હતા. થોડા જ વખતમાં ભાઈ ઇન્દુલાલ યાજ્ઞિકે આવીને અમારા આનંદમાં વૃદ્ધિ કરી. તે પછી મેજર જેન્સે અમને ત્રણેને યૂરોપિયન વાર્ડમાં મોકલ્યા. ત્યાં અમને વધારે સારી સગવડો મળી. અમારી ઓરડીઓ આગળ એક નાનકડો બગીચો પણ હતો. ભાઇ મનઝરઅલીના છૂટયા પછી મેજર જેન્સની પછીના સુપરિન્ટેન્ડન્ટ કર્નલ મરેએ ભાઈ અબદુલ ગનીને મારા સાથી તરીકે મૂકવાની પરવાનગી મેળવી. ભાઇ ગનીએ ઇન્દુલાલ યાજ્ઞિકને અને મને આનંદ આપવા ઉપરાંત ભાઇ મનઝરઅલી સોખતાની મારા ઉર્દુ શિક્ષક તરીકેની જગા લીધી અને મારા ઉર્દુ અક્ષર સુધારવાને ખૂબ પરિશ્રમ કર્યો. તે એટલે સૂધી કે જો કદિ મારી માંદગી આડે ન આવી હોત તો હું ઉર્દુનો એક ઠીક ઠીક આલીમ બની જાત.

મારા શારીરિક સુખની બાબતમાં તો સરકાર અને જેલના અધિકારીઓ બંનેએ મને સુખી કરવાને તેમની પાસેથી આશા રાખી શકાય તેટલું બધું કર્યું હતું અને હું અવારનવાર માંદગી ભોગવતો તેમાં સરકારને તેમજ જેલના અધિકારીઓને કોઇપણ રીતે દોષ દઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય એમ નથી એવી મારી દૃઢ માન્યતા છે. મને મારો પોતાનો ખોરાક પસંદ કરવાની છૂટ હતી અને મેજર જેન્સ તથા કર્નલ મરે અને આ બાબતમાં, તો મેજર જેન્સની પહેલાંના કર્નલ ઉલ્ફિલ પણ ખોરાક વિષેના મારા બધા વિધિનિષેધોને પૂરેપૂરું માન આપતા. હતા. યૂરોપીઅન જેલરો પણ અતિશય ધ્યાન આપતા અને સંપૂર્ણ વિવેકથી વર્તતા. તેઓ અઘટિત રીતે મારી આડે આવ્યા કહી શકાય એવો એક પણ પ્રસંગ મને યાદ આવતો નથી. અને જેલના સામાન્ય નિયમ પ્રમાણે મારી જડતી લેવામાં આવતી (અને હું રાજીખુશીથી એ જડતી લેવા દેતો) ત્યારે પણ તેઓ માત્ર સંભાળપૂર્વક જ નહિ પણ જાણે ક્ષમા યાચતા હોય એવી રીતે જડતી લેતા. માણસ તરીકે મેજર જેન્સ અને કર્નલ મરે બંનેને માટે મને બહુ માન છે. તેમણે મને હું કેદી છું એમ કદિ લાગવા દીધું નથી.

જેલના અમલદારવર્ગના માયાળુપણા વિષે મેં જે કહ્યું છે તે બાદ કરતાં સરકારની રાજદ્વારી કેદીઓ પ્રત્યેની હૃદયશૂન્ય નીતિ વિષે જે મત મેં હકીમજી પરના કાગળમાં દર્શાવ્યો છે તેમાં મારાથી ફેરફાર થઇ શકે એમ નથી. એ કાગળમાં મેં જે કહ્યું છે તે બધું તે પછીના અનુભવે પૂરવાર કરી આપ્યું હતું. આ કથનની સાબિતી મારા જેલના અનુભવો ને કદિ હું પૂરા લખી શકીશ તો વાચકને તેમાંથી મળી રહેશે અહીં તો માત્ર મારા શારીરિક સુખની બાબતમાં જેલના અમલદારો પર કે સરકાર પર પણ કોઇપણ જાતની ટીકા કરવાનો મારો આશય છે એવો અર્થ આ પત્રવ્યવહારમાંથી નીકળવાનો લેશ પણ સંભવ હોય તો હું તે ટાળવા માગું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કેદી ચોકીદારોને હવાલે અમને સોંપવામાં આવ્યા હતા તેમના પ્રત્યેની ઉંડી આભારની લાગણી પ્રદર્શિત કર્યા વિના મારે આ નોંધ પૂરી કરવી ઘટતી નથી. અમારા રખવાળ તરીકે વર્તવાને બદલે તેઓ મને તેમજ મારા સાથીઓને દરેક પ્રકારની મદદ આપતા. કોટડીઓ સાફ કરવાનું કે એવું કોઇપણ શારીરિક મહેનતનું કામ તેઓ અમને કરવા ન દેતા. મારા અનુભવોમાં મારે એમને વિષે વધારે કહેવું પડશે, છતાં ગંગાપ્પાનું નામ દીધા વિના તો મારાથી રહેવાય એમ છે જ નહિ. મારે માટે તો એ ઉત્તમમાં ઉત્તમ નર્સ થઈ પડયો હતો. એકેએક વસ્તુ વિષે એની કાળજી, મારી એકેએક જરૂરિયાત હમેશાં આગળથી કળી જવાની એની શક્તિ, રાતે કોઇ પણ વખતે મારી સેવા કરવાની એની તત્પરતા, એનો પ્રેમાળ સ્વભાવ, એનું શુદ્ધ પ્રામાણિકપણું અને જેલના નિયમોનું પાલન—ઇ૦ ગુણોથી એ મારી પ્રશંસાને પાત્ર થયો હતો. જે માણસમાં આવું ઉચ્ચ ચારિત્ર દર્શાવવાની શક્તિ છે તેને સમાજ શિક્ષા કરી શકે છે અને સરકાર એવા માણસને કેદમાં રાખી શકે છે એનો જ મને અચંબો થાય છે. ગંગાપ્પા નિરક્ષર છે. તે રાજદ્વારી કેદી નથી. એને ખૂન કે એવા કોઇક ગુન્હાને માટે સજા થયેલી છે. પણ આ વિષયને મારે વધારે લંબાવવો ઘટતો નથી. એનો વિચાર મારે ભવિષ્ય પર મુલતવી રાખવો જોઇએ. મેં ગંગાપ્પાનું નામ દીધું છે તે કેવળ એના જેવા મારા કેદી સાથીઓ પ્રત્યેનો મારો ભાવ બતાવવાને ખાતર જ.

પૂના, ૨૬ ફેબ્રુઆરી, ૧૯૨૪.

મોહનદાસ કરમચંદ ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નં. ૧. હકીમજીને પત્ર

યરોડા જેલ,
૧૪ મી એપ્રિલ ૧૯૨૨.

વ્હાલા હકીમજી,

કેદીઓને દર મહિને એક મુલાકાતની અને એક પત્ર લખવાની તથા મેળવવાની રજા હોય છે. મુલાકાત દેવદાસ અને રાજગોપાળાચાર્ય કરી ગયા, એટલે હવે જે પત્ર લખવાની રજા છે તે લખું છું.

તમને યાદ હશે કે ભાઇ બેંકરને અને મને શનિવાર તા. ૧૮મી માર્ચે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. સોમવારે રાત્રે લગભગ ૧૦ વાગે અમને ખબર આપવામાં આવી કે અમને કોઇ અજ્ઞાએ ધામે લઇ જવામાં આવવાના છે. ૧૧॥ વાગે પોલિસ સુપરિન્ટેન્ડન્ટ સાબરમતી સ્ટેશને અમારે માટે જે સ્પેશ્યલ ઉભી હતી ત્યાં અમને લઇ ગયો. અમને મુસાફરી માટે ફળનો એક કરંડીઓ આપવામાં આવ્યો હતો, અને આખી મુસાફરી દરમિયાન અમારી સારી ખાતર થઇ હતી. સાબરમતી જેલના દાક્તરે મને મારી તબીઅતના અને ધર્મના કારણે જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક લેવાની ટેવ છે તે લેવાની, અને ભાઇ બકરને તબીઅતના કારણે રોટી, દૂધ અને ફળ લેવાની રજા આપી હતી. એટલે ભાઇ બેંકરને માટે ગાયનું દૂધ અને મારે માટે બકરીનું, જે ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ અમારો વળાવો બન્યો હતો તેણે રસ્તે મંગાવ્યું હતું.

ખડકી આગળ અમને ઉતારવામાં આવ્યા. ત્યાં એક કેદીગાડી જે જેલમાંથી હું આ તમને લખી રહ્યો છું ત્યાં અમને લાવવા માટે ઉભી હતી.

અહીં અગાઉ મહેમાન થઈ ગયેલા કેદીઓ પાસેથી મેં આ જેલનાં વર્ણન સાંભળેલાં હતાં, એટલે મને જે મુશ્કેલીઓ નડે તેને પહોંચી વળવાની મારી તૈયારી હતી જ. મેં ભાઈ બેંકરને કહી રાખ્યું હતું કે જો મને રેંટિયાની મનાઈ થશે તો મારે ઉપવાસ કરવો પડશે, કારણ મેં બેસતે વર્ષે વ્રત લીધું હતું કે માંદો ન હોઉં અથવા મુસાફરીમાં ન હોઉં તો મારે દરરોજ ઓછામાં ઓછો અર્ધો કલાક કાંતવું. એટલે, મેં તેમને કહેલું કે જો મારે ઉપવાસ કરવો પડે તો તમારે ગભરાઇ ન જવું, તેમ જ કોઇ પણ કારણે મારી દયા ખાઇને ઉપવાસ ન કરવા માંડવા. મારું કહેલું એ સમજેલા.

એટલે પાછા વાગે જેલ પહોંચતાં જ જ્યારે અમને સુપરિન્ટેન્ડન્ટે કહ્યું કે 'તમને તમારો રેંટિયો અને ફળ રાખવા દેવામાં નહિ આવે' ત્યારે અમને આશ્ચર્ય ન થયું. મેં તેને જણાવ્યું કે કાંતવાનું મારું વ્રત છે, અને સાચું પૂછો તો સાબરમતી જેલમાં તો અમને બંનેને કાંતવા દેતા હતા. ઉત્તરમાં અમને કહેવામાં આવ્યું, 'યરોડા સાબરમતી નથી.'

મેં સુપરિન્ટેન્ડન્ટને એ પણ જણાવ્યું કે અમને બંનેને સાબરમતી જેલમાં તબીઅતના કારણે બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂવા દેતા હતા. પણ આ જેલમાં એ આશા રખાય ?

આમ પહેલો અનુભવ તો કાંઇક અણગમતો થયો. પણ તેથી મારી શાંતિનો જરાયે ભંગ ન થયો. સોમવારના ઉપવાસ પછી મંગળવારે પણ જે અર્ધ ઉપવાસ થયો તેથી મને કશું જ નુકસાન ન થયું. ભાઇ બેંકરથી તો તે નહોતું ખમાયું એ હું જાણું છું. રાત્રે એમને ઓથાર ચાંપે છે, અને પાસે કોઇ સૂનારની એમને જરૂર રહે છે. વળી એમનો તો કદાચ જીંદગીમાં આ પહેલો જ કડવો અનુભવ હશે, જ્યારે હું તો રીઢો થયેલો જેલી રહ્યો.

બીજે દિવસે સવારે સુપરિન્ટેન્ડન્ટ અમને પૂછવા આવ્યો. મેં જોયું કે મારી પહેલી છાપમાં મેં સુપરિન્ટેન્ડન્ટને અન્યાય કર્યો હતો. આગલે દિવસે સાંજે તે ઉતાવળમાં હતો એમાં શંકા નથી. જેલના નિયમિત વખત પછી અમને અંદર લેવામાં આવ્યા હતા, અને તેને તો ખરેખર વિચિત્ર લાગતી, (રેંટિયાની માગણી જેવી) માગણીને માટે તે બિલકુલ તૈયાર નહોતો. પણ તેને જણાયું કે મેં રેંટિયો માગેલો તે કેવળ અવળચંડાઇથી નહિ પણ સાચીખોટી પણ એક ખરેખરી ધાર્મિક જરૂરીઆતને માટે. તેને એમ પણ સમજાયું કે એમાં લાંઘણનો સવાલ પણ નહોતો. એટલે તેણે હુકમ આપ્યો કે અમને બંનેને રેંટિયા આપી દેવામાં આવે. તેને એ પણ સમજાયું કે અમે કહેલા ખોરાકની પણ અમને જરૂર છે. અને મારા જાણવા પ્રમાણે આ જેલમાં જીવધારીને જે આપવું જોઇયે તે બરોબર આપવામાં આવે છે. સુપરિન્ટેન્ડન્ટ અને જેલર બંને પાકા લાગે છે, અને બંનેની રીતભાત મઝેની છે. પહેલા દિવસનો અનુભવ તો જાણે સમજ્યા. સુપરિન્ટેન્ડન્ટ અને જેલર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથેનો મારો સંબંધ એક કેદી અને તેના રખવાળ વચ્ચે જેવો મીઠો હોઇ શકે તેટલો મીઠો તો છે જ.

પણ એટલું તો મને સ્પષ્ટ ભાસે છે કે જેલના વહીવટમાં મનુષ્યત્વનો તદ્દન નહિ તો મોટે ભાગે અભાવ છે. સુપરિન્ટેન્ડન્ટ મને ખબર આપે છે કે બધા કેદીના તરફ મારા જેવો જ વર્તાવ થાય છે. જો એ વાત સાચી હોય તો તો મારે કહેવું જોઇએ કે જીવધારી તરીકે તો કેદીઓની ભાગ્યે જ વધારે માવજત રાખી શકાય. પણ જેલના નિયમોમાં માણસાઇને અવકાશ જ નથી.

બીજે દિવસે સવારે કલેકટર, એક પાદરી અને થોડા બીજાઓની બનેલી જેલ કમિટી આવીને શું કરી ગઇ તે જુઓ. અમને દાખલ કરવામાં આવ્યા તેને બીજે જ દિવસે આ કમિટી મળી એ તો કેવળ આકસ્મિક રીતે જ. કમિટીના સભ્યો અમને અમારી જરૂરીઆત વિષે પૂછવાને આવ્યા. મેં તેમને જણાવ્યું કે ભાઇ બેંકર વહોપાતીઆ સ્વભાવના રહ્યા. તેમને મારી સાથે રહેવા દો અને તેમની કોટડી ખુલ્લી રાખો. મારી વિનંતિને જે નિંદ્ય અને નિષ્ઠુર બેદરકારીથી કાઢી નાંખવામાં આવી તે વર્ણવી જાય એમ નથી. અમારી આગળથી પાછા ફરતાં તેમનામાંના એકે ટીકા કરી, 'નોન્સેન્સિકલ' (કેવી બાધાઇ)! તેમને નહોતી ખબર ભાઇ બેંકરની આગલી જીંદગીની કે નહોતી તેમના સામાજિક દરજ્જાની કે તેમના સુકુમાર ઉછેરની. આ બધું શોધી કાઢવાની, અને મારા ધારવા પ્રમાણે જે સ્વાભાવિક લાગતી હતી તેવી વિનંતિનું કારણ શોધવાની તેમને કશીયે પડી નહોતી. બાકી ભાઇ બેંકરને માટે તો ખોરાકના કરતાં રાત્રે શાંત અખંડ નિદ્રા એ જ વધારે મહત્ત્વની હતી. આ મુલાકાતને કલાક નહિ થયો હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં એક વૉર્ડર આવ્યો અને ભાઇ બેંકરને બીજે ઠેકાણે લઈ જવાનો હુકમ સંભળાવ્યો.

કોઇ માની પાસે તેનું એકનું એક બાળક ઝૂંટવી લેવામાં આવે અને તેની જે દશા થાય તેવી મારી દશા થઇ. ભાઇ બેંકર અને મને સાથે પકડવામાં આવ્યા અને અમારા ઉપર સાથે કામ ચાલ્યું એ તો એક અણધાર્યું સુભાગ્ય હતું. સાબરમતી જેલમાં મેં ડિસ્ટ્રિક્ટ મૅજીસ્ટ્રેટને લખ્યું હતું કે જો અધિકારીઓ મને અને બેંકરને છૂટા ન પાડે તો તે એક મહેરબાની થશે; તેમજ મેં જણાવ્યું હતું કે જો ભાઇ બેંકરને મારી સાથે રાખવામાં આવે તો અમે બંને એકબીજાને ઉપયોગી થઇશું. હું તેમની સાથે ગીતા વાંચતો., અને તેઓ મારી માવજત કરતા ભાઇ બેંકરનાં માતુશ્રી થોડા જ મહિના ઉપર ગુજરી ગયાં હતાં. જ્યારે તેમના મરણ પહેલાં થોડા દહાડા આગમજ હું તેમને મળેલો ત્યારે તેમણે મને કહેલું કે 'હું તમને મારો દીકરો સોંપીને નિશ્ચિંત થાઉં છું.' એ સાધ્વીને ક્યાં ખબર હતી કે એના દીકરાની ભીડને વખતે તેની રખાપત કરવામાં હું સાવ અપંગ થઇ પડીશ? ભાઈ બેંકર મારાથી છૂટા પડયા એટલે મેં તેમને ઇશ્વરને સોંપ્યા. અને તેમને ખાત્રી આપી કે 'ઇશ્વર તમારું રક્ષણ કરશે.'

પણ હવે તેઓ મારી પાસે આવી શકે છે. તેમને પીંજતાં આવડે છે અને તે શીખવવા અધોંએક કલાક મારી પાસે આવવાની તેમને રજા છે. અમારા આ પીંજણ કામ ઉપર દેખરેખ રાખવાને એક વૉર્ડર તો છે જ, એટલું જોવાને કે જે કારણસર ભાઇ બેંકર અહીં આવે છે તે વિષય ઉપરાંત બીજી કાંઇ વાતો તો અમે નથી કરતા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇન્સ્પેક્ટર જનરલ અને સુપરિંટેન્ડન્ટને હું સમજાવી તો રહ્યો છું કે જે ઘડી બે ઘડી ભાઇ બેંકરને મારી પાસે આવવાની રજા આપવામાં આવી છે તેટલો વખત મને તેમની સાથે ગીતા વાંચવા દે. આ વિનંતિ ઉપર વિચાર ચાલી રહ્યો છે.

અધિકારીઓને ન્યાયની ખાતર મારે કહી દેવું જોઇએ કે ભાઇ બેંકરના શરીરની હાજતો સારી રીતે જળવાય છે, અને તે દેખાય છે પણ ઠીક ઠીક. તેમની વિહ્વળતા પણ ઓછી થતી જાય છે.

મારી પાસે સાત ચોપડીઓ છે—પાંચ શુદ્ધ ધાર્મિક, એક મારો બહુ માનીતો જૂનો શબ્દકોશ અને એક મૌલાના અબુલ કલામ આઝાદે આપેલી ઉર્દુ શિક્ષિકા. આ સાત ચોપડીઓ મારી પાસે રાખવામાં મારે મારી બધી કળાનો ઉપયોગ કરવો પડયો છે. સુપરિંટેન્ડન્ટને બિચારાને સખ્ત હુકમો મળેલા કે કેદીઓને જેલના પુસ્તકાલયમાંની ચોપડીઓ સિવાયની બીજી એકે ચોપડી ન આપવી. એટલે તેણે મને કહ્યું કે તમારી સાત ચોપડીઓ જેલના પુસ્તકાલયને આપી દો અને પછી તેમાંથી કઢાવીને વાપરો. બીજી ચોપડીઓ તો તેમ આપવાને હું તૈયાર હતો, પણ આ ચોપડીઓ વિષે તો સુપરિંટેન્ડન્ટને મેં હળવે રહીને સમજાવ્યું કે 'ભાઇ, મારા રોજના ઉપયોગનાં ધાર્મિક પુસ્તકો અને જેને વિષે કાંઇક ઇતિહાસ રહ્યો હોય એવાં મને ભેટ મળેલાં પુસ્તકો આપી દેવાં એ તો મારો જમણો હાથ કાપી આપવા બરોબર છે.' આ પછી સુપરિંટેન્ડન્ટને પોતાને વળી કેટલી કળા વાપરવી પડી હશે તે હરિ જાણે; પણ તેના ઉપરી પાસેથી તે પેલી ચોપડીઓ મારી પાસે રાખવાની મારે માટે પરવાનગી મેળવી શકયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે મને કહેવામાં આવ્યું છે કે મારે જો સામયિક પત્રો (ચોપાનિયાં) વાંચવા હોય તો મારે ખર્ચે હું મંગાવી શકું છું. મેં કહ્યું કે વર્તમાનપત્ર પણ એક સામયિક પત્ર છે. તેને પણ તેમ લાગ્યું, પણ વર્તમાનપત્રની રજા આપી શકાય કે કેમ તે વિષે તેને શંકા હતી. અઠવાડિક 'ક્રોનિકલ'નું તો હું નામ દઉં જ શેનો ? પણ મેં અઠવાડિક 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'નું તો નામ લીધું. પણ તે પત્ર સુપરિન્ટેન્ડન્ટને અતિ રાજદ્વારી લાગ્યું. 'પોલીસ ન્યુઝ,' 'ટિટ બિટ્સ,' અથવા 'બ્લૅકવુડ્ઝ' એવાં કોઈ પત્રો જોઇતાં હોય તો ભલે, બીજાનું નામ ન લેવું. પણ આ વાત જ સુપરિન્ટેન્ડન્ટના પ્રદેશ બહારની છે. 'સામયિક પત્ર' કોને ગણવું એ વિષે કદાચ આખરનો નિકાલ નામદાર ગવર્નર ઇન કાઉન્સિલ આપશે.

પછી પ્રશ્ન ઉભો થયો ચપ્પુ વાપરવા દેવાનો. રોટી તો 'ટોસ્ટ' કરીને જ મારાથી પચાવી શકાય, અને તેમ કરવા માટે તે કાપવી તો જોઇએ. લીંબુ નીચોવવા માટે પણ તે કાપવું જોઇએ. પણ ચપ્પુ એ તો 'પ્રાણઘાતક શસ્ત્ર' કહેવાય— એવું ભયંકર શસ્ત્ર કેદીના હાથમાં કેમ ધીરી શકાય? ત્યારે મેં સુપરિન્ટેન્ડન્ટને કહ્યું કે ભાં તો મારી રોટી અને લીંબુ બંધ કરો નહિ તો મને ચપ્પુ વાપરવા દો. આખરે મારો પોતાનો પેન્સિલ ઘડવાનો ચપ્પુ મને હવે વાપરવા દેવામાં આવે છે—જો કે એ પણ રહે તો મારા 'કેદી વૉર્ડર'ના કબ્જામાં જ. મારે જ્યારે જોઇએ ત્યારે તેની પાસે તે માગી લેવાનો. દર સાંજે તે જેલર પાસે જાય અને દર સવારે 'કેદી વૉર્ડર' પાસે પાછો આવે !

આ 'કેદી વૉર્ડર'ની જાત તમે ન જાણતા હશો. 'કેદી વૉર્ડર'નો ઇલકાબ એવા લાંબી મુદતના કેદીને મળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે જેમને સારી ચાલચલગતને લીધે વૉર્ડરનો પોષાક આપવામાં આવે અને દેખરેખ નીચે તેને નાનું નાનું કામ સોંપવામાં આવે. એક ખૂનને માટે ગુન્હેગાર ઠરેલો 'કેદી વૉર્ડર' દહાડાની મારી રખવાળી કરે છે, અને રાત્રે એક બીજી મૂર્તિ આવે છે જેને જોઇને મને શૌક્તઅલીની આકૃતિ યાદ આવે છે. મારી કોટડી ખુલ્લી રાખવાનો ઇન્સ્પેકટર જનરલે જ્યારે નિશ્ચય કર્યો ત્યારથી આ ભાઇને ઉમેરવામાં આવ્યો છે. આ બંને મને કશી અડચણ કરતા નથી. દિવસના વૉર્ડરની સાથે મારે કાંઇક જોઇતું હોય ત્યારે બોલવું પડે. તે ઉપરાંત મારે તેમની સાથે કશો જ સંબંધ નથી.

હું ત્રિકોણાકાર બંડમાં છું. એ ત્રિકોણની સૌથી લાંબી બાજુ પશ્ચિમે છે અને તે બાજુએ અગીઆર કોટડીઓ છે. આ ચોગાનમાં મારો એક સાથી, મારા ધારવા પ્રમાણે, એક અરબ રાજકેદી છે. એને હિન્દુસ્તાની આવડતું નથી અને દુર્ભાગ્યે મને અરબી નથી આવડતું, એટલે અમારો સંબંધ કેવળ સવારે એકબીજાને સલામ કરવા પૂરતો જ છે. આ ત્રિકોણનો પાયો એ એક મજબૂત દીવાલ છે અને ત્રિકોણની સૌથી નાની બાજુ એક કાંટાળા તારની વાડની બનેલી છે. આ વાડને એક દરવાજો છે, અને તેમાંથી એક વિશાળ મેદાનમાં જવાય છે. આ ત્રિકોણને આડે એક ચૂનાનો ધોળો લીટો કરી લીધો છે જે લીટો ઓળંગીને જવાની મને બંધી હતી. એટલે મને કસરતને માટે ૭૦ ફુટ જેટલી જગ્યા મળતી હતી. માણસાઈના અભાવના એક નમૂના તરીકે મેં આ બંધીની મિ. બંલાતા, કેન્ટોનમેન્ટ મૅજીસ્ટ્રેટને વાત કરી. એઓ જેલની મુલાકાત લેનારા મૅજીસ્ટ્રેટોમાંના એક છે. તેમને એ બંધી ન ગમી અને તેવો રિપોર્ટ કર્યો. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આખો ત્રિકોણ મારે માટે કસરત સારૂ ખુલ્લો છે, અને મને કદાચ ૧૪૦ ફુટ જગ્યા મળી રહેતી હશે. હું પેલા દરવાજામાંથી દેખાતી ખુલ્લી જગ્યાની વાત કરી ગયો. મારી આંખ હવે તેના ઉપર ચોંટી રહી છે. પણ ત્યાં મને જવાની પરવાનગી અપાય તો તો વધારે પડતી માણસાઇ થઇ ગઇ કહેવાય, 'ઘોળો લીટો ગયો, ત્યારે હવે કાંટાળા તારની વાડનેયે શા સારૂ વળગી રહો છો ? મને કસરતને માટે એ વાડની પેલે પાર પણ જવા દો તો ?' સુપરિન્ટેન્ડન્ટને બિચારાને આ એક અઘરી ગુંચ થઇ પડી છે, અને તેને ઉકેલવામાં તે હાલ ગુંથાયલો છે.

વાત એમ છે કે હું રહ્યો એકાંતને લાયકનો કેદી. મારાથી કોઇની સાથે વાત ન જ થાય. કેટલાક ધારવાડવાળા કેદીઓ આ જેલમાં છે, અને બેલગામવાળા સુપ્રસિદ્ધ ગંગાધરરાવ પણ અહીં જ છે. સક્કરના સુધારક વીરમલ બેગરાજ, અને મુંબઇના એક મરાઠી વર્તમાનપત્રના અધિપતિ લળિત પણ અહીં જ છે. પણ તેમને મારાથી મળી ન શકાય. હું તેમની સાથે રહેતો હોઉં તો તેમને શું નુકસાન કરૂં તે તો રામ જાણે. તેઓ મને તો કશું નુકસાન ન જ કરી શકે. તેમ જ કાંઇ ઘાટ રચીને અમે ભાગી જઇએ એમ પણ નથી. જો તેમ કરીએ તો પણ તે તો અધિકારીઓને ખૂબ ગમે એવું થઇ પડે. જો બીજાઓને હું ચેપ લગાડું એવી વાત હોય તો તેમને ચેપ લગાડવાનો શો બાકી રહેલો છે ? જેલમાં બહુ બહુ તો હું તેમને રેંટિયાના વધારે રસીઆ બનાવી શકું.

પણ મેં મારા એકાન્તવાસની વાત તમને કરી છે તે ફરિયાદ રૂપે નહિ. મને તો એકાંત પસંદ પડે છે. મને મૌન ગમે છે અને તેમાં જેલ બહાર મારે વિસારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકવો પડેલો એવો મારો મોંઘો અભ્યાસ હું નિરાંતે કરી શકું છું.

પણ બધા કેદીઓને એકાંતવાસ ગમતો નથી હોતો. એની જરૂર નથી, એમાં માણસાઇ નથી. આમાં વાંક છે કેદીઓના ખોટા વિભાગ પાડવામાં આવ્યા છે તેનો. બધા કેદીઓને એક જ વર્ગમાં નાંખવામાં આવે છે, અને કોઇપણ સુપરિન્ટેન્ડન્ટ ગમે તેટલો માયાળુ હોય તો પણ, તેને જ્યાં સૂધી તે ચાહે તે કરવાની સત્તા ન હોય ત્યાં સૂધી તેના હવાલામાં જે અનેક જાતનાં સ્ત્રી પુરુષો આવે છે તેને તે ન્યાય તો ન જ આપી શકે. એટલે તે માત્ર તેમના શરીર તરફ જોઇને પોતાનું કામ લે છે, શરીરની પાર રહેલા આત્મા તરફ તે જોતો જ નથી.

અને આ ઉપરાંત આજકાલ જેલોનો તો રાજકીય હેતુ માટે દુરુપયોગ થઇ રહ્યો છે, એટલે રાજકીય કેદીની સતાવણી જેલમાં પણ જારી જ રહે છે.

મારા જેલજીવનનું ચિત્ર મારી દિનચર્યા આપ્યા વિના અધૂરું રહી જાય. મારી કોટડી તો સરસ છે—સાફ અને હવાવાળી. મને બહાર સૂવાની રજા મળી છે તે એક લાભ જ છે—કારણ મને બહાર સૂવાની ટેવ રહી. પ્રાર્થનાને માટે ૪ વાગે ઉઠું છું. આશ્રમવાસીઓ ખબર જાણીને રાજી થશે કે હું સવારે દરરોજ પ્રાર્થના કરવા ચૂકતો નથી, અને કેટલાંક મોઢે કરેલાં ભજન ગાઉં છું. ૬॥ વાગે મારો અભ્યાસ શરૂ થાય છે. દીવો તો આપવામાં આવતો નથી. એટલે જરા અજવાળું થાય ત્યારે હું કામ શરૂ કરું છું. ૭ વાગે એ બંધ થાય છે, કારણ સાત પછી બત્તી વિના વાંચવું લખવું અશક્ય થઇ પડે છે. સાંજે આશ્રમની પ્રાર્થના કરી ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાગે સુધ જાઉં છું. કુરાન, તુલસીરામાયણ, મિ. સ્ટૅન્ડિંગે આપેલાં ખ્રિસ્તીધર્મ વિષેનાં પુસ્તકો, અને ઉર્દુ—એટલો મારો અભ્યાસ. આ અભ્યાસ ૬ કલાક ચાલે. ચાર કલાક કાંતવાનું અને પીંજણ ચાલે. પહેલાં તો હું માત્ર અર્ધો કલાક કાંતતો, કારણ ત્યારે મારો પૂણીઓનો જથ્થો પૂરતો નહોતો. હવે અધિકારીઓએ મને થોડું ૩ આપ્યું છે. એમાં કીડીનો તો પાર નથી. કદાચ પીંજણ શીખનારને માટે એવું ૩ પીંજવું એ સરસ તાલીમ થઇ પડે. એક કલાક પીંજવું, અને ત્રણ કલાક કાંતવું એવો નિયમ છે. અનસૂયાબહેને અને હવે મગનલાલ ગાંધીએ મને પૂણીઓ મોકલી હતી. હવે તેઓ પૂણી ન મોકલે, પણ તેઓમાંથી એક જણ મને સરસ સાફ ૩ મોકલે—એકીવખતે બબ્બે શેર મોકલતા નય. દરેક કાંતનારાઓએ પીંજતાં તો શીખવું જ જોઇએ. એક દિવસમાં હું એ શીખી ગયો, અને પીંજવું શરૂ કર્યું. કાંતવા કરતાં પીંજતાં શીખવું સહેલું છે, પણ કાંતવા કરતાં પીંજવું અઘરું છે. આ કાંતવાની તો હવે મને ધૂન લાગી છે. દરરોજ જાણે હું ગરીબમાં ગરીબની નજદીક વધારે વધારે પહોંચતો જતો હોઉં, અને તેટલે અંશે ઈશ્વરની નજદીક પહોંચતો જતો હોઉં એવું લાગે છે. દહાડાના એ ચાર કલાક ઉત્તમ ગયા એમ હું માનું છું. મારા શ્રમનું ફળ હું નજરે દેખું છું. એ ચાર કલાક દરમ્યાન એકે અશુદ્ધ વિચાર મારા મનમાં પ્રવેશ કરતો નથી. ગીતા, કુરાન અને રામાયણ વાંચું છું ત્યારે મન ભટકે છે, પણ રેંટિયો ચલાવતો હોઉં છું અથવા પીંજણ ચલાવતો હોઉં છું ત્યારે મન એકાગ્ર રહે છે. દરેકનું ચિત્ત કાંતતાં એકાગ્ર ન રહે એ હું જાણું છું. પણ મેં તો રેંટિયાને દરિદ્ર હિંદનું દળદર ફેડનાર તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલો બધો માન્યો છે કે એની મને અજબ મોહિની લાગી છે. કાંતવું પીંજવું વધારે કે અભ્યાસ વધારે કરવો એવી ભારે ગડમથલ મારા મનમાં ચાલી રહી છે, અને આવતા કાગળમાં મારો કાંતવા અને પીંજવાનો સમય વધ્યો છે એમ હું જણાવું તો નવાઇ નહિ.

મહેરબાની કરીને મોક્ષાના અબદુલ બારી સાહેબને કહેજો કે તેમણે હમણાં જ કાંતવાનું શરૂ કર્યું છે એ તેમણે મને ખબર આપી હતી તો તેઓ મારી સાથે હરિફાઇ કરશે એવી હું આશા રાખું છું. તેમનો દાખલો લઇને આ મહા ધંધો ઘણા ફરજ સમજીને ઉપાડી લેશે.

આશ્રમના માણસોને ખબર આપશો કે મેં જે બાળપોથી લખવાનું વચન આપ્યું હતું તે પૂરી કરી છે. હું માની લઉં છું કે એ તેમને મોકલવાની મને રજા આપવામાં આવશે. મેં એક ધર્મની બાળપોથી તેમજ દક્ષિણ આફ્રિકાની લડતનો ઇતિહાસ લખવાનું વચન આપ્યું છે તેને પણ પહોંચી વળવાની આશા રાખું છું.

ત્રણ વારને બદલે અહીં મેં અનુકૂળતાને ખાતર બે જ વાર ખાવાનું રાખ્યું છે. પણ હું પૂરતો ખોરાક લઉં છું. સુપરિન્ટેન્ડન્ટ ખોરાકની બાબતમાં તો કશી અડચણ ભોગવવા નથી દેતો. છેલ્લા ત્રણ દિવસ થયાં તો તેણે મને બકરીના દૂધનું માખણ મંગાવી આપવા માંડ્યું છે, અને એક બે દિવસમાં હું મારી રોટલી બનાવતો થઇ જઇશ.

મને બે તદ્દન નવા, ભારે, ગરમ ધાબળા કાથાની સાદડી અને બે પીછોડી આપવામાં આવ્યાં છે. થોડો વખત થયાં એક ઓશીકું આમાં ઉમેરાયું છે. એની ભાગ્યે જ જરૂર હતી. હું મારી ચોપડીઓ અને મારા વધારાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપડાંનું ઓશીકું બનાવી લેતો હતો. આ ઓશીકું તો રાજગોપાળાચારીની સાથે થયેલી વાતને પરિણામે જ આપવામાં આવ્યું છે. નહાવાને માટે ઇલાયદી વ્યવસ્થા છે, અને દરરોજ નહાવાનું મળે છે. એક બીજી કોટડી, જ્યારે તેની બીજી કાંઈ જરૂર ન હોય ત્યારે, અમને કામ કરવાને માટે આપવામાં આવી છે. સ્વચ્છતાની પણ હવે ખામી નથી રહી.

એટલે મિત્રોએ મારે માટે કશી વાતની ચિંતા કરવાની નથી. હું તો પંખીની જેમ કલ્લોલ કરું છું. અને હું બહાર રહીને કરતો તેના કરતાં અહીં રહીને ઓછી સેવા કરું છું એમ નથી માનતો. અહીં રહેવું એ મારે માટે સરસ તાલીમ છે, અને મારા સાથીઓથી મને છૂટો પાડવામાં આવ્યો છે તે ન થયું હોત તો શી રીતે ખબર પડત કે આપણે છિન્નભિન્ન નથી પણ એક અખંડ બળ છીએ, આપણે ભેગા મળીને કામ કરી શકીએ છીએ કે આપણી લડત કેવળ એક જ જણે ઉભી કરેલી તમાશો છે—ચાર દિવસનું ચાંદરણું છે. મને કાંઈ અવિશ્વાસ તો છે જ નહિ. એટલે બહાર શું બને છે તે જાણવાની મને જરાય જિજ્ઞાસા નથી થતી. અને મારી પ્રાર્થના સાચી હશે અને વિનમ્ર હૈયેથી થતી હશે તો હું જાણું છું કે ગમે તેટલા ઉધમાતના કરતાં તેની અસર કેટલીએ વધારે થવાની છે.

દાસની તબીયતને વિષે મને ચિંતા રહે છે. તેમનાં સુશીલ પત્ની (શ્રી. વાસંતીદેવી)એ મને તેમની તબીયતની ખબર આપ્યા નથી કીધી, એ ફરિયાદ તો મારે હમેશાં રહેવાની જ. મોતીલાલજીનો દમનો વ્યાધિ હવે મટ્યો હશે એમ આશા રાખું છું.

મારી સ્ત્રીને મહેરબાની કરીને સમજાવજો. મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળવા આવવાનું માંડી વાળે. દેવદાસ મને મળવા આવ્યો ત્યારે તેણે તો નાટક કરી મૂકયું હતું. તેને સુપરિન્ટેન્ડન્ટની ઓફિસમાં લાવવામાં આવ્યો ત્યારે તેણે મને ઉભો રાખેલો જોયો તે તેનાથી દેખ્યું જાય એમ નહોતું. એ માની અને લાગણીવાળો છોકરો પોકેપોક રોઇ પડયો અને જેમ તેમ કરીને હું તેને છાનો રાખી શકયો. તેણે સમજવું જોઇતું હતું કે હું કેદી હતો, અને કેદી તરીકે સુપરિન્ટેન્ડેન્ટની સામે બેસવાનો મને અધિકાર નહોતો. રાજગોપાલાચાર્ય અને દેવદાસને ખુરશી આપી શકાતી હતી—અને આપવી જોઇતી હતી. પણ મને ખાતરી છે તેમ ન થયું તેમાં કશું અપમાન કરવાનો ઇરાદો તો નહોતો જ. હું નથી ધારતો કે આવી મુલાકાત વખતે સુપરિન્ટેન્ડન્ટ હમેશ હાજર રહેતો હોય. પણ મારી બાબતમાં તો એ કાંઇ જોખમ ખેડવા નહોતો ઇચ્છતો એમાં શંકા નથી. હવે દેવદાસે કરેલું દૃશ્ય મારી સ્ત્રી પણ આવીને કરે એમ હું નથી ઇચ્છતો, તેમ મને ખાસ મહેરબાનીની રાહે ખુરશી આપવામાં આવે એમ પણ હું નથી ઇચ્છતો. મને ખાતરી છે કે મારા ઉભા રહેવામાં જ શોભા છે. અને બ્રિટિશ લોકો આપણે જ્યાં જઇએ ત્યાં સ્વાભાવિક રીતે અને ખરા અંતરથી આપણને માન આપે અને આપણો સત્કાર કરે એને માટે તો હજી થોડો વખત જોઇશે. મુલાકાત લેનારા આવે એવી મારી મુદ્દલ ઇચ્છા નથી, બલ્કે મિત્રો તેમજ સગાંવહાલાં પોતાની ઇચ્છા દબાવે એમ હું માગું ખરો. બાકી સંજોગો અનુકૂળ હોય કે પ્રતિકૂળ તોપણ કામકાજને માટે તો જરૂર મળવું.

પંચમહાલ, પૂર્વ ખાનદેશ અને આગ્રામાં ગરીબ મુસલમાન સ્ત્રીઓને રેંટિયા આપવાનું છોટાણી બીબીએ જાહેર કર્યું હતું તે પ્રમાણે વહેંચ્યા હશે. આગ્રાથી જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિશનરી સ્ત્રીએ મને લખેલું તેનું નામ તો હું ભૂલી ગયો. કૃષ્ણદાસને કદાચ યાદ હોય.

ઉર્દુ શિક્ષિકા તો જલદી પૂરી કરીશ. સારી ઉર્દુલુગાત (શબ્દકોષ), અને તમને અથવા ડૉ. અનસારીને જે ચોપડી ઠીક લાગે તે મોકલી આપશો તો હું બહુ રાજી થઇશ.

શ્વેબને જણાવજો કે હું તેને વિષે નિશ્ચિંત છું.

મને આશા છે કે તમે કુશળ હશો. તમે ગન-ઉપરાંત કામ નથી કરતા એવી આશા રાખવી એ તો ન બને એવી વસ્તુની આશા રાખવા જેવું છે. એટલે હું તો માત્ર પ્રાર્થના કરીશ કે તમારા કામના ભારે બોજા છતાં ખુદા તમને તંદુરસ્ત રાખે.

બધા સાથીઓને મારાં સ્નેહસ્મરણ.

લિ. સ્નેહાધીન

મો૦ ક૦ ગાંધી

પત્ર નં. ૨ ગાંધીજીનો વાંધો

કેદી નં. ૮૬૭૭ તરફથી

મુંબઇ સરકાર જોગ—

કેદીના મિત્ર હકીમજી અજમલખાનના ઉપર કેદીએ લખેલા પત્રની ઉપર સરકારે કરેલા હુકમના સંબંધમાં અને યરોડા જેલના સુપરિન્ટેન્ડન્ટે કેદીને વાંચી સંભળાવેલા તે હુકમમાં કરેલી કેટલીક ટીકા સાથે કેદીને તે પત્ર પાછો આપવામાં આવ્યો તેના સંબંધમાં, કેદી નંબર ૮૬૭૭ જણાવવાની રજા લે છે કે સદરહુ હુકમની નકલ માટે કેદીએ સુપરિન્ટેન્ડન્ટને અરજી કરી પણ સુપરીન્ટેન્ડેન્ટે જણાવ્યું કે કેદીને એ હુકમની નકલ આપવાનો તેને અધિકાર નથી.

એ હુકમની નકલ મેળવવાની અને મિત્રોને એક નકલ મોકલવાની કેદીની ઇચ્છા છે કે જેથી તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખબર પડે કે, કેવા સંજોગોમાં ના મિત્રોને કુશળતાનો પત્ર લખવાનું પણ માંડી વાળવું પડયું. કેદી આ ઉપરથી અરજ કરે છે કે સરકારે સુપરિન્ટેન્ડન્ટને સદરહુ હુકમની નકલ કેદીને આપવાનું ફરમાવવું.

સદરહુ હુકમમાં કેદી સમજે છે અને તેને યાદ છે તે પ્રમાણે સરકારે નીચેનાં કારણસર સદરહુ પત્ર મોકલવાની ના પાડી છે:

(૧) પત્રમાં કેદી સિવાયના બીજા કેદીઓની વાત કરવામાં આવી છે; (૨) પત્રથી રાજકીય ચર્ચા ઉત્પન્ન થવા સંભવ છે.

પહેલા કારણના સંબંધમાં જણાવવાનું કે સદરહુ પત્રમાં કેદીની પોતાની સ્થિતિ અને કુશળતા વિષે બોલતાં જેટલી વાત કહેવી પડે તે ઉપરાંત બીજું કશું જ નથી.

બીજા કારણના સંબંધમાં કેદી માનપૂર્વક જણાવે છે કે જાહેર ચર્ચા ઉભી થવાના સંભવને કાંઇ કેદીને ત્રણ મહિને પોતાના મિત્ર અને સગાંવહાલાંને કુશળતાનો પત્ર લખવાનો હક લઇ લેવા માટે યોગ્ય કારણ ન બનાવી શકાય. અને તેમ કરવામાં ભયંકર ભાવાર્થ નીકળે છે એમ કેદીનું માનવું છે—એવો ભાવાર્થ કે હિંદી જેલ એક ગુપ્ત ખાતું છે. કેદી માને છે કે હિંદી જેલો જાહેર ખાતાંઓ છે અને બીજાં ખાતાંઓની જેમ તે પણ લોકોની ટીકા તેમજ ચર્ચાને પાત્ર છે.

કેદી જણાવે છે કે એના સદરહુ પત્રમાં કેવળ એની પોતાની કુશળતાની ખબર જ આપવામાં આવેલી છે. બીજા કેદીઓની વાત કરવી પડી છે તે ઉપર કહેલી ખબર પૂરેપૂરી આપવાને માટે જરૂરની હતી. તેમાં કોઇ ખોટી અથવા તો કોઇ વધારીને લખેલી ખબર જો કેદીને બતાવી આપવામાં આવશે તો તે સુધારવાને કેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજી છે. પણ સરકાર જણાવે છે તેવી રીતે સદ્દરહુ પત્રને કાપીકુપીને મોકલવામાં તો પોતાના મિત્રોને પોતાની સ્થિતિ વિષે ભૂલભરેલો ખ્યાલ આપવા જેવું થાય. એટલે ઉપર કહ્યા પ્રમાણે જે સુધારા કરવાની જરૂર જણાય તે ઉપરાંત બીજા ફેરફાર વિના જો કેદીનો પત્ર સરકાર ન મોકલી આપે તો મિત્રોને કુશળતાનો પત્ર મોકલવાનો હક વાપરવાની કેદીની બિલકુલ ઇચ્છા નથી, કારણ ઉપર કહેલા હુકમ મુજબ સરકારે જે બંધી કરી છે તે બંધીથી એ હકની ભાગ્યે જ કાંઈ કિંમત રહે છે.

યરોડા જેલ,
૧૨-૫-૨૨

મો. ક. ગાંધી
કેદી નં. ૮૬૭૭

પત્ર નં. ૩ 'મારો પહેલો અને છેલ્લો'

યરોડા જેલ
૧૨મી મે ૧૯૨૨

વહાલા હકીમજી,

૧૪મી એપ્રિલે મેં તમને મારે વિષે હકીકતથી ભરેલો એક લાંબો પત્ર લખ્યો હતો. તેમાં તમારી મારફત કેટલાક સંદેશા મેં મોકલ્યા હતા, જેમાં મારી સ્ત્રી અને દેવદાસ માટે પણ હતા. એમાંના અગત્યના ભાગ જો હું રદ ન કરું તો એ પત્ર મોકલવો નહિ એવો હુકમ સરકારે હમણાં જ કર્યો છે. સરકારે પોતાના નિર્ણયનાં કારણ પણ આપ્યાં છે, પણ હુકમની નકલ મને આપવાની ના પાડવામાં આવી છે એટલે તે હુકમ હું તમને નથી મોકલી શકતો, તેમજ મને યાદ છે તે પ્રમાણે તેમણે જે કારણો જણાવ્યાં છે તે પણ નથી મોકલી શકતો.

મેં સરકારને એક પત્ર લખી આ કારણોની યોગ્યતાની સામે વાંધો ઉઠાવ્યો છે અને મારા પત્રમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ હકીકત ખોટી અથવા વ ારીને લખવામાં આવી છે એમ મને બતાવવામાં આવે તો તે સુધારવાની માગણી કરી છે. મેં તેમને એમ પણ જણાવ્યું છે કે મારો પત્ર કાપકૂપ થયા વિના હું ન મોકલી શકું તો નિયમ પ્રમાણે જે કાગળો મિત્રોને લખી શકાય છે તે મોકલવાની પણ મારી ઇચ્છા નથી; કારણ પછી તેની ભાગ્યે જ કશી કિંમત રહે છે. એટલે સરકાર પોતાનો ઠરાવ બદલે નહિ ત્યાં સૂધી તમને તથા બીજા મિત્રોને આ જ મારો પહેલો અને છેલ્લો પત્ર હશે

આશા રાખું છું કે આપ કુશળ હશો.

આપનો સ્નેહાધીન
મો. ક. ગાંધી
કેદી નં. ૮૬૭૭

પત્ર નં. ૪ બીજા પત્ર માટે માગણી

યરોડા સેંટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ જોગ

સાહેબ,

કેટલોક સમય થયાં મારે વિષે ત્રણ વાતોનો નિર્ણય થવો બાકી છે.

(૧) ગયા મે મહિનામાં મેં મારા મિત્ર દિલ્હીવાળા હકીમજી અજમલખાનને નિયમ પ્રમાણેનો ત્રિમાસિક પત્ર લખ્યો હતો. તે પત્રમાંના કેટલાક ભાગો સામે સરકારે વાંધો લીધો, અને તે હું રદ ન કરૂં તો પત્ર નહિ મોકલવામાં આવે એમ મને જણાવ્યું હતું. સદરહુ ભાગો જેલની મારી સ્થિતિની સાથે બરોબર સંબંધ ધરાવનારા છે એમ હું માનતો હોવાને લીધે તે હું રદ કરી શકયો નહિ, અને સરકારને મેં માનપૂર્વક જણાવ્યું કે જો મને મારી સ્થિતિનું સંપૂર્ણ વર્ણન મારા મિત્રને મોકલવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવામાં ન આવે તો તેમને સામાન્ય પત્ર લખવાનો હક અથવા ખાસ અધિકાર વાપરવાની મારી ઇચ્છા નથી. એ જ વેળા મેં મારા મિત્રને એક ટૂંકો પત્ર લખીને જણાવ્યું કે મેં તમને જે પત્ર લખ્યો હતો તે મંજુર થયો નથી અને સરકાર જ્યાં સુધી મારા પત્ર ઉપર મૂકેલી બંધી રદ ન કરે ત્યાં સુધી મારી કુશળતા વિષે એક પત્ર લખવાની મારી ઇચ્છા નથી. આ બીજો પત્ર પણ મોકલવાની સરકારે ના પાડી છે. જેમ મારો પહેલો પત્ર મને આપવામાં આવ્યો તેમ આ બીજો પત્ર પણ મને આપવામાં આવે એવી મારી માગણી છે.

(૨) ગુજરાતી બાળપોથી લખવાની કર્નલ ઉલઝીલની પરવાનગી મેળવીને, અને મારા મિત્રોને તે પ્રસિદ્ધ કરવા માટે મોકલવામાં કશો વાંધો લેવામાં નહિ આવે એવી તેની ખાત્રી મેળવીને મેં એ બાળપોથી લખી, અને એ બાળપોથી સાથે બીડેલા પત્રમાં જણાવેલે શિરનામે તે મોકલી દેવાને માટે કર્નલ ઉલઝીલને આપી. સદરહુ શિરનામે બાળપોથી મોકલવાની સરકારે ના પાડી છે, એવા કારણે કે જેલમાં સજા ભોગવતા કેદીઓને પુસ્તકો પ્રસિદ્ધ કરવાની રજા દઇ શકાય નહિ. એ બાળપોથી ઉપર મારું નામ પ્રસિદ્ધકર્તા અથવા કર્તા તરીકે આપવામાં આવે એવી મારી જરાય ઇચ્છા નથી. મારા નામના કશા સ્પર્શ વિના પણ એ બાળપોથી પ્રસિદ્ધ થઇ શકે એમ ન હોય તો તે મને પાછી મોકલવામાં આવે એમ હું માગું છું.

(૩) સરકારે મને જણાવ્યું હતું કે સામયિક પત્રો લેવાની પરવાનગી મળી શકશે. એટલે મેં અઠવાડિક 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા', 'મૉડર્ન રિવ્યુ'—કલકત્તાનું એક ઉંચી પ્રતિનું માસિક—અને 'સરસ્વતી' એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દી માસિક, મંગાવવાની રજા માગી. આમાંના છેલ્લા માટે પરવાનગી મળી છે. બીજા બેને માટે હજી કશો નિર્ણય થયો નથી સરકારના નિર્ણયની હું કાળજીપૂર્વક રાહ જોઇ રહ્યો છું.

લિ. હું છું

યરોડા જેલ, આપનો આજ્ઞાંકિત સેવક,

૧૨ મી ઑગસ્ટ ૨૨. મો. ક. ગાંધી.

પત્ર પમો

યરોડા જેલ,

તા. ૧૪ મી નવેંબર ૧૯૨૨

સુપરિન્ટેન્ડેન્ટ,

યરોડા સેન્ટ્રલ જેલ

સાહેબ,

'મૉડર્ન રિવ્યુ' પત્ર આપવાની સરકારે મને ના પાડી છે, તો તે સંબંધમાં હું જણાવવાની રજા લઉં છું કે ગઇ ત્રિમાસિક મુલાકાત વખતે મારી સ્ત્રીની સાથે આવેલા મિત્રોએ મને કહ્યું કે સરકારે તો એવું જાહેર કીધું છે કે કેદીઓને સામયિક પત્રો આપવામાં આવે છે. જો આ ખબર સાચી હોય તો હું મારી માગણી તાજી કરું છું અને મદ્રાસના મિ. નટેશનના તંત્રીપણા નીચે ચાલતા 'ઇન્ડિયન રિવ્યુ' માસિકની માગણી કરું છું.

લિ. આપનો આજ્ઞાંકિત

મો. ક. ગાંધી

['ઇન્ડિયન રિવ્યુ' નહિ મળે એમ કહેવામાં આવેલું.

મો. ક. ગાંધી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર ૬ઠ્ઠો

યરોડા જેલ,
૨૦મી ડિસેમ્બર, ૨૨

સુપરિન્ટેન્ડેન્ટ,
યરોડા જેલ

સાહેબ,

આપે મને મહેરબાની કરીને જણાવ્યું હતું કે થોડા સમય ઉપર મને મળવા માટે અરજી કરનારાઓમાંથી પંડિત મોતિલાલ નેહરૂ, હકીમ અજમલખાન અને ભાઇ મગનલાલ ગાંધીને રજા ન આપવામાં આવી.

ભાઇ મગનલાલ ગાંધી એ એક મારા ઘણા નિકટના સંબંધી છે એટલું જ નહિ પણ મારૂં મુખ્ત્યારનામું ધરાવનારા છે, અને મારા ખેતીના તથા હાથવણાટના તથા હાથકાંતણના અખતરાઓ એના જ હાથ નીચે થાલે છે, તેમજ અસ્પૃશ્યો સંબંધી મારા કાર્યની સાથે એનો ઉંડો સંબંધ છે.

પંડિતજી અને હકીમજી રાજકાજમાં મારા સાથીઓ છે તે ઉપરાંત મારૂં કુશળ ચાહનારા મારા અંગત મિત્રો છે.

પંડિત મોતિલાલ નેહરૂ, હકીમજી અજમલખાન, અને ભાઇ મગનલાલ ગાંધીને મળવાની રજા કેમ ન આપવામાં આવી એનાં કારણ સરકારની પાસેથી મંગાવશો તો હું આભારી થઇશ.

કેદીઓની સાથેની મુલાકાત વિષેના જેલના નિયમો પ્રમાણે તો, આ ત્રણ સજ્જનોને પોતાના કેદી મિત્રોને મળવાને અધિકાર હોવો જોઇએ એમ હું જોઉં છું.

મારી સાથેની મુલાકાતોના સંબંધમાં સરકાર શું ધારે છે તે જો મને જણાવવામાં આવે તો સારૂં—કોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું મળી શકું અને કોને ન મળી શકું, અને જે મુલાકાતીઓને પરવાનગી મળે તેમની પાસે, જે બિનરાજદ્વારી વિષયો અથવા કામોની સાથે મારે સંબંધ હોય તે વિષે, મારાથી ખબર મેળવી શકાય કે કેમ ?

લિ. આપનો આજ્ઞાંકિત
મો. ક. ગાંધી,
નં. ૮૬૭૭.

પત્ર ૩મો

યરોડા જેલ,
૨૦મી ડિસેંબર, ૨૨

સુપરિન્ટેન્ડેન્ટ,
યરોડા જેલ

સાહેબ,

'વસન્ત' અને 'સમાલોચક' નામનાં બે ગુજરાતી માસિકો મને લેવા દેવામાં નહિ આવે એવો, કારણ જણાવ્યા વિના, ઈન્સ્પેક્ટર જનરલે હુકમ કર્યો છે એમ આપે મને જણાવ્યું છે.

કેદીઓને સામયિક પત્રો આપવાના સંબંધમાં સરકારે કરેલા હુકમો જોતાં તો ઉપર જણાવેલો ઠરાવ મને આશ્ચર્યકારક લાગે છે. મારા સમજવા પ્રમાણે સરકારી હુકમો તો એવા છે કે કેદીઓને ચાલુ રાજકીય ખબર જેમાં ન હોય તેવાં સામયિક પત્રો લેવાનો અધિકાર છે. 'સમાલોચક' ને વિષે તો હું બહુ નથી જાણતો, પણ 'વસન્ત'ને હું જાણું છું. એ તો રાવ બહાદુર રમણભાઇના તંત્રીપણા નીચે ચાલતી નમૂનેદાર સાહિત્ય-પત્રિકા છે. રાવ બહાદુર તો સંસારસુધારક તરીકે જાણીતા છે જ, અને એ માસિકમાં લખનારાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઘણાખરા એક અથવા બીજી રીતે સરકારની સાથે સંબંધ રાખનારા છે. એમાં શુદ્ધ રાજકીય વિષયોની ચર્ચા આવે છે એવું મારા જણ્યામાં નથી. તેમજ એમાં રાજકીય ખબર આવે છે એવું પણ મારા જણ્યામાં નથી. પણ સંભવ છે કે આ માસિકોની મનાઇ કરવાને માટે ઇન્સ્પેક્ટર જનરલને બીજાં કારણો હોય, અથવા તો 'વસન્ત' અને 'સમાલોચક' હવે રાજકીય માસિકો જ બની ગયાં હોય. એટલે કૃપા કરીને આપ ઇન્સ્પેક્ટર જનરલ પાસે જરા જાણી લેશો કે તેમના ઠરાવનું કારણ શું છે? જો આ ઠરાવ ન બદલવામાં આવે તો તેને પરિણામે ગુજરાતી સાહિત્યની સાથે સંબંધમાં રહેવાની મારી તક ચાલી જશે.

લિ.

આપનો આજ્ઞાંકિત,

મો. ક. ગાંધી

પત્ર ૮મો

યરોડા સેંટ્રલ જેલ,

તા. ૪થી ફેબ્રુઆરી ૧૯૨૩

સુપરિન્ટેન્ડેન્ટ,

યરોડા સેંટ્રલ જેલ

સાહેબ,

આપે કાલે મને જણાવ્યું હતું કે ઇન્સ્પેક્ટર જનરલે મારા ગઇ ૨૦મી ડિસેંબરના પત્ર (પત્ર ૬ઠ્ઠા)નો જવાબ એવો આપ્યો છે કે જેલની મુલાકાતો સંબંધી નિયમોની મર્યાદામાં રહીને સગાંસંબંધી અને મિત્રોની મુલાકાત વિષે હુકમ કરવાની કુલમુખત્યારી આપને જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જવાબથી હું ચકિત થઉં છું. અને મને ગઈ સત્તાવીસમી તારીખે બ્હેન વસુમતિ ધીમતરામની સાથે મારી સ્ત્રી મળવા આવી હતી તેણે આપેલી ખબર તો એથી ઉલટી જ છે.

મારી સ્ત્રીએ મને જણાવ્યું કે મુલાકાતને માટે કરેલી તેની અરજીના જવાબ માટે તેને વીસથી વધુ દિવસ રોકાવું પડ્યું. મારી માંદગીની અફવા સાંભળીને તે પૂના આવી—એવી આશાથી કે તેને રત્ન મળશે. આ પ્રમાણે ગયા અઠવાડિયાની શરૂઆતમાં જ મારી સ્ત્રી તથા બ્હેન વસુમતિ ધીમતરામ, ભાઇ મગનલાલ ગાંધી, તેની આશરે ચૌદ વર્ષની દીકરી રાધા, અને ભાઇ છગનલાલ ગાંધીનો દીકરો એક અઢાર વર્ષનો જુવાન પ્રભુદાસ,—જે તેના પિતા રત્ન મળેલી હોવા છતાં માંદા હોવાને લીધે ન આવી શકયા એટલે તેને બદલે આવ્યો હતો—આ સૌને સાથે લઇને, જેલને દરવાજે આવી અંદર દાખલ થવાની પરવાનગી માગી. તમે આ મંડળને કહ્યું કે તમને પરવાનગી આપવાની કશી સત્તા નથી, અને સરકારને મૂળ અરજી તમે મોકલી આપી હતી તેનો જવાબ હજી આવ્યો નથી. પણ ભાઇ મગનલાલ ગાંધીએ આગ્રહ ધર્યો એટલે તમે ઇન્સ્પેકટર જનરલને ટેલીફોન કરી પૂછી જોવાનું વચન આપ્યું, અને આખરે તેણે પણ એવું જ જણાવ્યું કે તેને પણ એ મુલાકાતની રત્ન આપવાનો અધિકાર નથી. પરિણામે મારી સ્ત્રી અને તેની સાથે આવેલાં સૌને નિરાશ થઇ પાછાં જવું પડ્યું.

ગઇ સત્તાવીસમી તારીખે મારી સ્ત્રીએ મને કહ્યું કે તમે તેને ટેલીફોન કરીને જણાવ્યું હતું કે 'સરકાર પાસેથી મને જવાબ મળી ગયો છે કે મૂળ અરજીમાં લખેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ માણસો સાથે તમે મિ. ગાંધીને મળી શકો છો.' એટલે રાધા અને પ્રભુદાસ એ બંને બાળકોને મનાઇ થઇ.

જો તમને મુખ્ત્યારી હોત તો તો આ ઉપર જણાવેલી હકીકતમાં કાંઇક ભૂલ હોવી જોઇએ. મને ખાતરી છે કે મારી સ્ત્રીએ કહેલી વાત સમજવામાં મારી ભૂલ તો નથી થઈ.

વળી જો તમને મુખ્ત્યારી હોત તો રાધા અને પ્રભુદાસનેયે પાછાં જવું ન પડત.

એટલે સરકાર તરફથી તમને મળેલો જવાબ મારી સ્ત્રીએ જણાવેલી હકીકતથી કેમ ઉલટો છે તે તથા નીચેની વધારે હકીકત મને જણાવી આપ આભારી કરશોઃ

(૧) પંડિત મોતિલાલ નેહરૂ, હકીમ અજમલખાન અને ભાઇ મગનલાલ ગાંધીને ગયે વર્ષે શા કારણે પરવાનગી ન મળી ?

(૨) ભવિષ્યમાં મને મળવાની કોને રજા મળશે અને કોને નહિ મળે ?

(૩) સદરહુ મુલાકાત વખતે બિનરાજદ્વારી બાબતો વિષે તથા મેં શરૂ કરેલી બિનરાજદ્વારી પ્રવૃત્તિઓ જે હાલ મારા અનેક પ્રતિનિધિઓ ચલાવી રહ્યા છે તે વિષે મારાથી માહિતી મેળવી શકાય કે કેમ ?

ઉપર કહેલાં સૌને તમે અપમાન કરવા ઇચ્છ્યું ન હોય, પણ જે રીતે તેમની સાથે વર્તવામાં આવ્યું તેમાં અપમાન તો રહેલું હતું જ. આવો દુઃખદ બનાવ ફરીને ન બને એમ હું ઇચ્છું.

લિ. આપનો આજ્ઞાંકિત
મો. ક. ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર ૬ઠ્ઠો

યરોડા જેલ,
૧૦મી ફેબ્રુઆરી '૨૩

પ્રિય મેજર જોન્સ,

આ તો આપને એક ખાનગી કાગળ લખવો પડે છે, કારણ એમાં ચર્ચેલી વાત કેદી તરીકેના મારા વિષયની અંદર હોવા ઉપરાંત તેની બહાર પણ જાય છે. છતાં તમારા દરજ્જા પ્રમાણે તમને એમ લાગતું હોય કે એ પત્રને સરકારી રીતે જ આવેલો ગણ્યા વિના ન ચાલે તો તમને તેમ ગણવાની પણ છૂટ છે.

ગઇ કાલે સવારે મેં ફીકીઆરી સાંભળી અને પાસે ઉભેલા લોકોમાંના કેટલાકે બૂમ પાડી કે કેદીઓને ફટકા મરાય છે. મને નવાઇ લાગી. ત્યારબાદ થોડી જ વારે ગુણીયાંનાં કપડાં પહેરાવેલા ચાર-પાંચ નવજવાનોને લઇ જવામાં આવતા મેં જોયા. એકની પીઠ ઉઘાડી હતી. એ બધા બહુ જ ધીમે અને વાંકા વળીને ચાલતા હતા. મેં જોયું કે તેઓ દરદથી પીડાતા હોય એમ ચાલતા હતા. એમણે મને નમસ્કાર કર્યા. મેં પણ તેમને નમસ્કાર કર્યા. મને થયું કે તેમને જરૂર ફટકા મારવામાં આવ્યા હોવા જોઇએ. બપોરે મેં એક સંમાન્ય ગૃહસ્થને બેડી પહેરાવીને લઇ જવામાં આવતા જોયા. મારા સામાન્ય નિયમ વિરૂદ્ધ તેઓ કોણ છે એમ મેં તેમને પૂછ્યું. તેમણે કહ્યું કે પોતે મૂળશી પેટાના કેદીઓમાંના એક છે. જેમને ફટકા મારવામાં આવ્યા હતા તે લોકોને તેઓ ઓળખે છે કે નહિ એમ મેં તેમને પૂછ્યું. તેમણે કહ્યું કે તેઓ એ બધાને ઓળખતા હતા, કારણ કે એ લોકો પણ મૂળશી પેટાના જ માણસો હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પત્ર લખવાનો હેતુ એટલો જ છે કે જે લોકો કામ કરવાની ના પાડે છે તેમને મળવાની મને પરવાનગી મળે. મને ને એમ લાગે કે તેઓ નાદાની કે અવિચારથી વર્તે છે તો કદાચ તેમની સ્થિતિનો ફરીથી વિચાર કરી જવાને હું તેમને સમજાવી શકું. સત્યાગ્રહમાં કેદીનો એ ધર્મ રહ્યો છે કે તેણે જેલના બધા યોગ્ય કાયદાઓનું પાલન કરવું, અને પોતાને મળેલું કામ તો જરૂર કરવું. ખરું જોતાં સત્યાગ્રહી જેલમાં ગયો એટલે તેનું નિયમભંગ કરવાનું કામ સમાપ્ત થાય છે. કોઇ અસામાન્ય કારણે તે પાછું શરૂ કરી શકાય—જેમકે ઉદ્ધતાપૂર્વક તેનું અપમાન કરવામાં આવે એવે પ્રસંગે. જો આ લોકો સત્યાગ્રહી હોવાનો દાવો કરતા હોય તો હું આ બધું તેમને સમજાવવા માગું છું.

સામાન્ય રીતે કોઈપણ કેદીને જેલના વહીવટમાં મદદ કરવાને અથવા દાખલ કરવાને છૂટ ન આપવામાં આવે એ વાત હું જાણું છું. પણ સામાન્ય માણસાઈની દૃષ્ટિએ મારી સૂચના સ્વીકારવામાં આવશે એવી હું અપેક્ષા રાખું છું. આપ ઉપવાસ મારવાનું કોઈપણ રીતે અટકાવી શકાતું હોય તો તેને અટકાવવાના ઉપાય યોજવામાં તો કશી મણા ન જ રાખો એવી મને ખાત્રી છે. મેં નમ્રતાપૂર્વક એક ઉપાય સૂચવ્યો છે. મારી સેવાનો લાભ ઉઠાવવાનું આપને મન થાય અને મને પરવાનગી આપવામાં આવે એવી હું આશા રાખું છું.

લિ.

આપનો આજ્ઞાંકિત

મો. ક. ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર ૧૦મો

યરોડા જેલ,
૧૨મી ફેબ્રુઆરી ૧૯૨૩

સુપરિન્ટેન્ડેન્ટ,
યરોડા સેન્ટ્રલ જેલ

સાહેબ,

મને હમણાં જ ખબર પડી કે મૂળશી પેટાના કેટલાક માણસોની જોડે વાતચીત કરવાને લીધે ભાઇ જેરામદાસને શિક્ષા થઈ છે. એ શિક્ષાની સામે ફરિયાદ કરવા હું આ પત્ર નથી લખતો, પણ એટલી અથવા એથીયે વધુ શિક્ષા મને પણ થાય એટલા સારૂ. હું આ માગણી લડાકૂ વૃત્તિથી નહિ પણ ધાર્મિક વૃત્તિથી કરી રહ્યો છું એમ કહું તો ચાલે. કારણ કે નિયમનો ભંગ જેરામદાસના કરતાં મારો વધારે છે. મેં તેમને કહેલું કે તમને જો મૂળશી પેટાવાળો કોઇ કેદી મળે તો તેને કહેજો કે તે જો સત્યાગ્રહી હોવાનો દાવો રાખતા હોય તો તેણે કામ કરવાની ના પાડવી નહિ. ભાઇ જેરામદાસ મારી આ વિનંતિનો અનાદર કરી શકયા નહિ. મેં તેને એમ પણ કહેલું કે આપ જો તેની પાસે આજે જાઓ તો તેણે આપને બધી હકીકત જણાવવી; અને હું અમારી બે વચ્ચે જે થયું તે આપને આવતી કાલે જણાવવાનો હતો—આવતી કાલે એટલા માટે કે સોમવાર મારો મૌનવાર હોવાથી આપ તે દિવસે મને મળવા નથી આવતા. હું આપને ખાત્રી આપું છું કે મને સન્ન થાય એનો હું અવળો અર્થ નહિ કરૂં. પણ હું છૂટી જાઉં અને મારા કરતાં ઓછા ગુન્હો—જો એ ગુન્હો જ હોય તો તે—કરનારને સન્ન થાય તો મને દુઃખ થશે.

લિ. આપનો આજ્ઞાંકિત
મો. ક. ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ઉપરના પત્રના જવાબમાં સુપરિન્ટેન્ડેન્ટ મારી કોટડીએ આવ્યા અને મને કહ્યું કે તેમના મનમાં જેરામદાસને વિષે જરા પણ રોષ નથી. તેમણે (ભાઈ જેરામદાસે) જે કર્યું તે તો છચોક જ કર્યું, પણ નિયમનો જે ભંગ થયો તેને ધ્યાનમાં લીધા વિના ચાલે એમ નહોતું. તેમણે કહ્યું કે બીજા કેદીને ઉશ્કેરવાના ગુન્હા માટે તે મને સજા કરી શકે એમ નથી. સત્યાગ્રહીઓ સાથે વાતચીત કરવાને મેં મારા આંગણાની હદ ઓળંગી નહોતી, એટલે મને સજા શી રીતે થાય? ખૂબી એ છે કે આ બાબતમાં જે કદંગી સ્થિતિ ઉભી થાત તે તો ભાઈ જેરામદાસની વાતચીતને પરિણામે જ અટકવા પામી.

મો. ક. ગાંધી]

પત્ર ૧૧મો

સુપરિન્ટેન્ડેન્ટ, ૧૨મી ફેબ્રુઆરી' ૨૩
યરોડા સેન્ટ્રલ જેલ,

સાહેબ,

મારી જાણમાં આવ્યું છે કે કેટલાક મૂળશી પેટાના કેદીઓને ફટકા મારવામાં આવ્યા છે; કારણ એમ કહેવામાં આવે છે કે તેમણે કામ કરવાની ના પાડી છે અને જાણીબૂજીને ઓછું કામ કર્યું છે.

જો આ કેદીઓ સત્યાગ્રહી હોવાનો દાવો કરતા હોય તો જ્યાં સુધી જેલના નિયમો અપમાનકારક અને ગેરવ્યાજબી ન હોય ત્યાં સુધી તે બધા નિયમોનું પાલન કરવા તેઓ બંધાએલા છે; અને તેમને જે કામ સોંપવામાં આવ્યું હોય તે કામ તેમણે યથાશક્તિ અવશ્ય કરવું જ જોઇએ. એટલે જો તેમણે કામ કરવાની ના પાડી હોય અથવા પોતપોતાની શારીરિક શક્તિ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ ન કરતા હોય તો તેઓ જેલના નિયમોનો ભંગ કરવા ઉમરાંત પોતાના સદ્વર્તનના નિયમને પણ તોડી રહ્યા છે.

મને એટલી ખાત્રી છે કે જો તેમને કોઈપણ રીતે કામ કરવાને સમજાવી શકાતું હોય તો જેલના અમલદારો તેમને ફટકા મારવાને ઉત્સુક ન જ હોય; અને કેદીઓ શિક્ષાના ડર કરતાં વિવેકને વશ થાય એમ પણ તેઓ જરૂર ઇચ્છે. મને લાગે છે કે એ લોકો મારું કહ્યું માનશે. તેથી હું એવી વિનંતિ કરું છું કે મૂળશી પેટાના જેટલા લોકો ધરાદાપૂર્વક જેલના ધારાઓનો ભંગ કરતા હોય તેમની આપની સમક્ષ મુલાકાત લેવાની મને પરવાનગી આપવામાં આવે, કે જેથી જો તેઓ સત્યાગ્રહી હોવાનો દાવો કરતા હોય તો હું તેમને સત્યાગ્રહી તરીકેનો તેમનો ધર્મ સમજાવી શકું.

સામાન્ય રીતે કેદીઓને જેલના વહીવટમાં મદદ અથવા દખલ કરવા દેવામાં નથી આવતી એ વાતથી હું વાકેફ છું. પણ મને આશા છે કે ઉપર કહ્યું તેવા કિસ્સામાં જેલના વહીવટના વિચાર કરતાં માણસાઇના વિચારને પ્રાધાન્ય આપવામાં આવશે.

લિ.

આપનો આ કિંકર

મો. ક. ગાંધી

[આના જવાબમાં સુપરિન્ટેન્ડેન્ટે મને કહ્યું કે મારી આ સેવાની માગણી માટે સરકાર મારો આભાર માને છે; પણ તેનો લાભ તે ઉઠાવી શકે તેમ નથી.

મો. ક. ગાંધી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર ૧૨મો.

યરોડા જેલ, તા. ૨૩-૨-૨૩

સુપરિન્ટેન્ડેન્ટ,

યરોડા સેન્ટ્રલ જેલ,

સાહેબ,

આપે કૃપા કરીને આજે મને કહ્યું કે સરકારે મારા ગઇ ૪થી તારીખના પત્રનો જવાબ આપ્યો છે, અને મારી સ્ત્રીને જે અગવડ થઇ તે માટે સરકાર દિલગીરી જાહેર કરે છે; અને મારા પત્રના બીજા ભાગના જવાબમાં સરકારે જણાવ્યું છે કે સરકાર એક કેદીની જોડે જેલના નિયમોની સામાન્ય ચર્ચા કરવા નથી ઇચ્છતી. મારી સ્ત્રીને અગવડ થઇ એ માટે સરકારે દિલગીરી જાહેર કરી એ વાતથી હું રાજી થયો છું.

પણ સરકારના જવાબના બીજા ભાગને વિષે હું એમ કહેવામાં રજા લઉં છું કે એક કેદી તરીકે હું જેલના નિયમોની સામાન્ય ચર્ચામાં નથી ઉતરી શકતો એ વાતથી હું પૂરેપૂરો વાકેફ છું. જો સરકાર મારો ૪થી તારીખનો પત્ર ફરી વાંચી જશે તો તેમને જણાશે કે મેં નિયમોની સામાન્ય ચર્ચાની માગણી કરી જ નથી. એથી ઉલટું જે નિયમો મારા ભવિષ્યના વર્તન અને કુશળતાને જેટલે દરજ્જે લગતા છે તેટલા જ વિશિષ્ટ નિયમોને વિષે તેટલે જ દરજ્જે માહિતી મેળવવાની મેં માગણી કરી છે મારી એવી માન્યતા છે કે એક કેદી આવી માહિતી પૂછવાને અને જાણવાને હકદાર છે. જો મારે ભવિષ્યમાં મારી સ્ત્રી અને મિત્રોની મુલાકાત લેવાની હોય તો હું કોની મુલાકાત લઇ શકું જો કોની ન લઇ શકું એ વાત મારે જાણવી જોઇએ, કે જેથી નિરાશા કે અપમાન થવાનો પ્રસંગ પણ ટાળી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું મારી સ્થિતિનો ખુલાસો કરવાની હિંમત કરું છું. સદ્‌ભાગ્યે મારા એવા પુષ્કળ મિત્રો છે કે જે મને મારા સગાં જેટલા જ વહાલા છે. અને મારી સંભાળ તળે ઉછરતાં કેટલાંક બાળકો છે જે મને મારાં પોતાનાં બાળકો સમાં છે. મારા એવા સાથીઓ છે જેઓ મારી જોડે એક જ ઘરમાં રહે છે અને મને મારી અનેક બિનરાજદ્વારી પ્રવૃત્તિઓમાં મદદ કરી રહ્યા છે. એટલે વખતોવખત જે મારા એ મિત્રો, સાથીઓ અને બાળકોનીયે મુલાકાત હું નહિ લઇ શકતો હોઉં તો મારી સ્ત્રીની મુલાકાત લેતાંયે મારા અન્તરની લાગણી દુભાય. હું મારી સ્ત્રીની મુલાકાત લઉં છું તે માત્ર મારી સ્ત્રી છે એટલા વાસ્તે નહિ, પણ ખાસ કરીને તે મારી પ્રવૃત્તિઓમાં સાથી છે એટલા સારૂ.

વળી જે લોકોને હું મળવા માગું છું તે લોકોની જોડે હું મારી બિનરાજદ્વારી પ્રવૃત્તિઓ વિષે કશી વાતચીત ન કરી શકું તો તેમને મળવામાં મને કશો રસ ન જ હોય.

વળી, પંડિત મોતિલાલ નેહરૂ, હકીમ અજમલખાન તથા ભાઈ મગનલાલ ગાંધીને શા સારૂ ના પાડવામાં આવી એ વાત જાણવાની પણ મને સ્વાભાવિક ઉત્સુકતા છે. હા, જે તેમણે અસભ્ય વર્તન કર્યું હોય અથવા કોઇ રાજકીય ચર્ચા કરવાને મારી મુલાકાત લેવા ઇચ્છતા હોય અને તે માટે તેમને ના પાડવામાં આવી હોત તો હું તે જરૂર સમજી શકત. પણ જે કોઇ ખાનગી રાજકીય કારણને લીધે તેઓ બાતલ થયા હોય તો હું ઓછામાં ઓછું એટલું કરી શકું કે મારી સ્ત્રીને મળવાનો લાભ જતો કરું. સ્વમાનને વિષે હું જે વિચારો ધરાવું છું તે જો સરકારથી બની શકે તો સમજી લે અને તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદર કરે એમ હું ઇચ્છું છું.

મને કોઇની જોડે રાજકીય ચર્ચા કરવાની ઇચ્છા નથી—બહારને માટે રાજકીય સંદેશા મોકલવાની વાત તો દૂર રહી. સરકાર ઇચ્છે તે માણસને આ મુલાકાતો દરમ્યાન ચોકી કરવાને રાખી શકે છે; અને સરકારને જરૂર જણાય તો સરકારનો એક લઘુલેખક પ્રતિનિધિ રિપોર્ટ પણ ભલે લે; પણ જેલના નિયમો બહારના બીજા કોઇ કારણે મારા મિત્રો અને સગાંઓને મુલાકાત લેવા મનાઇ થાય એની સામે જો હું સાવચેત રહેવા માગું તો સરકાર મને માફ કરશે. મેં મારી સ્થિતિનું નિઃસંકોચ અને પૂરેપૂરું બ્યાન આપ્યું છે. આ પત્રવ્યવહારનો આરંભ ગયા ડિસેંબર મહિનાની ૨૦ મીએ થએલો. એટલે સરકાર આ પત્રનો સત્વર, સીધો અને ગેરમુત્સદ્દી જવાબ આપે એવો મારો આગ્રહ છે.

લિ. આપનો આજ્ઞાંકિત
મો. ક. ગાંધી,
નં ૮૨૭.

પત્ર ૧૩ મો

યરોડા સેન્ટ્રલ જેલ,
૨૩-૨-૨૩

સુપરિન્ટેન્ડેન્ટ,
યરોડા સેન્ટ્રલ જેલ,

સાહેબ,

આપે કૃપા કરીને મને જણાવ્યું છે કે ગયા મહિનાની ૪થી તારીખના મારા પત્રના જવાબમાં ઇન્સ્પેક્ટર જનરલ કહે છે કે 'વસન્ત' અને 'સમાલોચક' એ બે મા.સિકોની પરવાનગી નહિ આપી શકાય. હું જણાવવાની રજા લઉં છું કે એ પત્ર લખતા પહેલાં હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નિર્ણય જાણતો હતો. જો ઈન્સ્પેક્ટર જનરલ મહેરબાની કરીને ફરીથી એ પત્ર વંચાવી જોશે તો હું એ નિર્ણય જાણતો હતો એ વાતની તેમને ખબર પડશે; તેમને એમ પણ ખબર પડશે કે મારા પત્રમાં મેં એ પત્રોના ઇન્કારનું કારણ પૂછ્યું છે. મેં મારા પત્રમાં એમ પૂછવાની હિંમત કરી છે કે એ માસિકો વાપરવાની મનાઇ તેમાં વર્તમાન રાજદ્વારી ખબરો આવે છે એ કારણે થયેલી છે યા બીજા કોઈ કારણે. હું ફરીથી એ માગણી કરવાનું સાહસ કરું છું અને આશા રાખું છું કે સત્વર જવાબ આપી મને આભારી કરશો.

લિ. આપનો આજ્ઞાંકિત

મો. ક. ગાંધી.

પત્ર ૧૪ મો

યરોડા સેન્ટ્રલ જેલ,

૨૫-૩-૨૩

સુપરિન્ટેન્ડેન્ટ,

યરોડા સેન્ટ્રલ જેલ,

સાહેબ,

તમે કૃપા કરીને મને જણાવ્યું છે કે મારા ૨૩મી તારીખના પત્રના જવાબમાં ઈન્સ્પેક્ટર જનરલે જણાવ્યું છે કે 'વસન્ત' અને 'સમાલોચક'નો નિણય યોગ્ય અધિકારીઓ તરફથી મળેલો છે, અને મારી મુલાકાત લેવા વિષે અરજીઓના સંબંધમાં પૂછાવેલું તેના જવાબમાં તેમણે મને સરકારના પત્રનો છેલ્લો ફકરો વાંચી જવાને કહ્યું છે. ઈન્સ્પેક્ટર જનરલે જે ત્વરાથી જવાબ આપ્યો તે માટે હું તેમને ધન્યવાદ આપું છું, પણ તેમણે લીધેલા વલણથી મને ખેદ થાય છે. માસિકો વિષે નિણય આપવાની સરકારની સત્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધે મેં કદિ શંકા ઉઠાવી જ નહોતી. તેમણે સરકારના કાગળનો જે ફકરો મને વાંચવાને કહ્યો છે તેનાથી મને જરા પણ મદદ થઇ શકે એમ નથી. એમાં કહેલું છે કે તમે કેદીઓની જોડે જેલના નિયમોની સામાન્ય ચર્ચામાં નથી ઉતરી શકતા. મેં ઇન્સ્પેકટર જનરલને મારી જોડે એવી ચર્ચામાં ઉતરવાને કહ્યું જ નથી. મેં તો માત્ર એમણે કરેલા નિર્ણયનાં કારણો માગ્યાં છે. હું એમને યાદ દેવડાવું છું કે તેઓ પોતે જ્યારે સુપરિન્ટેન્ડન્ટ હતા, અને મારી વતી સરકારની પાસે તેમણે 'મોડર્ન રિવ્યુ'ની માગણી કરી હતી, ત્યારે સરકારે તેનો ઇન્કાર કરવાનાં કારણો આપ્યાં હતાં. મારી એવી ધારણા છે કે આ બાબતમાં અને તે વખતની બાબતમાં જરા પણ ફરક નથી.

ઉપરાંત ઇન્સ્પેકટર જનરલની મારી જોડે જે વાતો થઇ છે તે ઉપરથી તેઓ જાણે છે કે સામયિક પત્રોની બન્ધીને હું ન્યાયાધીશે મને જે સજા કરી તેના ઉપરાંત થતી સજા માનું છું. મારી દૃઢ માન્યતા છે કે દરેક બાબતમાં માણસ તેને યોગ્ય અધિકારીઓ તરફથી થતી સજાઓનાં કારણ જાણવાને હકદાર છે.

હું ઇન્સ્પેકટર જનરલને વિનયપૂર્વક જણાવવાની રજા લઉં છું કે સરકાર અમુક કેદી સાથે જો બેદરકારીભરી અતડાઇથી વર્તે તો તેમને તેમ કરવાનો અધિકાર પ્રાપ્ત નથી થતો. તેઓ જ્યારે સુપરિન્ટેન્ડન્ટ હતા ત્યારે તેમણે પોતાને વિષે મારા પર એવી છાપ પાડેલી કે, જેલના સુપરિન્ટેન્ડન્ટ તરીકે જેલના નિયમોનું પૂરેપૂરું પાલન કરાવવું એને જેમ તેઓ પોતાની ફરજ સમજતા હતા તેમ કેદીઓના જે કાંઇ જરૂરના અધિકાર છે તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષણ કરવું એને પણ તેઓ એટલી જ મોટી ફરજ ગણતા હતા. તેમના કહેવા પરથી મેં તેમને વિષે એવો અભિપ્રાય બાંધેલો કે તેઓ પોતાને સુપરિન્ટેન્ડેન્ટ તરીકે તેમની સંભાળ હેઠળ રાખેલા કેદીઓના ખરૂં જોતાં વાલી માનતા હતા. જો આ વાત સાચી હોય તો હું એમ માની લઉં છું કે ઇન્સ્પેકટર જનરલ કેદીઓના વડા વાલી છે અને તેથી કેદીઓ તેમની પાસે એવી આશા રાખે છે કે જ્યારે સરકાર તેમના યોગ્ય અધિકારોની અવગણના કરે ત્યારે તેઓ તેમની વતી સરકારને આગ્રહ કરી એ અધિકારો તેમને અપાવશે. અને કેદી તેમની પાસે એમ પણ અપેક્ષા રાખે છે કે તેની આજ્ઞળી પૂછપરછને તેઓ ટાળે નહિ પણ બનતો પ્રયાસ કરી તેનો યોગ્ય ખુલાસો આપે.

આ પત્રવ્યવહાર ચલાવવામાં મને કંઈ ભ્રમ ન હોય. પણ યોગ્ય હો યા અયોગ્ય, મારી એવી માન્યતા છે કે કેદી તરીકે પણ મને કેટલાક અધિકારો છે—દાખલા તરીકે શુદ્ધ હવા, પાણી, આહાર અને વસ્ત્ર મેળવવાનો અધિકાર. એ જ રીતે હું જેને ટેવાએલો છું એવો માનસિક ખોરાક મેળવવાનો પણ મારો હક છે. હું કશી મહેરબાનીની નથી માગતો, અને ઇન્સ્પેકટર જનરલને જો એમ લાગતું હોય કે કોઈપણ વસ્તુ અથવા સગવડ મહેરબાનીની રાહે મને આપવામાં આવી છે તો તે પાછી ખેંચી લેવામાં આવે એમ હું માગું છું. પણ સામયિક પત્રો મને મળે એ વિષયને હું સ્વચ્છ ખોરાકના હક જેટલો જ મહત્વનો માનું છું. તેથી હું તેમને વિનયપૂર્વક કહું છું કે તેમના નિર્ણયનાં કારણો જાણવા માટે મેં જે અરજી કરી છે તેની તેમણે અવગણના ન કરવી—જે અવગણના કમનસી આજ સુધીના તેમના કાગળોમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાઇ આવે છે.

લિ. આપનો આજ્ઞાંકિત

મો. ક. ગાંધી

[ઇન્સ્પેક્ટર જનરલ કર્નલ ડેલઝીલે આખરે જવાબ આપવાની મહેરબાની કરી કે એ ચુકાદો ઉપરી અધિકારીઓ તરફથી અપાએલો હતો.

મો. ક. ગાંધી]

પત્ર ૧૫મો

યરોડા સેન્ટ્રલ જેલ,

૧૬-૪-૨૩

સુપરિન્ટેન્ડન્ટ,

યરોડા સેન્ટ્રલ જેલ,

સાહેબ,

મારો સૌથી નહાનો પુત્ર મારી મુલાકાત લેવા આજે આવેલો છે, તેથી મારી મુલાકાતો વિષેના નિયમોને લગતો ૨૩મી ફેબ્રુઆરીએ મેં સરકારને જે પત્ર લખેલો તેનો શો જવાબ આવ્યો છે તે જો બની શકે તો હું જાણવા માગું છું. મારા એ પત્ર પ્રમાણે હું મારા પુત્રની મુલાકાત લઇ શકું કે નહિ તે મને એ જવાબ પરથી જણાશે કારણ કે તમે જાણો છો કે આજે મારો મૌન વાર છે. મારું મૌન બપોરે ૨ વાગે છૂટે છે.

લિ. આપનો આજ્ઞાંકિત

મો. ક. ગાંધી

[પત્રવ્યવહારનું પરિણામ એ આવ્યું કે આખરે સરકારે ઉપર કહેલી મુલાકાતો અટકાવવાનાં કારણો આપ્યાં—તે એ કે પ્રજાના હિતને અર્થે એ મુલાકાતો અટકાવવામાં આવેલી. પણ ભવિષ્યમાં જો મારે ખાસ કોઇ માણસને મળવું હોય તો સુપરિન્ટેન્ડેન્ટે એ માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા માણસોનાં નામ સરકારને મોકલવાં. હું એમ પણ કહી દઉં કે મને મળવા ઇચ્છનાર દરેકે દરેક જણનું નામ છેલ્લી ઘડી સુધી સરકારને મોકલવું પડતું. સરકારે જાહેર કર્યા છતાં, હું અને મારા વૉર્ડમાં રહેનારા કેદીઓની બાબતમાં મુલાકાત લેનારાઓને રજા આપવાનો સુપરિન્ટેન્ડેન્ટને કશો અધિકાર ન' હતો; જ્યારે બીજા બધા કેદીઓની બાબતમાં તેને એ અધિકાર હતો.

મો. ક. ગાંધી]

પત્ર ૧૬મો

યરોડા સેન્ટ્રલ જેલ,
૧-૫-૨૩

સુપરિન્ટેન્ડેન્ટ,

યરોડા સેન્ટ્રલ જેલ,

સાહેબ,

આપે મને કેટલાક સાદી કેદવાળા કેદીઓને ખાસ વર્ગમાં મૂકવા માટેનો કાયદો બતાવવાની કૃપા કરી છે અને મને પણ એ વિભાગમાં મૂકવામાં આવ્યો છે એમ જણાવ્યું છે. મારી દૃષ્ટિએ કેટલાક સખત કેદવાળા કેદીઓ—દાખલા તરીકે શ્રી. કૌજલગી, જેરામદાસ અને ભણસાળી જેવા છે જેઓ મારા કરતાં જરા પણ વધારે ગુન્હેગાર નથી, જેઓ કદાચ બહાર મારા કરતાં વધારે ઉંચો દરજ્જો ભોગવનારા હશે અને જેઓ વર્ષો થયાં મારા કરતાં વધારે આરામમાં જીવન ગાળી રહ્યા છે. તેવા કેદીઓને ખાસ વિભાગમાંથી બાતલ કરવામાં આવેલા હોવાથી, હું કેટલાક નિયમોનો લાભ ઉઠાવવાની ઇચ્છા રાખતો છતાં તેનો લાભ નથી ઉઠાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતો; અને આસ વર્ગમાંથી મારૂં નામ કાઢી નાખવામાં આવશે તો મને ઘણો આનંદ થશે.

લિ. આપનો આજ્ઞાંકિત

મો. ક. ગાંધી

નં. ૮૨૭.

પત્ર ૧૭ મો

યરોડા સેંટ્રલ જેલ,

૨૮ મી જુન, ૨૩.

સુપરિન્ટેન્ડેન્ટ,

યરોડા સેન્ટ્રલ જેલ.

સાહેબ,

આજે સવારે મેં સાંભળ્યું કે છ મૂળશી પેટા-કેદીઓને ઓછું કામ કરવા માટે ફટકા મારવામાં આવ્યા હતા. થોડા દિવસ ઉપર મેં સાંભળ્યું હતું કે આમાંના જ એક કેદીને એ જ 'ગુન્હા'ને માટે ફટકા મારવામાં આવ્યા હતા. આજની ખબરથી મને અત્યંત ક્ષોભ થયો છે; અને એ સંબંધે મારે કાંઇક કર્યા વિના ન જ ચાલે એવું મને લાગે છે. પણ હું કાંઈ ઉતાવળું પગલું લેવા નથી ઇચ્છતો. અને હું કાંઇપણ કરૂં તે પહેલાં એ લોકોને જે સજા થઇ છે તે વિષે સાચી હકીકત મારે મેળવવી જોઇએ, એટલી તો તમારા પ્રત્યે મારી ફરજ છે. એટલે આથી એ હકીકત જાણવાની હું માગણી કરૂં છું.

હું જાણું છું કે આવી ખબર મેળવવાનો કેદી તરીકે મને જરાય અધિકાર નથી, પણ હું માણસ તરીકે, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એક જાહેરસેવક તરીકે એ માગણી કરવા હિંમત ધરૂં છું.

લિ. આપનો આજ્ઞાંકિત
મો૦ ક૦ ગાંધી,
નં. ૮૨૭.

પત્ર ૧૮ મો

યરોડા સેંટ્રલ જેલ,
૨૯મી જૂન' ૨૩

સુપરિન્ટેન્ડેન્ટ,
યરોડા સેન્ટ્રલ જેલ.

સાહેબ,

કેટલાએક મૂળશી પેટાવાળા કેદીઓને ફટકા મારવામાં આવેલા તે વિષે ગઇ કાલના મારા પત્રના સંબંધમાં આપે અને ઇન્સ્પેકટર જનરલે મને સજાના કારણની પૂરેપૂરી ખબર આપી છે તે માટે હું આપ બંનેનો આભારી છું.

તમને યાદ હશે કે જ્યારે કેટલાક મહિના ઉપર આ જ પ્રમાણેની સજા કેટલાક મૂળશી પેટાવાળા કેદીઓને કરવામાં આવી હતી ત્યારે તે સૌ કેદીઓને જેલના નિયમ પાળવાનું સમજાવવાને માટે મને મળવા દેવામાં આવે એવી મેં સરકારને વિનંતિ કરી હતી. સરકારે મારી માગણી માટે આભા માન્યો હતો, પણ તે સ્વીકારવાની ના પાડી હતી. મેં મારી માગણી વિષે વધુ આગ્રહ ધરેલો નહિ, તે બીજા કોઈ નહિ તો એટલા જ કારણે કે આવા કેદીઓને ફટકા મારવાનો ફરી પ્રસંગ ઉભો નહિ થાય એવી મેં આશા રાખી હતી. પણ મારી આશા નિષ્ફળ નીવડી છે, અને ત્યાર પછી તો અનેકવાર ફટકાની સજા કરવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું માનું છું કે જો સદરહુ કેદીઓને મને મળવા દેવામાં આવે તો તેમની કેદનો ખરો ખ્યાલ હું તેમને આપી શકું, અને કામ ચોરવાનું અથવા તો હુકમની અવગણના કરવાનું જે તેમને વિષે કહેવામાં આવે છે તે ન કરવાનું હું તેમને સમજાવી શકું. આવી રીતે વખતોવખત હું તેમને સલાહ આપી શકું તે ખાતર મને તેમની સાથે રાખો એવી હું માગણી કરું છું. જો આમ ન થઈ શકે તો તે કેદીઓને જેટલીવાર મળવાની જરૂર પડે તેટલીવાર મળવાની મને રજા આપવામાં આવે એમ હું માગું.

કેદી તરીકે મારાથી આવી રજા ન મગાય, અને મને ન આપવામાં આવે એ હું જાણું છું, પણ હું મનુષ્યને નાતે અને દયાધર્મથી પ્રેરાઇને એ રજા માગું છું.

મને ખાતરી છે કે કોઇપણ કેદીને જો ફટકાની સજા કર્યા વિના ચલાવી લેવાનું હોય તોપણ સરકાર તે સજા કરવાની ઇચ્છા રાખે છે એવું નથી જ; અને કોઇ કેદીના સંબંધમાં એમ હોય તો પણ ખાસ કરીને જે સાચી કે ખોટી રીતે પોતાને પોતાના અંતરાત્માના આદેશની ખાતર કેદ થયેલો સમજે છે તેવાને તો તેવી સજા કરવા ન જ ઇચ્છે. આ ફટકાની સજાથી મને અતિશય દુઃખ થાય છે; ખાસ કરીને મને જો તે કેદીઓ સાથે રહેવા દેવામાં આવે તો તો એ સજા થવાનું ન જ બને એમ હું માનું છું. એટલે વધારે દુઃખ થાય છે એમ હું કહું તો મને આશા છે કે સરકાર મારા કહેવાની કદર કરશે.

મારો આ પત્ર જે વૃત્તિથી લખવામાં આવ્યો છે તેવી વૃત્તિ સરકાર પણ બતાવે, અને મારી સેવા કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગણી અસ્વીકાર કરીને મને કશું પગલું લેવાની અણગમતી ફરજ ન પાડે એવો વિશ્વાસ રાખવાની હું હિંમત ધરું છું. વળી મારું એવું પગલું, મારી ઈચ્છા ન છતાં પણ, સરકારને મૂંઝવનારું થઇ પડે એવો પણ સંભવ રહ્યો; અને હું કેદ ભોગવતો હોઉં તે દરમ્યાન જે પગલું લીધા વિના હું ચલાવી શકું એવું કાંઈપણ પગલું લઇ સરકારને મૂંઝવવાનો તો મારો હેતુ નથી જ.

આ બાબતમાં કેટલાક કેદીઓ ઉપવાસ કરી રહ્યા છે એ વાત ધ્યાનમાં લઇ આનો જેમ બને તેમ જલદી જવાબ મળે એમ હું ઇચ્છું છું.

લિ. આપનો આજ્ઞાંકિત,
મો૦ ક૦ ગાંધી,
કેદી નં. ૮૨૭

[આ બાબતમાં થયેલો વધુ પત્રવ્યવહાર હું કેટલાંક કારણોને લીધે પ્રસિદ્ધ કરી શકતો નથી—જે કારણો પણ આ સ્થળે હું જણાવવા માગતો નથી. પણ હું એટલું કહી દઉં કે જેલના સુપરિન્ટેન્ડન્ટની અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલની રૂબરૂમાં બે મુખ્ય ઉપવાસ કરનારાઓને મને મળવા દેવામાં આવ્યો હતો. પરિણામ એ આવેલું કે તે બંને ભાઇઓ—ભાઇ દાસ્તાને અને દેવ—મેં જે નીતિની દલીલ કરી તે સમજી ગયેલા અને તેમણે તરત જ પોતાનો લાંબો ઉપવાસ તોડેલો. ફટકા મારવાનું કારણ તપાસીને સરકારે એવા હુકમ કાઢ્યા હતા કે જેલ અમલદારો ઉપર કેદીઓ હુમલા કરે અથવા તેવા કાંઈ વલાંવ કરે તે સિવાયને કોઇપણ પ્રસંગે, જેલ સુપરિન્ટેન્ડેન્ટે સરકારની અગાઉથી પરવાનગી લીધા વિના, કદિ ફટકાની સજા ન કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા જાણવામાં આવ્યું છે કે તે વેળાના સુપરિન્ટેન્ડેન્ટ મેજર વિલ્ટવર્થ જેન્સના વર્તનના સંબંધમાં ઘણી વધારે પડતી વાતો ફેલાવવામાં આવી હતી, અને તેને નિર્દય સુપરિન્ટેન્ડેન્ટ તરીકે વર્ણવવામાં આવ્યો હતો, તથા તેનું વર્તન અમાનુષી તરીકે વર્ણવવામાં આવ્યું હતું. મારા મત પ્રમાણે ફટકાની સજા કરવામાં આવી એ તેના નિર્ણયની ગંભીર ભૂલ હતી, પણ ભૂલ કરતાં વધારે તો તે નહોતી જ. મેજર જેન્સ ઘણીવાર ઉતાવળ કરતો, પણ મારી જાણ પ્રમાણે હૃદયશૂન્ય કદિ નહોતો. ઉલટો, મને તેનો અનુભવ થયો છે તે પ્રમાણે, અને બીજા જે કેદીઓના સંબંધમાં હું આવ્યો છું તેમની પાસે મેં સાંભળ્યું છે તે પ્રમાણે તો તે બહુ સહૃદય સુપરિન્ટેન્ડન્ટ હતો, અને કેદીઓનું સાંભળવાને હમેશાં રાજી, તથા પોતાના હાથ નીચેના જે માણસો કેદીઓની કોઇપણ રીતે કનડગત કરે તેમની પાકી ખબર લેવાને તત્પર રહેતો એમ હું માનું છું. તે હમેશાં પોતાની ભૂલો કબૂલ કરવાને માટે તૈયાર હતો—જે ગુણ તો અમલદારમાં વિરલ છે. આ ગુણો છતાં તે નિયમાગ્રહી હતો, અને ઉતાવળીઓ નિયમાગ્રહી ઘણીવાર ભૂલો કરવાનો જ. સત્યાગ્રહીઓને બેવાર ફટકાની સજા કરેલી તે આવી ભૂલો જ હતી. એ ભૂલો બુદ્ધિની હતી, હૃદયની નહોતી. સાચી વાત તો એ છે કે વિવેક વિના ફટકા મારવાની સત્તા જેલોના સુપરિન્ટેન્ડેન્ટને કદિ આપવામાં આવવી જોઈતી જ નહોતી. તે વેળાસર જ લઇ લેવામાં આવી એ ઠીક થયું. જેલના વહિવટની અને આ ફટકાની સજાની વિગતવાર સમીક્ષા તો વળી કોઇ પ્રસંગે કરીશ.

મો૦ ક૦ ગાંધી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર ૧૬ મો.

યરોડા સેન્ટ્રલ જેલ,
૧૫ મી જુલાઇ ૨૩.

નામદાર ગવર્નર સાહેબ,
મુંબઇ

સાહેબ,

ગયે સોમવારે થયેલી વાત વિષે પાછી હું ચર્ચા કરવા ઇચ્છું છું તે બદલ આપ નામદાર ક્ષમા આપશો એવી આશા છે. નિયમો ઘડવાની અને સજા ઘટાડવાની સરકારની સત્તા વિષે આપે મને જે કહ્યું હતું તે વિષે હું જેમ જેમ વધુ વિચારું છું તેમ તેમ મને લાગે છે કે આપની ભૂલ થાય છે. મારે કબૂલ કરવું જોઇએ કે ખાસ વર્ગના નિયમોની પાછળ, એવા કેદીઓને માટે ખાસ ગોઠવણ કરવાની જરૂર છે એ વાતનો શુદ્ધ સ્વીકાર નથી રહેલો, પણ લોકમતના દબાણને અનિચ્છાએ, એટલે કેવળ કાગળીઆં ઉપર, વશ થવાપણું રહેલું છે એમ જ મને લાગ્યું છે. પણ જો આપની વાત સાચી હોય કે કાયદો સજા કેદવાળાઓને ખાસ વર્ગમાં મૂકવાની અથવા કોઇ કેદીની સજા ઘટાડવાની તમને કાંઇ પણ સત્તા નથી આપતો તો મારે સરકારના કૃત્ય વિષેનો મારો વિચાર ફેરવવો જોઇએ અને તેમના હેતુઓ વિષે રહેલી મારી ભ્રમણા મારે કાઢી નાંખવી જોઇએ. અને આ નિયમો તો આપે પોતે જ ઘડ્યા છે એમ આપ કહો છો એટલે તો મારે આ બાબતમાં મારો વિચાર ખાસ બદલવો રહ્યો. નબળાઈથી કશું કરો અથવા આપની ઇચ્છા વિરૂદ્ધ લોકમતને સંતોષવા ખાતર કાંઇ કર્યું એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવા દો એવો આપ નથી એમ મેં હંમેશાં માન્યું છે. એટલે આપે સખ્ત કેદવાળાઓને ખાસ વર્ગના નિયમોના લાભથી બાતલ રાખ્યા તે કેવળ કાયદાથી આપના હાથ બંધાયલા હતા તેથી જ, એમ જો મને ખબર પડે તો હું બહુ રાજી થાઉં.

પણ આપના કાયદાના અમલદારો આપને સલાહ આપે કે આપ ધારો છો તેમ કાયદો આપના હાથ બાંધતો નથી, તો આપ નીચેની બેમાંથી એક વાત કરશો એવી મને આશા છેઃ

(૧) મને અને મારા જે સાથીઓનાં નામ મેં આપને આપ્યાં છે તેમને ખાસ વર્ગમાંથી બાતલ કરો; અથવા તો

(૨) ન્યાયની રીતે અમારા જેવી જ જીંદગીને જેઓ ટેવાયલા છે તેવા સખ્ત કેદની સજાવાળા કેદીઓને ખાસ વર્ગમાં મૂકો.

આ પત્રની સાથે સુપરિન્ટેન્ડેન્ટને લખેલો મારો ૧લી મેનો પત્ર પણ મંગાવીને આપ વાંચશો એવી મારી વિનંતી છે.

લિ.
આપનો વિશ્વાસુ સેવક
મો. ક. ગાંધી

[નામદાર ગવર્નર એકવાર જેલમાં આવ્યા, અને મારે કાંઇ કહેવું હોય તો કહેવું એવો આગ્રહ કર્યો ત્યારે ખાસ વર્ગ વિષે મારે તેમની સાથે ચર્ચા થઇ હતી અને તેને પરિણામે આ પત્ર લખવામાં આવ્યો હતો. મેં તેમને એ મતલબનું કહેલું કે મારા વિચાર પ્રમાણે ખાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગના નિયમો કેવળ શોભાના છે, અને રાજદ્વારી કેદીઓને માટે તેમની રહેણી કરણીને લીધે આવશ્યક થતી કાંઇક ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે એવી ભ્રમણા લોકોના મનમાં ઉપજાવવાને માટે જ રચાયલા છે. પણ ગવર્નરે મને ખૂબ ખાતરી આપીને કહ્યું કે કાયદા પ્રમાણે સખ્ત કેદની સજાવાળા કેદીઓને ખાસ વર્ગમાં મૂકવાની તેને જરાય સત્તા નથી. અને તેમના કાયદાના જ્ઞાનના સંગીનપણા વિષે મેં જ્યારે શંકા બતાવી ત્યારે તેણે મને કહ્યું કે 'મેં જ નિયમો ઘડ્યા છે, મને ખબર ન પડે?' આવા નિયમો કરવાનું સામાન્ય રીતે કાયદો ઘડનારા અમલદારોને સોંપવામાં આવે છે, છતાં તે પણ પોતે જ કરી લઈ લેવાનું માથે ઉઠાવનારા ગવર્નર પડયા છે એ વાતથી મને આશ્ચર્ય થયું. કાયદાનું મારું જ્ઞાન ન વપરાયાને લીધે કટાઇ ગયું છે, છતાં ગવર્નર જ્ઞાનનો આડંબર કરીને બોલતા હતા તોપણ મને એમ ન જ વસી શકયું કે કાયદા મુજબ સરકારને કેવળ સાદી કેદની સજાવાળાઓને જ ખાસ વર્ગમાં મૂકવાની સત્તા છે અને સખ્ત કેદવાળા વિષે તેમ કરવાની અને સજામાં ઘટાડો કરવાની સત્તા નથી. એટલે ઉપરનો કાગળ લખવો પડેલો. એનો ઉત્તર એ આવ્યો હતો કે કાયદા વિષે નામદાર ગવર્નરની ભૂલ થઇ હતી, અને સરકારને સદરહુ સત્તા છે. પણ તેવી રીતે ભૂલ ભાંગેલી છતાં નિયમોમાં સુધારો કરી સાદી કેદવાળા અને સખ્ત કેદવાળા બધા રાજદ્વારી કેદીઓને ખાસ વર્ગમાં મૂકવાનું તેમનાથી બની શકે એમ નથી. એટલે ખાસ વર્ગના ઠરાવો કેવળ શોભાને ખાતર હતા એવી જે મારી શંકા હતી તે, હું દિલગીર છું કે, સાચી પડી.

મો. ક. ગાંધી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર ૨૦ મો

યરોડા સેન્ટ્રલ જેલ
૬ઠ્ઠી સપ્ટેંબર ૨૩

સુપરિન્ટેન્ડેન્ટ,
યરોડા સેન્ટ્રલ જેલ

સાહેબ,

મને મળવા ઇચ્છનારા કેટલાક સજ્જનોનાં નામ મોકલવામાં આવ્યાં હતાં તેમને વિષે તમે મને ખબર આપી છે કે સરકારે હવે મને બે જ માણસોને મળવાની પરવાનગી આપવાનો ઠરાવ કર્યો છે, અને જે નામ મોકલ્યાં છે તેમાંના માત્ર નારણદાસ અને દેવદાસ ગાંધી એ બે જણા જ મને આ વખતે મળી શકે છે.

સરકારે અત્યાર સૂધી મને પાંચ મુલાકાતીઓને મળવાની રજા આપી છે અને હવે આવા હુકમ થયા એથી મને આશ્ચર્ય તો થયું. પણ એ ઠરાવને હું વધાવી લઉં છું, કારણ મારા જ વાર્ડમાં રહેનારા ભાઇ યાજ્ઞિકના હકની ઉપર એવી જ મર્યાદા નાંખવામાં આવેલી છે અને હવે હું અને તે સરખા બનીએ છીએ. મને એકલાને જ જે વિશેષ સગવડ આપવામાં આવેલી હતી તે અત્યાર અગાઉ હું છોડી દેત, પણ તેમ કરવું મને સુરુચિની વિરુદ્ધ લાગેલું.

પણ નારણદાસ અને દેવદાસ ગાંધી એ બે જ જણને રજા આપવાની વાત નથી. જો એનો અર્થ એ થતો હોય કે એવાં નિકટનાં સગાં સિવાય બીજા કોઇને હું ન જ મળી શકું તો દર ત્રણ માસે બે મુલાકાત કરવાનો મારો હમેશનો હક મારે છોડી દેવો જોઇએ. મને કેવા માણસો મળી શકે તે વાતનો તો હમેશને માટે ફડચો થઈ ગયો છે એમ મેં માનેલું. આ જ વિષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં અગાઉ જે પત્રવ્યવહાર કરેલો છે તેમાં કરેલી દલીલ ફરીવેળા કરીને સરકારને ત્રાસ આપવાની મારી જરાય ઇચ્છા નથી. હું એટલું જ કહી શકું કે સરકારને જે ત્રણ મિત્રોનાં નામ આપવામાં આવેલાં છે તે સિવા તો જેમને મળવાની મને રજા આપવામાં આવેલી તે વર્ગમાં આવે છે. અને એ મિત્રો કે જેમને હું મારા પોતાના સગા જેવા જ માનું છું તેમને હું ન મળી શકું તો મારે કોઇપણ જણને મળવાનું બંધ કરી દેવું જોઈએ.

આપે મને જે ઠરાવ જણાવ્યો છે તે ઠરાવ કરતાં સરકારે એક પખવાડિયું લગાડયું છે એમ હું જોઉં છું. હવે આ પત્રના સંબંધમાં જલદી ઠરાવ થાય એવી હું માગણી કરું?—કે જેથી મને જેઓ મળવાને ઉત્સુક હોય તેમને અને મને નાહક વસવસામાં રહેવાનું કારણ ન રહે.

લિ. આપનો વિશ્વાસુ
મો૦ ક૦ ગાંધી,
નં. ૮૨૭

પત્ર ૨૧ મો

યરોડા સેન્ટ્રલ જેલ,
૧૨મી નવેમ્બર ૧૯૨૩.

સુપરિન્ટેન્ડેન્ટ,
યરોડા સેન્ટ્રલ જેલ

સાહેબ,

ભાઇ અબદુલ ગનીને જે વેળા આપે જણાવ્યું હતું કે જેટલા ખર્ચની રજા છે તે ઉપરાંતની કિંમતનો ખોરાક જેલના નિયમો પ્રમાણે તેને ન મળી શકે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે મેં આપને જણાવ્યું હતું કે આપની આગળના સુપરિન્ટેન્ડેન્ટે મારા બધા સાથીઓને અને મને પોતપોતાનો ખોરાક ગોઠવી લેવાની પરવાનગી આપી હતી. મેં આપને એમ પણ જણાવ્યું હતું કે ભાઇ અબદુલ ગનીને જે સગવડ નથી મળી શકતી તે સગવડ ભોગવવી મને ઠીક નથી લાગતી, એટલે મારો ખોરાક પણ ઓછો કરી ભાઇ અબદુલ ગનીને જે ધોરણે ખોરાક આપવામાં આવતો હોય તે જ ધોરણ મુજબ મને ખોરાક આપતા જશો. આપે ભલમનસાઇથી સૂચના કરી હતી કે હાલ તુરત તો મારે ચાલુ ખોરાક લેવો અને થોડા વખતમાં જેલના ઈન્સ્પેક્ટર જનરલ આવવાના છે તેની સાથે મારે એ બાબત ચર્ચા કરી લેવી. હવે એ વાતને ૧૦ દિવસ થઇ ગયા. ને મારે મારા મનની શાંતિ જાળવવી હોય તો મને લાગે છે કે હવે વધુ રાહ જોયા વિના મારે મારા ઠરાવનો અમલ કરવો જોઇએ, અને ગમે તેમ હોય તોયે ઇન્સ્પેક્ટર જનરલની સાથે મારે તો કશી ચર્ચા કરવા જેવું છે જ નહિ. ભાઈ અબદુલ ગનીના સંબંધમાં કરેલા આપના ઠરાવ વિરુદ્ધ મારે કાંઇ તેમની આગળ ફરિયાદ તો કરવાની જ નથી. મારા સાથીને મદદ કરવાની આપની ઇચ્છા હોય તોપણ તેમ કરવાની આપની સત્તા નથી એ હું સમજું છું. તેમજ મારો ઇરાદો નથી કે ખોરાક સંબંધી જેલના નિયમોમાં કાંઇ ફેરફાર કરાવવો જોઇએ. મને જે ખાસ સગવડો મળે છે તે છોડી દેવાની જ માત્ર મારી ઇચ્છા છે. તમે ભલમનસાઇથી એમ પણ જણાવ્યું હતું કે મારો ખોરાક કદાચ આપની આગળના સુપરિન્ટેન્ડેન્ટે વૈદ્યકીય કારણે ઠરાવ્યો હશે પણ હકીકતમાં મને ખબર છે કે એ વાત બરોબર નથી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ મારો ખોરાક તો હું જેલમાં આવ્યો ત્યારથી જ લગભગ આવો ને આવો જ રહ્યો છે; અને ખાસ મુદ્દાની વાત તો એ છે કે મારા સાથીઓને અને મને, હું આગળ જણાવી ગયો તે પ્રમાણે, ખર્ચનો વિચાર કર્યા વિના પોતપોતાના ખોરાક ઇચ્છા મુજબ ગોઠવી લેવાની અત્યાર સુધી પરવાનગી હતી.

એટલે આવતા બુધવારથી મારાં નારંગી અને દરાખ લેવાં હું બંધ કરવાનો છું. તો પણ ઠરાવેલા ધોરણ કરતાં મારો ખોરાક વધશે. મને ચાર રતલ બકરીના દૂધની જરૂર છે કે કેમ તેની મને ખબર નથી, પણ તમે જો મને મારો ખોરાક ઠરાવેલા ધોરણ પ્રમાણે થઇ જાય ત્યાં સુધી તેને ઓછો કરવામાં મદદ નહિ કરો તો મારે માટે ચાર રતલ દૂધ અને બે ખાટાં લીંબુ લેવાનું, મારી ઇચ્છા વિરુદ્ધ, ચાલુ રાખવું પડશે.

આપને ખાતરી આપવાની ભાગ્યે જ જરૂર હોય કે મારો ખોરાક હું ઓછો કરવા ધારું છું તે કાંઇ ચીડાઇને તો નહિ જ. ભાઇ અબદુલ ગનીને વિષે આપે કરેલો ઠરાવ હું બરોબર સમજી શકું છું. હું તો આ ફેરફાર કેવળ મારા ચિત્તની શાંતિને ખાતર જ કરવા ધારું છું, અને આમાં હું આપની દિલસોજી અને સંમતિ ચાહું છું.

લિ. આપનો આજ્ઞાંકિત
મો૦ ક૦ ગાંધી,

નં. ૮૨૭.

[આ પત્રનો વધારાપડતો અર્થ કોઇ ન કરે એવી હું વાચકને ચેતવણી આપું છું. માત્ર આ પત્રમાં લખેલો કિસ્સો સમજાવવાને માટે જ આ પત્ર પ્રસિદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો છે, કારણ એ વિષે ઘણી વાતો અને તર્કવિતર્ક થયા છે. અને ફળનો ત્યાગ કરવાથી મારી તબીઅત જલદી લથડી એમ કહેવામાં આવે છે, એટલે મારે સ્પષ્ટ કરી દેવું જોઇએ કે મેં ફળ તજ્યાં તે સુપરિન્ટેન્ડેન્ટે ભાઇ અબદુલ ગનીની માગણી ન સ્વીકારી તેના પ્રતિવાદમાં નહોતાં તજ્યાં. વળી ભાઇ અબદુલ ગનીને ખાસ વર્ગના નિયમો પ્રમાણે ફળ અને બીજું જે જોઇએ તે બહારથી મંગાવવાનો હક હતો. પણ તેણે, ભાઇ યાજ્ઞિકે અને મેં એવો ઠરાવ કર્યો હતો કે બહારથી કાંઇપણ મંગાવવું બરોબર નથી. એટલે મેં જે ત્યાગ કર્યો અને તેનું પરિણામ આવ્યું તે માટે અમલદારોને કશો દોષ ન દઇ શકાય. સુપરિન્ટેન્ડેન્ટે અને જેલોના ઇન્સ્પેકટર જનરલે મને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો કે મારે મારો ઠરાવ અમલમાં ન મૂકવો. એથી ગંભીર પરિણામ આવશે એવી પણ તેમણે મને ચેતવણી આપી હતી, પણ મારા ચિત્તની શાંતિને ખાતર મારે એ જોખમ વહોરવું પડયું. અને આટલી ગંભીર માંદગી ભોગવ્યા પછી પણ મેં જે પગલું લીધું હતું તેને માટે મને જરાય ખેદ નથી થતો.

ભાઇ ગનીએ પોતાનો ખોરાક બદલવાની માગણી કરી તે માટે પણ વાચક તેને કાંઇપણ દોષ ન દે એમ ઇચ્છું છું. તેણે તે માગણી મારી સાથે સારી રીતે મસલત કરીને જ કરેલી અને મેં તેને એ માગણી કરવા દીધી કારણ સુપરિન્ટેન્ડેન્ટને નિયમો મુજબ એ ફેરફાર કરવા દેવાનો અધિકાર નથી એની મને તે વેળા ખબર ન હતી. આ માનવાની મેં ભૂલ કરી તેનું કારણ તો મેં પત્રમાં જણાવ્યું છે તેમ ભાઇ યાજ્ઞિક અને બીજા કેદીઓને આગલા સુપરિન્ટેન્ડેન્ટે વખતો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત ખોરાક બદલવા દીધો હતો એ હતું. ભાઇ અબદુલ ગનીને તેમ કરવાની પરવાનગી ન મળી ત્યાર પછી ફળનો ત્યાગ કરવાનો મેં નિશ્ચય કર્યો ત્યારે એ ભાઇએ મને તેમ ન કરવાનું સમજાવવામાં કશી બાકી નથી રાખી. પણ ફળ વિના હું જીવી ન જ શકું એવી મારી સ્પષ્ટ ખાત્રી ન થાય ત્યાં સુધી એ અખતરો કરવાનું છોડી દેવાનું મારાથી બને તેમ નહોતું.

મો. ક. ગાંધી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar